

## પરમાણુ ઉર્જા સહિતના મુદ્દે વડાપ્રધાન મોદી અને મૈક્રોં વચ્ચે થઈ વાતચીત

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



## માઘ પૂર્ણિમાએ 1.30 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી

PAGE NO. 15

FRIDAY, 14 FEBRUARY, 2025 Vol. 23, No. 07 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### દુનિયાની આશા ઠગારી : ટ્રમ્પે વૈશ્વિક અર્થતંત્રને હચમચાવતા રેસિપ્રોકલ ટેરિફ ઓર્ડર ઉપર સહી કરી

# જેટલો ટેરિફ વસૂલો છો, એટલા ચૂકવો : ડોનાલ્ડ ટ્રમ્પ

## રેસિપ્રોકલ ટેરિફનો તાત્કાલિક અસરથી અમલ નહીં થાય, દરેક દેશને વાટાઘાટ કરવા માટે સમય મળશે

**વોશિંગ્ટન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની બેઠક અગાઉ અમેરિકન પ્રમખ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ અંગેની રણનીતિ જાહેર કરીને વિશ્વભરને ચોંકાવી દીધું હતુ. ટ્રમ્પે વૈશ્વિક અર્થતંત્રને હચમચાવતા રેસિપ્રોકલ ટેરિફ ઓર્ડર પર સહી કરી દીધા બાદ જણાવ્યું હતું કે, રેસિપ્રોકલ ટેરિફ તાત્કાલિક અસરથી અમલી નહીં બને. દરેક દેશને વાટાઘાટ કરવા માટે સમય મળશે. આ ટેરિફ દરેક દેશ માટે અલગ હશે. આ ટેરિફ બીજી એપ્રિલથી અમલમાં આવશે. જો કે, નવા ટેરિફ દર જાહેર કરાયા ન હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે, 'આગામી દિવસોમાં ફાર્મા, કર અને હાઈટેક ચિપસેટ ઉપર પણ ટેરિફ લાદવામાં આવશે. જે દેશ આ નવા ટેરિફ માટે મંત્રણા વાટાઘાટ કરવા તૈયાર હશે, તેની સાથે અમે ચર્ચા કરવા તૈયાર છીએ તેમજ જે દેશ ટેરિફ ઘટાડશે તેના પરનો ટેરિફમાં અમે પણ કાપ મૂકીશું.' વેપારના મામલે મેં નિષ્પક્ષતા સાથે નિર્ણય લીધો છે. અમે પરસ્પર ટેરિફ લાગુ કરીશું, જેનો મતલબ છે કે જે પણ દેશ અમેરિકા પાસેથી ટેક્સ વસૂલે છે, અમે પણ તેના પર ટેક્સ લગાવીશું. ન વધુ અને ન ઓછો. તેઓ અમારી પાસેથી ટેક્સ વસૂલે છે, તો અમે પણ તેના પર સમાન ટેક્સ અને ટેરિફ લાવીશું. ટ્રમ્પે કહ્યું કે, 'વેપારના કિસ્સાઓમાં ક્યારેક અમેરિકાના સાથીઓ દુશ્મનો કરતાં પણ વધારે ખરાબ પુરવાર થતાં હોય છે. ભારત દુનિયાના સૌથી વધુ ટેરિફ લગાવનારા દેશોમાંથી એક છે.



### વડાપ્રધાન મોદીની એલોન મસ્ક અને માઈકલ વોલ્ટ્ઝે સાથે બેઠક

અમેરિકાની મુલાકાતે આવેલા વડાપ્રધાન મોદીએ ઉદ્યોગપતિ અને ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક અને અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝે સાથે મુલાકાત કરી હતી. મસ્ક પોતાના આખા પરિવાર સાથે મોદીને મળવા આવ્યા હતા. મુલાકાત દરમિયાન બંને વચ્ચે ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતમાં સ્ટારલિંકનો વ્યવસાય શરૂ કરવા અંગે પણ ચર્ચા થઈ છે. અહેવાલ મુજબ સ્ટારલિંક ટૂંક સમયમાં ભારતમાં તેની બ્રોડબેન્ડ સેવા શરૂ કરી શકે છે. આ પહેલા, અમેરિકન નેતાઓ અને અધિકારીઓ તેમને મળવા પહોંચી ગયા હતા. તેમની સાથે તેમની પત્ની અને ત્રણ બાળકો પણ હતા. મસ્કે પીએમ મોદી સાથે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન વિદેશ મંત્રી જયશંકર, NSA અજિત ડોભાલ અને અન્ય લોકો પણ હાજર હતા.

# ભારત અને અમેરિકા હંમેશા માટે મિત્ર બન્યા રહેશે : ડોનાલ્ડ ટ્રમ્પ

### ભારત અને અમેરિકાની ભાગીદારીથી માનવતાને લાભ : મોદી

**વોશીંગ્ટન**



અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૉશિંગ્ટન ડીસી ખાતે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાઈ હતી. જેમાં બંને નેતાઓ વચ્ચે અનેક વિષયો પર વિસ્તૃત વાતચીત થઈ હતી. બેઠક યોજાયા બાદ જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે, 'અમારા સંબંધ ખુબ મજબૂત છે અને વડાપ્રધાન મોદી મારા મિત્ર છે.

ભારત અમારી પાસેથી ઓઈલ અને ગેસ ખરીદશે. અમે વ્યાપારમાં આગળ વધીશું. મોદી શાનદાર કામ કરી રહ્યા છે, તેઓ એક મહાન નેતા છે. ભારત-અમેરિકા હંમેશા મિત્ર બન્યા રહેશે. જો કે ચીન અંગેનો સવાલ પુછાતા જ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતુ કે, 'અમે કોઈપણને માત આપી શકીએ છીએ, પરંતુ અમે કોઈને માત આપવા અંગે નથી વિચારતા, અમે સારું કામ કરી રહ્યા હતા, પરંતુ અમને રોકી દેવાયા હતા.

આ તકે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત અને અમેરિકાની ભાગીદારીથી માનવતાને લાભ થશે. ટ્રમ્પ અમને અમેરિકા ગ્રેટ અગેઈનની યાદ અપાવે છે, એ જ રીતે 2047 સુધીમાં ભારતને એક વિકસિત દેશ બનાવવો 1.4 અરબ ભારતીયોની આશા અને સંકલ્પ છે. અમારા મળવાનો મતલબ એક ઓર એક 11 છે. જે માનવતા માટે મળીને કામ કરશે.

# ડિપોર્ટ નાગરિકો સાથે બીજી ફ્લાઈટ ભારત આવશે

**વોશિંગ્ટન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે મહત્ત્વપૂર્ણ વાતચીત કરવા માટે બે દિવસીય યાત્રા વૉશિંગ્ટન પહોંચી ચૂક્યા છે. આ તમામ વચ્ચે અમેરિકામાં રહેતા ગેરકાયદે અપ્રવાસી ભારતીયોને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જણાવાય રહ્યું છે કે, ગેરકાયદે ભારતીયોને લઈને બીજી ફ્લાઈટ 16 અથવા 17 ફેબ્રુઆરીએ ભારત આવશે. અમેરિકાની સત્તામાં ફરીથી આવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કેટલાક મહત્ત્વના નિર્ણય લીધા છે. જે હેઠળ 5 ફેબ્રુઆરી, 2025ના રોજ અમેરિકન સૈન્ય વિમાન C-17 દ્વારા 104 ભારતીય અપ્રવાસીઓને પરત ભારત મોકલવામાં આવ્યા હતા. આ તે લોકો હતા, જે લાખો રૂપિયા ખર્ચીને ડંકી રૂટ અથવા અન્ય ગેરકાયદે રીતે અમેરિકામાં ઘુસ્યા અને ગત કેટલાક વર્ષોથી ત્યાં રહેતા હતા. હવે યુએસના ટ્રમ્પના શાસનમાં ઘૂસણખોરો પર તવાઈ આવી રહી છે. જેને કારણે ત્યાં ગેરકાયદે વસવાટ કરતા ભારતીયોને શોધીને પરત મોકલવામાં આવ્યા છે. આગામી 16 કે 17 તારીખે વધુ એક પ્લેન ભારત મોકલવાની તૈયારી ચાલી રહી છે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા લોકોને રવાના કરવામાં આવનાર છે.












# ટોરોન્ટોમાં પ્રોપર્ટી ટેક્સમાં વધારા સાથે બજેટને અંતિમ સ્વરૂપ

## બજેટ પર આખો દિવસ ચર્ચા કર્યા પછી 19થી 5 મતે દરખાસ્ત મજૂર થઈ : ટેક્સમાં 6.9 ટકાનો વધારો

ટોરોન્ટો : ટોરોન્ટો કાઉન્સિલે મંગળવારે એક ખાસ બેઠકમાં આ વર્ષના શહેરના બજેટને અંતિમ સ્વરૂપ આપ્યું હતુ. મેયર ઓલિવિયા ચાઉના પ્રસ્તાવિત બજેટ પર આખો દિવસ ચર્ચા કર્યા પછી 19થી 5 મતે બજેટમમા રજૂ થયેલી પ્રોપર્ટી ટેક્સ દરમાં વધારાની દરખાસ્તને કાઉન્સિલે મંજૂરી આપી દીધી હતી. જેમાં 6.9 ટકા પ્રોપર્ટી ટેક્સ વધારાનો સમાવેશ થાય છે. કાઉન્સિલરો બ્રેડ બ્રેડફોર્ડ, જોન બર્નસાઈડ, સ્ટીફન હોલીડે, જેમ્સ પેસ્ટર્નક અને એન્થોની પેરુઝાએ દરોની વિરુદ્ધ મતદાન કર્યું હતુ.



18.8 બિલિયન ડોલરના ઓપરેટિંગ બજેટમાં રોજિંદા ખર્ચને આવરી લેવાયો છે, તેમાં ટ્રાન્ઝિટ, પોલીસ, પુસ્તકાલયો અને સસ્તું રહેઠાણ જેવા ક્ષેત્રો માટે વધારાનું ભંડોળ શામેલ છે. $ 59.6 બિલિયન 10-વર્ષનું મૂડી બજેટ, જે શહેરના રસ્તાઓ, ઈમારતો અને અન્ય માળખાગત સુવિધાઓ માટે ચૂકવણી કરે છે, તે શહેરની વધતી જતી સારી સમારકામની સ્થિતિને પહોંચી વળવા માટે પણ નોંધપાત્ર રોકાણ કરે છે.

ઘણા લાંબા સમયથી ટોરોન્ટોમાં રહેવું ખરેખર મુશ્કેલ બની ગયું છે, ચાઉએ મંગળવારે કાઉન્સિલની બેઠક પહેલાં પત્રકારોને જણાવ્યું "ભાડું ખૂબ મોંઘુ છે, સબવે વારંવાર તૂટી જાય છે. ઘણા બાળકો ભૂખ્યા રહે છે અને ટોરોન્ટોના લોકોને જ્યારે સૌથી વધુ જરૂર હોય છે ત્યારે પોલીસ અને પેરામેડિક્સ પહોંચવામાં ઘણો સમય લઈ રહ્યા છે. શહેરે બજેટ પ્રક્રિયામાં $ 1.2 બિલિયનની બજેટ ખાધ સાથે પ્રવેશ કર્યો, જેને કાર્યક્ષમતા અને આવકમાં વધારા દ્વારા ભરવાની ફરજ પડી હતી. બજેટનો પહેલો ડ્રાફ્ટ 13 જાન્યુઆરીએ લોન્ચ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ બજેટ સમિતિ દ્વારા બે અઠવાડિયાના જાહેર પરામર્શ અને સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ ચાઉએ 30 જાન્યુઆરીએ તેનું સુધારેલું સંસ્કરણ રજૂ કર્યું હતુ. જે મૂળ કરતાં લગભગ અપરિવર્તિત હતું. બજેટમાં ચાઉએ કાઉન્સિલરની પ્રાથમિકતાઓ માટે $ 3 મિલિયન ફાળવ્યા હતા. કાઉન્સિલે કાઉન્સિલે પૈસા કેવી રીતે ખર્ચવા તે અંગે આગળ મૂકેલી યોજનાને મંજૂરી આપી હતી.

# કેનેડામાં કરિયાણાની દુકાનોમાં સ્થાનિક ઉત્પાદનનું વેચાણ વધારવા માટે કવાયત

## દુકાનદારો સ્થાનિક ઉત્પાદન અંગેના સ્ટીકરો લગાડવા માંડ્યા



**બ્રિટીશ કોલંબિયા**

કેલોના, બી.સી.ના લેકવ્યુ માર્કેટમાં હાલમાં સ્ટાફ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ આપવા માટે ઘણા લેબલ બદલવામાં આવી રહ્યા છે. સ્ટોરના સહ-માલિક બાર્બ હિલે જણાવ્યું હતું કે, "ઘણા ગ્રાહકો પૂછી રહ્યા છે કે અમે અમારા ઉત્પાદનો ક્યાંથી મેળવીએ છીએ. અમે અમારા સ્થાનિક ઉત્પાદનો, કેનેડિયન-સોર્સ્ડ ઉત્પાદનો પર કેટલાક કેનેડિયન સ્ટીકરો, કેનેડિયન ધ્વજ સ્ટીકરો લગાવવાનું નક્કી કર્યું છે."

પરિવારની માલિકીની આ દુકાન દાયકાઓથી સ્થાનિક ખરીદી પર ગર્વ અનુભવે છે. પરંતુ તેણે વિચાર્યું કે સ્ટીકરો ખરીદદારોને કેનેડિયન-નિર્મિત માલ ખરીદવાના પ્રયાસમાં તેમની પસંદગીઓમાં નેવિગેટ કરવામાં મદદ કરશે.

હિલે કહ્યું કે "મને આશા છે કે કેનેડિયન તરીકે આપણે નજીક આવીશું, વધુ કેનેડિયનને ટેકો આપીશું. ખરીદીની આદતોમાં પરિવર્તન એ યુએસ ટેરિફના વધતા જોખમના પ્રતિભાવમાં આવ્યું છે, જે માર્ચની શરૂઆતમાં લાગુ કરવામાં આવે તો, યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશતા ઘણા કેનેડિયન માલ પર 25 ટકા જેટલો ઊંચો હોઈ શકે છે. ડેલહાઉસી યુનિવર્સિટીમાં ખાદ્ય વિતરણ પર સંશોધન કરતી એગ્રી-ફૂડ એનાલિટિક્સ લેબના ડિરેક્ટર ડૉ. સિલ્વેન ચાર્લેબોઈસના મતે હાલના દેશભક્તિના સમર્થન પાછળ મોટાભાગે લાગણીઓનો સમાવેશ થાય છે.

"મને લાગે છે કે ઘણા લોકો જે બન્યું તેનાથી અપમાનિત અને ગુસ્સે થયા છે. ચાર્લેબોઈસે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પે મેક્સિકનોને દિવાલ માટે ચૂકવણી કરવા કહ્યું અને જો તમે ઈચ્છો તો તે તેમનો 51મો રાજ્યકાળ હતો. હવે આપણે આપણા પોતાના 51મા રાજ્યકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ." દેશભરમાં કરિયાણાની દુકાનોના સંચાલકો ગ્રાહકોને કેનેડિયન-નિર્મિત ઉત્પાદનો ઓળખવામાં મદદ કરીને દેશભક્તિની પ્રતીતી કરાવે છે. પરંતુ ચાર્લેબોઈસના મતે, યુ.એસ. ઉત્પાદનોનો વર્તમાન બહિષ્કાર કદાચ લાંબા સમય સુધી ચાલશે નહીં.

# કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને રૂ. 57.90 લાખ પડાવી લેવાયા

**વડોદરા**

ગોત્રી અપેક્ષા પાર્ક સોસાયટીમાં રહેતા રમેશભાઈ જોઈતારામ પટેલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ભાયલી કેનાલ રોડ સીનોવ પેલેડિયમમાં રહેતા રમેશભાઈ કાનજીભાઈ બલદાણીયા સાથે અમારા જૂના ભાગીદાર મારફતે ઓળખાણ થઈ હતી. ત્યારબાદ અમારી વચ્ચે પારિવારીક સંબંધો બંધાયા હતા. વર્ષ - ૨૦૧૬ માં રમેશભાઈ તથા હીનાબેન રમેશભાઈ બલદાણીયાએ અમને જણાવ્યું હતું કે, કેનેડાની એમ્બસીમાં અમારી સારી ઓળખાણ છે અને અમારા ઘણા સંબંધીઓ કેનેડામાં રહેતા હોઈ વર્ક પરમિટ અને પી.આર. વિઝા કઢાવી આપીએ છીએ. અમારે પણ પરિવાર સાથે કેનેડા જવું હોઈ તે સંદર્ભે તેઓની પાસેથી માહિતી લીધી હતી. આરોપીએ કહ્યું હતું કે, અમે દોઢ થી બે વર્ષમાં વર્ક પરમિટ વિઝા કરાવી શકીએ અને ત્યારબાદ પી.આર. પણ કરાવી આપીશું. તે તમામ કાર્યવાહી માટે ૬૦ લાખનો ખર્ચ થશે.તેવું જણાવ્યું હતું.હાલમાં તમે ૫૮ લાખ અમને ટ્રાન્સફર કરાવી આપો. એટલે તમારૃં કામ શરૃ કરીશું. જો વિઝા ના થાય તો તમારા રૃપિયા તમને પરત કરી દઈશું. તેમની વાત પર ભરોસો રાખીને અમે ૫૭.૯૦ લાખ તેઓના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ બે વર્ષ ઉપરાંતનો સમય થવા છતાંય આરોપીઓએ વિઝા અંગે કોઈ સચોટ માહિતી આપી નહતી.






રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news



# ટ્રુડોએ વાન્સને ટેરિફની સંભવિત અસર અંગે ચેતવ્યા

## કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને વાન્સ વચ્ચે પેરિસની સમિટ દરમિયાન મુલાકાત થઈ



ઓન્ટેરિયો : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ યુએસ વાઈસ-પ્રેસિડેન્ટ જે.ડી. વાન્સને ચેતવણી આપી હતી કે, કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ સજા કરવાથી તેમના ગૃહ રાજ્ય ઓહિયોને નુકસાન થશે એમ એક વરિષ્ઠ કેનેડિયન અધિકારીએ જણાવ્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્ર 12 માર્ચથી અમલમાં આવતા તેના સૌથી મોટા સપ્લાયર કેનેડા સહિતના દેશોમાથી સ્ટીલ અને એલ્યુમિનિયમની થતી આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની ધમકી સાથે આગળ વધી રહ્યું છે. ત્યારે બંને નેતાઓ પેરિસમાં આંતરરાષ્ટ્રીય સમિટની બાજુમાં મળ્યા હતા. કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ સંપૂર્ણપણે ગેરવાજબી હશે એમ ટ્રુડોએ સમિટમાં પત્રકારોને જણાવ્યું હતું. ટ્રુડોએ સોમવારે કહ્યું હતું કે "અપવાદો કે મુક્તિ વિના બધા દેશોના સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ લાદવામાં આવશે. ફેડરલ સરકાર આગામી અઠવાડિયામાં ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કામ કરશે જેથી ખાતરી કરી શકાય કે તે યુ.એસ. અને કેનેડા બંને પર શું અસર પડશે.

પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે શું તેઓ એલ્યુમિનિયમ અને સ્ટીલ પર સમાન ટેરિફ લગાવશે, ત્યારે ટ્રુડોએ કહ્યું કે તેમને આશા છે કે આવું થશે નહીં. ટ્રમ્પ ઓહિયો સહિત રસ્ટ બેલ્ટ રાજ્યોમાં યુએસ સ્ટીલ ઉત્પાદનને પુનર્જીવિત કરવાનું વચન આપી રહ્યા છે, જેથી વધુ ઔદ્યોગિક ઉત્પાદન સાથે નોકરીઓ પાછી લાવી શકાય. કેનેડિયન અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રુડોએ ઓહિયો પર ટેરિફની અસરનો ઉલ્લેખ વાન્સ સાથેની ચર્ચા દરમિયા કર્યો હતો. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના જણાવ્યા અનુસાર આ રાજ્ય અમેરિકાનો સૌથી મોટો નિકાસકાર છે જે 2023માં કેનેડામાં $21 બિલિયન યુએસથી વધુનો માલ મોકલે છે. જો કેનેડા બદલો લેશે, તો તેની સ્ટીલ, કાર, પ્લાસ્ટિક, લોખંડ અને વિમાન નિકાસ ઉપર પ્રતિ-ટેરિફ લાગી શકે છે.

# આલ્બર્ટામાં હવે દેશનો વાહન ચોરીનો સૌથી વધુ દર : અહેવાલ

## કેનેડામાં ઓટો ચોરીનો દર પાછલા વર્ષની તુલનામાં 19 ટકા ઘટ્યો

આલ્બર્ટા : 2024માં ખાનગી પેસેન્જર વાહનો માટે કેનેડામાં ઓટો ચોરીનો દર પાછલા વર્ષની તુલનામાં લગભગ 19 ટકા ઘટ્યો હતો. પરંતુ ડેટા એકત્રિત કરનાર બિન-લાભકારી સંસ્થા કહે છે કે, ચોરાયેલા વાહનોની સંખ્યા હજુ પણ ઊંચી છે. આલ્બર્ટા ચિંતાનો વિષય બની રહ્યો છે. કારણ કે, ત્યાંના ચોરો તેમનું ધ્યાન જૂના ટ્રકો કે જે ઘણીવાર ગુનાઓ કરવા માટે ઉપયોગમાં લેવાય છે અને પછી ત્યજી દેવામાં આવે છે તે પરથી હટાવીને નિકાસ માટે ચોરાયેલા નવા, મોંઘા વાહનો તરફ વાળી રહ્યા છે. વીમા ગુના પર નજર રાખનાર એક્વીટ એસોસિએશને અહેવાલ આપ્યો કે, ગયા વર્ષે કેનેડામાં 57,000થી વધુ ખાનગી પેસેન્જર વાહનો ચોરાઈ ગયા હતા, જે 2023માં 70,000થી વધુ હતા. એસોસિએશનનો અહેવાલ કાર, ટ્રક, વાન અને SUV જેવા ઘરેલુ વાહનોની ચોરીને ટ્રેક કરે છે અને તેમાં વાણિજ્યિક વાહનોની ચોરીનો સમાવેશ થતો નથી. એક્વીટ એસોસિએશનના ઈન્વેસ્ટિગેટિવ સર્વિસીસના વાઈસ પ્રેસિડેન્ટ રાયન ગેસ્ટે જણાવ્યું હતું કે, આલ્બર્ટામાં હવે માથાદીઠ વાહન ચોરીનો દર સૌથી વધુ છે અને તે પ્રાંતમાં ગુનેગારો દ્વારા ખોટા વાહન ઓળખ નંબરો સાથે ચોરાયેલા વાહનોની નોંધણી કરાવવાના કિસ્સાઓ વધતા રહ્યા છે. તેમણે કહ્યું કે, પ્રાંતીય સંસ્થા સાથે ખોટા VIN નંબરો નોંધાવીને વાહન ચોરાઈ ગયું છે કે કેમ તે નક્કી કરવાનું વધુ મુશ્કેલ બનાવે છે. આ રિપોર્ટમાં ખોટા VIN નોંધણીઓને આલ્બર્ટામાં ચોરાયેલા વાહનોના રિકવરી દરને ઘટાડવા માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો છે, જે 2022 અને 2023માં અનુક્રમે 87 અને 85 ટકા હતો, જે 2024માં 77 ટકા થયો હતો. 2024માં રાષ્ટ્રીય સ્તરે ચોરાયેલા વાહનોની વસૂલાતનો દર ૬૦ ટકાથી પણ ઓછો હતો, જે ૨૦૨૩માં આશરે ૫૬ ટકા હતો. ગેસ્ટે જણાવ્યું હતું કે, નિકાસ માટે ચોરાયેલા વાહનોને કારણે રાષ્ટ્રીય વસૂલાતનો દર આલ્બર્ટાના દર કરતાં ઘણો ઓછો છે.

# ખર્ચને કારણે એક ચતુર્થાંશ કેનેડિયનોએ ડેન્ટિસ્ટ પાસે જવાનું ટાળી દીધું : સ્ટેટકેન

## 18થી 34 વર્ષના યુવાનોએ સરવે દરમિયાન તેમની વાસ્તવિક પરિસ્થિતિ અંગે એકરાર કર્યો

**ટોરોન્ટો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના નવા ડેટા દર્શાવે છે કે, 12 વર્ષ અને તેથી વધુ ઉંમરના ચારમાંથી એક કેનેડિયન 12 મહિનાના સમયગાળામાં ઓરલ હેલ્થ કેર પ્રોવાઈડરની મુલાકાત લેતા નથી. અને આ અણગમા પાછળ ખર્ચ એક મુખ્ય પરિબળ હતો. બુધવારે બહાર પાડવામાં આવેલા આ ડેટા કેનેડિયન ઓરલ હેલ્થ સર્વેમાંથી આવ્યો છે. જેમાં નવેમ્બર 2023થી માર્ચ 2024 સુધી કેનેડિયનો પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ ડેટા પરથી જાણવા મળ્યું છે કે એકંદરે 28 ટકા લોકોએ એક વર્ષના સમયગાળા દરમિયાન ડેન્ટિસ્ટની મુલાકાત સંપૂર્ણપણે ટાળી હતી. વધુમાં 21 ટકા કેનેડિયનોએ આ જ કારણોસર ભલામણ કરેલ દંત સારવાર ટાળી હોવાનું જણાવ્યું હતું. 18થી 34 વર્ષના યુવાનો સૌથી વધુ વય જૂથ હતા, જેમણે ખર્ચને કારણે ડેન્ટિસ્ટની મુલાકાત ન લીધી હોવાનું સ્વીકાર્યું હતુ. આવા લોકોની સખ્યા 32 ટકા હતી. પરંતુ ડેટા દર્શાવે છે કે આ વય જૂથની સ્ત્રીઓ પુરુષો કરતાં મુલાકાત ટાળવાની શક્યતા વધુ હતી, 38 ટકા મહિલા મુલાકાત લેતી નથી જ્યારે 27 ટકા પુરુષો મુલાકાત લેતા નથી. જાતિગત કેનેડિયનોમાં, 33 ટકા લોકો ડેન્ટિસ્ટની મુલાકાત ટાળવાની શક્યતા વધુ હતી.




# ટ્રુડો કેબિનેટના વધુ 2 મંત્રીઓનો ફરીથી ચૂંટણી નહીં લડવા નિર્ણય

## ત્રણ ચૂંટણીઓ જીતી સાંસદ બનનાર વિરાણીએ ગર્વની લાગણી વ્યક્ત કરી

**ટોરોન્ટો**



ન્યાયમંત્રી આરિફ વિરાની અને આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મેરી એનજીએ સોમવારે અલગ-અલગ નિવેદનોમાં જાહેરાત કરી હતી કે, આગામી ફેડરલ ચૂંટણીમાં તેઓ ભાગ લેશે નહીં. જસ્ટિન ટ્રુડોના મંત્રીમંડળમાં તેઓ પાંચમા અને છઠ્ઠા મંત્રી છે. જેમણે જાહેરાત કરી છે કે ડિસેમ્બરમાં વડા પ્રધાને તેમના મંત્રીમંડળમાં ફેરફાર કર્યા પછી તેઓ ફરીથી ચૂંટણી નહીં લડે. જો તમે ટ્રુડોનો પણ સમાવેશ કરો તો આ સંખ્યા સાત છે.

ટોરોન્ટોના સાંસદ વિરાણીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પાર્કડેલ-હાઈ પાર્ક માટે સતત ત્રણ ચૂંટણીઓ માટે સંસદ સભ્ય તરીકે સેવા આપવી એ જીવનભરનું સન્માન રહ્યું છે.

તેમણે ભારે હૃદયથી અને છેલ્લા કેટલાક અઠવાડિયા સુધી ખૂબ જ મહેનત કર્યા પછી આ નિર્ણય લીધો છે. વિરાણી પહેલી વાર 2015માં ચૂંટાયા હતા. 2023માં ન્યાય મંત્રી તરીકે નિયુક્ત થયા તે પહેલાં તેમણે ઈમિગ્રેશન, વારસો, ન્યાય અને આંતરરાષ્ટ્રીય વેપાર સહિત અનેક વિભાગો માટે સંસદીય સચિવ તરીકે સેવા આપી હતી.

એનજી 2017માં ટોરોન્ટો-વિસ્તારના માર્ખામ-થોર્નહિલ રાઈડિંગમાં પેટાચૂંટણી જીતીને સાંસદ બન્યા હતા. 2018માં તેમને નાના વ્યવસાય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને પછીના વર્ષે આંતરરાષ્ટ્રીય વેપાર પોર્ટફોલિયો સંભાળ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, મારી પ્રથમ પ્રાથમિકતા કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને મેક્સિકો વચ્ચેના અમારા મુક્ત વેપાર કરાર અને CUSMA દ્વારા વિશ્વની સૌથી મોટી આર્થિક ભાગીદારી સુધી અમારી પહોંચને સુરક્ષિત રાખવાની છે.

જેમ જેમ આપણે યુ.એસ. ટેરિફથી અવરોધોનો સામનો કરી રહ્યા છીએ, તેમ તેમ કેનેડાએ ભવિષ્ય માટે તેનો માર્ગ નક્કી કરવો જોઈએ.

વિરાણીએ કહ્યું કે જ્યાં સુધી તેમને સેવા આપવાનો વિશેષાધિકાર મળશે ત્યાં સુધી તેઓ મંત્રી તરીકે રહેશે, અને આગામી ચૂંટણી સુધી સાંસદ તરીકે રહેશે. ફેરાડાએ ગયા અઠવાડિયે મોન્ટ્રીયલના મેયર માટે ચૂંટણી લડવા માટે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું છે. બાકીના તેમના પદ પર રહે છે.

તંત્રી સ્થાનેથી

# ભારત-યુએસ મિત્ર, પણ દુનિયા સાથે ટૅરિફ મુદ્દે બાંધછોડ નહીં


તંત્રી - સ્વદેશ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકાના પ્રવાસને લઈને ભારતીયોમાં ખાસ ઉત્કાંઠાઓ હતી. ખાસ કરીને ટેરિફ અને ડિપોટેશન અભિયાન મુદ્દે કોઈ સકારાત્મક નિર્ણય લેવાય તેવી સંભાવના હતી. જો કે, આ બંન્ને મુદ્દાઓ પર ખાસ કોઈ નિષ્કર્ષ આવ્યો ન હતો. તેમ છતાં બંન્ને નેતાઓએ એકમેકને સારા મિત્રો હોવાની વાત દોહરાવીને વેપારમાં આગળ વધવાનું વચન આપ્યું હતુ. જો કે, મોદી સાથેની બેઠક પહેલાં જ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફ અંગેની દરખાસ્ત પર હસ્તાક્ષર કરીને આખી દુનિયાને સ્પષ્ટ સંકેત આપી દીધો હતો કે, જે દેશ તેની સાથે જેવુ વર્તન કરશે, અમેરિકા પણ તેની સાથે તેવો જ વર્તાવ કરશે.

ગુરુવારે મોદી વ્હાઈટ હાઉસ પહોંચે તે પહેલાં એલોન મસ્ક, રામાસ્વામી અને અમેરિકાના NSA સાથે બેઠક યોજાઈ હતી. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વાલ્ટઝ બાદ સ્પેસએક્સ અને ટેસ્લાના માલિક ઈલોન મસ્ક બ્લેયર હાઉસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. બેઠક દરમિયાન વિવેક રામાસ્વામી પણ ઈલોન મસ્કની સાથે હતા. આ દરમિયાન મસ્કનો પરિવાર પણ સાથે હતો. મોદીએ ઈલોન મસ્ક અને તેમના પરિવાર સાથેની મુલાકાત અંગે કહ્યું કે, મસ્કની સાથે ખુબ સારી બેઠક યોજાઈ. જેમાં અંતરિક્ષ, ગતિશીલતા, ટેકનોલોજી અને નવીનતા જેવા મુદ્દા પર ચર્ચા થઈ હતી. ટ્રમ્પ સાથે મુલાકાત પહેલા અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈકલ વાલ્ટઝે પણ બ્લેયર હાઉસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક કરી હતી.

વડાપ્રધાન મોદીએ અમેરિકન NSA સાથે મુલાકાત બાદ તેઓ હંમેશા માટે ભારતના સારા મિત્ર રહ્યા હોવાની વાત કરી હતી. સાથે જ સંરક્ષણ, ટેકનોલોજી અને સુરક્ષા ભારત-અમેરિકા સંબંધોના મહત્ત્વપૂર્ણ પાસાં છે અને અમે આ મુદ્દાઓ પર શાનદાર ચર્ચા કરી હોવાનો ખુલાસો પણ કર્યો હતો. સાથે જ AI, સેમિકન્ડકટર, અંતરિક્ષ અને અન્ય ક્ષેત્રોમાં સહયોગની મજબૂત સંભાવનાઓ છે તેવી આશા સાથે બેઠક સંપન્ન થઈ હોવાનું સૌશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નોંધ્યું હતુ. જે બાદ મોદી વ્હાઈટ હાઉસ પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત કરાયું હતુ. આ સમયે ભારતના NSA અજીત ડોભાલ અને અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા સહિત ભારતીય પ્રતિનિધિમંડળ પણ વ્હાઈટ હાઉસ પહોંચ્યું હતું. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૉશિંગ્ટન ડીસી ખાતે વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાઈ હતી. જેમાં બંને નેતાઓ વચ્ચે અનેક વિષયો પર વિસ્તૃત વાતચીત થઈ હતી. વડાપ્રધાનની સાથે વિદેશ મંત્રી એસ. જયશંકર પણ વ્હાઈટ હાઉસમાં હાજર રહ્યા હતા. મોદી અને ટ્રમ્પ વચ્ચે ગુરુવારે દ્વિપક્ષીય બેઠક યોજાયા બાદ જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ સમયે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમારા સંબંધ ખુબ મજબૂત છે અને વડાપ્રધાન મોદી મારા મિત્ર છે. ભારત ઓઈલ અને ગેસ ખરીદશે. અમે વ્યાપાર પર ચર્ચા કરીશું. 'વડાપ્રધાન મોદી શાનદાર કામ કરી રહ્યા છે, તેઓ એક મહાન નેતા છે. જો કે, ચીન અંગેનો સવાલ પુછાતા જ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતુ કે, 'અમે કોઈપણને માત આપી શકીએ છીએ, પરંતુ અમે કોઈને માત આપવા અંગે નથી વિચારતા, અમે સારું કામ કરી રહ્યા હતા, પરંતુ અમને રોકી દેવાયા હતા. આ તકે, વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ભારત-અમેરિકા હંમેશા મિત્ર બન્યા રહેશે. જ્યારે મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા બદલ ટ્રમ્પને શુભકામનાઓ પાઠવી આગામી સમયમાં સમાન ઉર્જા અને ઉત્સાહ સાથે કરવાનો આશાવાદ સેવ્યો હતો. મોદીએ ઉમેર્યું હતુ કે, ભારત અને અમેરિકાની ભાગીદારીથી માનવતાને લાભ થશે. ટ્રમ્પ અમને અમેરિકા ગ્રેટ અગેઈનની યાદ અપાવે છે, એ જ રીતે 2047 સુધીમાં ભારતને એક વિકસિત દેશ બનાવવો 1.4 અરબ ભારતીયોની આશા અને સંકલ્પ છે. અમારા મળવાનો મતલબ એક ઓર એક 11 છે. જે માનવતા માટે મળીને કામ કરશે.

રશિયા-યુક્રેન યુદ્ધથી જોડાયેલા એક સવાલના જવાબમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ભારત તટસ્થ નથી. ભારત શાંતિના પક્ષમાં છે. આ યુદ્ધનો યુગ નથી. સમાધાનનો માર્ગ યુદ્ધના મેદાનથી નહીં શોધી શકાય. અમે તમામ શાંતિના પાસાનું સમર્થન કરીએ છીએ. અમે ટ્રમ્પની યુદ્ધ ખતમ કરવાની પહેલનું સમર્થન કરીએ છીએ.

હવે મોદી વ્હાઈટ હાઉસ પહોંચે તે પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરતા કહ્યું હતુ કે, વેપાર મામલે મેં નિષ્પક્ષતા સાથે રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. જેનો મતલબ છે કે જે પણ દેશ અમેરિકા પાસેથી ટેક્સ વસૂલે છે, અમે પણ તેના પર ટેક્સ લગાવીશું. આ ટેક્સ ન ઓછો, ન વધતો હશે. આ સાથે જ ટ્રમ્પે ઉમેર્યું કે, 'વેપારના કિસ્સાઓમાં અમેરિકાના સહયોગી દુશ્મનોથી પણ ખરાબ હોય છે. એટલા માટે અમેરિકા સાથે જે જેવું કરશે અમે તેવું કરીશું. ભારત દુનિયાના સૌથી વધુ ટેરિફ લગાવનારા દેશોમાંથી એક છે. ત્યાં વેપાર કરવો અઘરો છે. કેટલાક નાના દેશ છે, જે હકિકતમાં મોટરસાઈકલો નથી વેચી શકતા. કારણ કે, ભારતમાં ટેક્સ ખુબ વધારો હતો, ટેરિફ ખુબ વધારે હતો. જો કે, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ ગુરૂવારે જ એવી સ્પષ્ટતા પણ કરી કે, ટેરિફ તાત્કાલિક અસરથી લાગૂ નહીં થાય.' ટેરિફનો અમલ એપ્રિલથી થઈ શકે છે. એટલે જે તે દેશોને અમેરિકા સાથે વેપાર કરવા માટે નવી શરતો વિશે વિચારવાનો અને નિર્ણયનો સમય મળી રહેશે. રેસિપ્રોકલ ટેરિફનો મતલબ છે કે, જ્યારે કોઈ દેશ અન્ય દેશને એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ પર સમાન ટેરિફ ચૂકવવો પડે છે તો તેને રેસિપ્રોકલ ટેરિફ કહેવામાં આવે છે. આમ ટેરિફ મુદ્દે કે ડિપોર્ટેશન દરમિયાન ભારતીય નાગરિકો સાથે થતા વ્યવહાર અંગે બંન્ને નેતાઓએ કે દેશની સરકારોએ કોઈ ફોડ બેઠકના કલાકો પછી પણ પાડ્યો ન હતો.

કેનેડાને લઈને ટ્રમ્પે કહ્યું કે, 'તે અમેરિકાનું 51મું રાજ્ય છે. અમેરિકાને તેની પ્રોડક્ટ્સની જરૂર નથી અને તે આ અંગે હું 'ગવર્નર' ટ્રૂડો સાથે વાત કરી ચૂક્યો છું. ટ્રમ્પે બ્રિક્સ દેશોને ફરી એકવાર ધમકી આપી હતી કે, જો બ્રિક્સ દેશ ડોલર સાથે રમશે તો તેમને 100 ટકા ટેરિફનો સામનો કરવો પડશે. હકીકતમાં ટ્રમ્પને પ્રમુખપદ સંભાળ્યાને મહિનો માંડ થયો છે ત્યારે તેમણે ચીન પર તો દસ ટકા વેરો લાદી જ દીધો છે અને મેક્સિકો તથા કેનેડાને પણ ૨૫ ટકા વેરાની ચીમકી આપી છે. જો કે, આ બંને દેશોએ ગેરકાયદે ઘૂસણખોરી રોકવાનું અને માદક પદાર્થો અંગે ચિંતા દૂર કરવાનું આશ્વાસન આપતા ટ્રમ્પે ટેરિફનો નિર્ણય એક મહિનો મુલતવી રાખ્યો છે.

ટ્રમ્પની આ એવી નીતિ છે, જેમાં અમેરિકાની આયાત પર જે દેશ જેટલો વેરો લગાવતો હશે, તેના જવાબમાં તે દેશ પર તેટલો જ વેરો અમેરિકા લગાવશે. ટ્રમ્પના આ પગલાંના લીધે વૈશ્વિક વ્યાપારમાં અવરોધ આવી શકે છે. તેનાથી ભારત અને અન્ય મહત્ત્વના વ્યાપારિક ભાગીદારો પર અસર થઈ શકે છે.



manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1, Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic

Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

# ખેડા જિલ્લામાં ભાજપ વિરૂદ્ધ બળવો કરનારા 33 કાર્યકરોને સભ્ય પદેથી સસ્પેન્ડ કરાયા

## પાલિકા, તા.પં.ની સામાન્ય અને પેટા ચૂંટણીના મતદાનને ગણતરીના દિવસો બાકી

**નડિયાદ**

ખેડા જિલ્લાની પાંચ પાલિકા અને બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા કપડવંજ પાલિકાના બે વોર્ડ અને મહેમદાવાદ તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણી માટે આગામી રવિવારે મતદાન યોજાશે. તેવામાં ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવનારા ૧૫, ઉમેદવારી નોંધાવવામાં મદદ કરનારા સહિત ૩૩ કાર્યકરોને પાર્ટીના સક્રીય સભ્ય અને પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. જેમાં સૌથી વધુ ચકલાસીમાંથી ૧૩ સભ્યોને સસ્પેન્ડ કરાયાં છે.

મહેમદાવાદ, મહુધા, ડાકોર, ખેડા અને ચકલાસી નગરપાલિકા, કઠલાલ અને કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા કપડવંજ નગરપાલિકાના વોર્ડ નં.૨ અને વોર્ડ નં.૬ની કુલ બે બેઠકો ઉપરાંત મહેમદાવાદ તાલુકા પંચાયતના ૭-હલધરવાસ અને ૧૬-મોદજ-૨ બેઠક માટે પેટા ચૂંટણી યોજાનાર છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. તમામ પાલિકા અને તાલુકા પંચાયતની બેઠકો ઉપર ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ત્યારે ભાજપમાં મેન્ડેટ ન મળતા પાર્ટીના કાર્યકરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે, તો કેટલાક કાર્યકરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવવામાં મદદગારી કરી છે. જ્યારે કેટલાક ઉમેદવારોને ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યું હોવા છતાં અપક્ષ ઉમેદવારી કરી છે.

# આંકલાવમાં ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ઉમેદવારી કરાવનાર 3 સભ્ય બરતરફ

**આણંદ**

આણંદ જિલ્લામાં આંકલાવ, ઓડ અને બોરિયાવી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તેમજ ઉમરેઠ પાલિકાના વોર્ડ નં.૪ની એક બેઠક તથા ખંભાત તાલુકા પંચાયતની ૨૪-ઉંદેલ-૨ બેઠકની પેટા ચૂંટણી માટે આગામી રવિવારે મતદાન યોજાશે.

તમામ બેઠકો જી તવા માટે ભાજપ, કોંગ્રેસ, અપક્ષ સહિતના દ્વારા એડી-ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૦૦માં નવરચિત આંકલાવ પાલિકામાં અત્યારસુધીમાં ભાજપ એકપણ વખત પ્રમુખપદ મેળવી શક્યું નથી. જેથી આંકલાવ પાલિકા જીતવી ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે.

તેવામાં આંકલાવ પાલિકામાં ભાજપે આપેલા મેન્ડેટ વિરૂદ્ધ જઈને અપક્ષ ઉમેદવારી નોંધાવનારા અને પરિવારમાંથી અપક્ષ ઉમેદવારી કરાવનારા કુલ ૩ સભ્યોને પાર્ટીના પ્રાથમિક સભ્યપદ, સક્રિય સભ્યપદ સહિત તમામ પદેથી ૬ વર્ષ માટે બરતરફ કરવામાં આવ્યાં છે. ભાજપ દ્વારા આંકલાવ શહેર આઈટી સેલ ઈન્ચાર્જ રાહુલકુમાર જીવણભાઈ મોચી, આંકલાવ શહેર પૂર્વ મહામંત્રી નટુભાઈ ગોરધનભાઈ રાયપુરા અને રંજનબેન મહેન્દ્રભાઈ પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

# વડોદરામાં શેઠના અવસાન બાદ કેરટેકરે રૂ.55 લાખ પડાવી લીધા

**વડોદરા**




મકરપુરા વિસ્તારના ઋતુરાજ કોમ્પલેક્ષમાં રહેતા 64 વર્ષના શારદાબેન અખિલેશકુમાર ત્રિપાઠી એ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારા પતિ લીબીયામાં એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. વર્ષ 2016-2017 માં તેઓ પરત ભારત આવેલા અને ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ટાટા હાઉસિંગ કોમ્પલેક્ષમાં મકાન અને ઓફિસ રાખતા હતા. હું મારી દીકરી અને દીકરા સાથે વડોદરા રહેતી હતી અને મારા પતિ કન્સ્ટ્રક્શન કંપની ચલાવતા હતા. મારા પતિએ તેમની મદદ માટે દિવ્યાંશું મહેન્દ્ર પ્રતાપ તિવારીને કેરેટેકર તરીકે રાખેલો હતો. તે મારા પતિને તમામ પ્રકારનું કામ કરતો હતો. તારીખ 11-8-2014 ના રોજ મારા પતિને હાર્ટ એટેક આવતા તેઓનું અવસાન થયું હતું. કેરટેકર તરીકે રાખેલા દિવ્યાંશુંએ મારા પતિના એકાઉન્ટમાંથી 55 લાખ રૂપિયા તેના અંગત કામ માટે લઈ લીધા હતા.

# નડિયાદમાં સોડાકાંડ કે કેમિકલકાંડ? સોડા પીધા બાદ 3 યુવકોના પાંચ મિનિટમાં મોત

**નડિયાદ**

જવાહરનગર વિસ્તારમાં બુટલેગરના ત્યાંથી દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હોવાનું મૃતકોના પરિવારજનો વારંવાર કહી રહ્યાં છે. પરંતુ, ખેડા જિલ્લા પોલીસ વડા આ ઘટના લઠ્ઠાકાંડની નહીં પરંતુ સોડા પીવાના કારણે મૃત્યુ થયાનું કહી રહ્યા છે.

મૂકબધિર મૃતક કનુભાઈ સોડાની બોટલ લઈને આવ્યા હતા. 200મિ. લી.ની સોડા બોટલ ત્રણ લોકો પીવે અને ત્રણેયના મૃત્યુ થાય છે. તેમા



કોઈ કેમિકલ ભેળવાયાની મજબૂત આશંકાથી કેમિકલકાંડ અંગે પોલીસ તપાસ કરી રહી છે. ખેડા-આણંદ જિલ્લામાં નશાખોરીથી 10 લોકોએ જીવ ખોયાં છે ત્યારે ઊંડી તપાસ જરૂરી છે. નડિયાદના જવાહરનગર વિસ્તારમાં દેશી દારૂના બંધાણી કનુભાઈ ચૌહાણ, યોગેશ કુશવાહા અને રવિન્દ્ર રાઠોડ નામના શ્રમિકોના નશીલા પદાર્થના સેવન બાદ શંકાસ્પદ મૃત્યુ થતાં તેમના પરિવાર દેશી દારૂ પીધા બાદ મૃત્યુના આક્ષેપ કરે છે.

આ મામલે ખેડા-આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ જણાવ્યું કે, ત્રણેય ઈસમોએ જીરા સોડાની એક બોટલમાંથી પ્રવાહી પીધા બાદ ત્રણેય લોકો એક બાદ એક પાંચથી સાત મિનિટના અરસામાં લથડિયા ખાવા લાગ્યા અને ઢળી પડ્યા હતા.

# મહેસાણાથી દ્વારકા દર્શને જતી ખાનગી લકઝરી પલટી જતાં ૧૭ મુસાફર ઘાયલ

**મહેસાણા**

મહેસાણાથી દ્વારકા પૂનમના દર્શને જતી એક ખાનગી લકઝરી બસ મોરબી તાલુકાના આમરણ ગામ પાસે હાઈવે પર રાત્રે પલટી ગઈ હતી. જેના કારણે બસમાં સવાર ૩૫ યાત્રિકોએ દેકારો મચાવી દીધો હતો. જેમાં ૧૭ જેટલા મુસાફરો ઘાયલ થતા સારવાર માટે મોરબી અને રાજકોટની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ અકસ્માત પછી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. આમાં મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આ મામલે મહેસાણા હાઈવે રોડ પર પસાભાઈ પેટ્રોલપંપ પાછળ રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા પરેશભાઈ આલ (ઉ.૩૬)એ ટ્રાવેલ્સ બસના ચાલક સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાંતીવાડામાં ટ્રેક્ટર-ટ્રેલર વચ્ચે અકસ્માત, બે ભાઇઓના મોત

**બનાસકાંઠા**

દાંતીવાડા નજીક બે પિતરાઈ ભાઈઓ ટ્રેક્ટરમાં બટાકા ભરીને કોલ્ડ સ્ટોરેજમાં મુકવા જઈ રહ્યા હતા ત્યારે પાછળથી ટ્રેલર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો અને બે પિતરાઈ ભાઈઓના મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બે જવાનજોધ પિતરાઈ ભાઈઓના મોતથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મંગળવારે મોડી રાત્રે બનાસકાંઠાના દાંતીવાડા નજીક ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે પિતરાઈ ભાઈઓના મોત નીપજ્યા હતા. બે પિતરાઈ ભાઈઓ ટ્રેક્ટરમાં બટાકા ભરીને કોલ્ડ સ્ટોરેજમાં મુકવા જઈ રહ્યા હતા તે દરમિયાન પાછળથી આવી રહેલા ટ્રેલરે ટક્કર મારતાં બંને પિતરાઈ ભાઈઓના મોત નીપજ્યા હતા. આ કરૂણ અકસ્માત અંગે પોલીસને જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. પોલીસ અકસ્માત કેવી રીતે સર્જાયો તેની તપાસ માટે સી.સી.ટી.વી ફૂટેજ તપાસી રહી છે.

# બનાસકાંઠા અને રાજસ્થાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા, કોઈ જાનહાનિ નહીં

**દ્વારકા**

બનાસકાંઠા જિલ્લામાં 3.8ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા. જેનું કેન્દ્રબિંદુ પાલનપુર શહેરથી 34 કિલોમીટર દૂર નોંધાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં આજે ગુરુવાર સાંજે 5:28 કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાને કારણે દાંતીવાડા, ઈકબાલગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો. જ્યારે રાજસ્થાનમાં પણ ભૂકંપ આવ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં આજે ગુરુવારની સાંજે જિલ્લામાં 3.8ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડરનો માહોલ છવાયો હતો. આ ઘટનામાં કોઈ પ્રકાર મોટી જાનહાનિ ન થઈ હોવાનું સામે આવ્યું છે. રાજસ્થાનના સિરોહી જિલ્લામાં લોકોને હળવા ભૂકંપના આંચકા અનુભવાયા છે.

Warehouse Person Required
Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store
Near Eglinton Ave East, Mississauga.
Reference Required.
: Please Contact :
achristie1124@Yahoo.Com
Tel : 416-709-1424

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યકિતનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુકિત, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# સંતરામ મંદિરમાં 500 ટોપરું, 3 હજાર કિલો સાકરની ઉછામણી

## સંતરામ મહારાજના 194મા સમાધિ મહોત્સવ અને માઘી પૂનમની દિવ્ય ઉજવણી : 20 મિનિટ સુધી સાકરવર્ષાને ભક્તોએ પ્રસાદીરૂપે ઝીલી

**નડિયાદ**

નડિયાદના સંતરામ મંદિરમાં યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૯૪મા સમાધિ મહોત્સવ અને માઘી પૂનમની દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં દિવ્ય જ્યોત સામે નતમસ્તક થવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર પરિસરમાં ઉમટી પડયા હતા. પરંપરાગત રીતે ઓમ નાદ કર્યા બાદ સાકરવર્ષા કરવામાં આવી હતી. સંતોની ઉપસ્થિતિમાં સાંજે ૬.૫૦ કલાકથી સતત ૨૦ મિનિટ સુધી ૩,૦૦૦ કિલો સાકર અને ૫૦૦ કિલો ટોપરાંની ઉછામણી કરાઈ હતી.



જેને ભક્તોએ જય મહારાજના નાદ સાથે પ્રસાદીરૂપી ઝીલી હતી.

સંતરામ મંદિરમાં મહાસુદ પૂનમે બપોરથી જ શ્રધ્ધાળુઓની ભીડ જામતી જોવા મળી હતી. તાપમાં પણ લોકો 'જય મહારાજ'ની ધૂન કરી, દિવ્ય અખંડ જ્યોત સમક્ષ નતમસ્તક થતાં જોવા મળ્યા હતા. સાકરવર્ષાનો સમય સાંજે હતો. જેમ જેમ આ સમય નજીક આવતા તેમ તેમ ખાલી દેખાતાં મંદિર પરિસરમાં શ્રધ્ધાળુઓની ભીડ જામવા લાગી હતી અને સમી સાંજે મંદિર પરિસરમાં ઉભા રહેવાની પણ જગ્યા ન હતી. ૬.૪૮ કલાકે વર્ષમાં એકજવાર થતી આરતીના દર્શનનો લ્હાવો ભક્તોએ લીધો હતો. 'બોલો જય જય જય મહારાજ, સંત ગુરૂજીની આરતી...'ના શબ્દે શબ્દે શ્રધ્ધાળુઓ સંતરામમય થતાં જોવા મળ્યા હતા. ૯ મહંતોના જયનાદ બાદ ત્રણ વાર ઓમનું ઉચ્ચારણ કરી, એક મિનિટના મૌન બાદ સંતરામ મહારાજના ચરણે ભક્તિ અને કૃતજ્ઞાતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્રણ વખત ઓમનાદ કરીને સાકરની ઉછામણી કરવામાં આવી હતી. સાકરના પ્રસાદની એક એક કણ મેળવવા માટે ભક્તોએ પડાપડી કરી હતી. મંદિર પરિસરમાં ઠેર ઠેર બનાવેલા નાના સ્ટેજ પરથી સ્વયંમ સેવકો દ્વારા ઉછામણી કરાયેલી સાકરને ભક્તો પ્રસાદીરૂપે ઝીલતા જોવા મળ્યા હતા. સાકરવર્ષા પૂર્ણ થયા બાદ પણ ભક્તોએ મંદિર પરિસરમાં પડેલી સાકર વિણીને પ્રસાદી ગ્રહણ કરી હતી. ૨ કલાક સુધી મંદિર પરિસરનો માહોલ અલૌકિક બની રહ્યો હતો.

# અમને જીતાડશો તો કોઈનું પણ મકાન નહીં તૂટે : ભાજપ પ્રમુખ

**વડોદરા**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો હાલ પ્રચાર ચાલી રહ્યો છે. આ દરમિયાન કરજણ પાલિકાની ચૂંટણીમાં જિલ્લા ભાજપ પ્રમુખનો વીડિયો વાયરલ થયો છે. જેમાં તેઓ ભાજપના ચાર ઉમેદવારોને જીતાડશો તો કોઈનું મકાન નહીં તૂટે, દગો કર્યો તો કોઈનું રહેશે નહીં તેમ કહેતા નજરે પડી રહ્યા છે. આમ કહી તેઓ મતદારોને ભાજપ તરફી મતદાન કરવા ધમકી આપતા હોવાની ચર્ચા થઈ રહી છે. વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ સતિષ પટેલે કરજણની સામાન્ય ચૂંટણી માટે વોર્ડ 7ની સીટના ભાજપ ઉમેદવારના પ્રચાર માટે ભાષણ કર્યું હતું. જેને લઈ વિવાદ સર્જાયો છે. તેમણે ભાષણ દરમિયાન કહ્યું કે, ભાજપના ચારેય ઉમેદવારોને જીતાડશો તો એકેય મકાન તૂટવા નહીં દઉ, જો દગો કર્યો તો એકેયના રહેવા પણ નહીં દઉ તેવું કહેતા તેમનો વીડિયો વાઈરલ થયો છે.

એક તરફ જિલ્લા ભાજપમાં આંતરિક કલહના કારણે પક્ષ છોડીને હોદ્દેદારો અને નેતાઓ અને અગ્રણીઓ ભાજપ વિરુદ્ધ જ મેદાનમાં ઉતર્યા છે ત્યારે ભાજપ શાસિત પાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે જ કપરાં ચઢાણ છે.

# કઠલાલ તાલુકામાં સગીરાની આબરૂ લેવાની કોશિશ કરનારા આરોપીને ત્રણ વર્ષની કેદ

## મુવાડાનો પરિણીત યુવક દંડની રકમ ચૂકવે તે સગીરાને વળતર પેટે ચૂકવવા આદેશ

**આણંદ**

કઠલાલ તાલુકાના ફરિયાદનીની ૧૬ વર્ષ ૬ માસ ૨૩ દિવસની સગીર દીકરી નાની બહેન સાથે તા. ૮/૧૨/૨૦૨૧ના રોજ પગપાળા સ્કૂલેથી ઘરે જતી હતી. ત્યારે ફાગવેલ તાબે રાયણના મુવાડાના પરિણીત યુવાન અશ્વિન રોહિતભાઈ રાઠોડ (ઉ.વ. ૨૪)એ ત્યાં આવી આબરૂ લેવાના ઈરાદે તેણીને પકડી અઘટીત માંગણી કરી હતી.

બુમો પાડીશ તો બદનામ કરી નાખીશ, જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી સગીરાની આબરૂ લેવાનો પ્રયાસ કરી ગુનો કર્યાની ફરિયાદ કઠલાલ પોલીસ મથકે સગીરાના પિતાએ નોંધાવી હતી. બાદમાં આરોપીને ઝડપી પાડી ચાર્જશીટ દાખલ કરાઈ હતી. જે કેસ કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી ગયો હતો.

જેમાં પાંચથી વધુ દસ્તાવેજી પુરાવા મૌખિક પુરાવા સાથે સરકારી વકિલની દલીલો ધ્યાને રાખી કપડવંજ સેશન્સ કોર્ટના સ્પે. જજ કે.એસ. પટેલે આજે આરોપી અશ્વિન રોહિતભાઈ રાઠોડ (રહે. રાયણના મુવાડા, તાબે. ફાગવેલ, તા. કઠલાલ)ને તકસીરવાર ઠેરવી ૩ વર્ષની કેદ તથા રૂા. ૧૦ હજારનો દંડ ફટકારવા હુકમ કર્યો છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો આદેશ ફરમાવ્યો છે. આરોપી દંડની રકમ ભરે તો તે ભોગબનનારને વળતર તરીકે ચૂકવી આપવાનું પણ જણાવ્યું છે

# સાબરકાંઠામાં ધોરણ 10માં ભણતી સગીરાને ગેસ્ટ હાઉસમાં લઈ જઇ શિક્ષક દ્વારા દુષ્કર્મ

## પોલીસે આરોપી શિક્ષકને ઝડપી પાડ્યો, બનાવને પગલે સમગ્ર પંથકમાં હાહાકાર

**હિંમતનગર**

અમરેલીના વંડા બાદ હવે સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ જગતને લાંછન લગાવતો એક કિસ્સો સામે આવ્યો છે. ત્યારે હિંમતનગરની તાલુકા શાળામાં અભ્યાસ કરતી કિશોરી પર શિક્ષકે દુષ્કર્મ આચર્યું છે. આ નરાધમ શિક્ષક બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ગયો હતો અને જ્યાં તેણે દુષ્કર્મ આચર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પર શાળાના જ શિક્ષકે દુષ્કર્મ આચર્યું છે. વિદ્યાર્થી ધોરણ 10માં અભ્યાસ કરે છે અને શિક્ષક ધોરણ 10માં અંગ્રેજી અને સંસ્કૃત વિષય ભણાવે છે. શિક્ષક વિદ્યાર્થીનીને બર્થડે કેક કાપવાના બહાને ઈડર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં તેણે સતત બે કલાક સુધી વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચરતાં વિદ્યાર્થીની તબિયત લથડી હતી. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખાતે મૂકીને ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે પોલીસે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપી શિક્ષકને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના સમગ્ર પંથકમાં હાહકાર મચી જવા પામ્યો છે. વાલીઓને પોતાના બાળકોને લઈને અસુરક્ષાની ભાવના અનુભવી રહ્યા છે.

# વોર્ડ ઓફિસરને થપ્પડ મારનારા પૂર્વ ડેપ્યુટી મેયરને 6 માસની જેલની સજા

**વડોદરા**

વડોદરામાં પૂર્વ ડેપ્યુટી મેયર યોગેશ પટેલને 2014ના એક મામલામાં છ મહિનાની જેલની સજા કોર્ટે ફટકારી હતી. દબાણ હટાવો અભિયાન દરમિયાન તેમણે તત્કાલિન વોર્ડ ઓફિસરને થપ્પડ મારી હતી. શહેરના કારેલીબાગ વિસ્તારમાં આ ઘટના બની હતી. તેમની પર વોર્ડ ઓફિસર સાથે મારપીટ, ઈજા પહોંચાડવાનો તથા ફરજમાં રૂકાવટનો આરોપ હતો. કોર્ટે આ મામલે 16 સાક્ષીઓના નિવેદન લીધા હતા. 22 દસ્તાવેજી પુરાવા પણ લેવામાં આવ્યા હતા. કોર્ટે તેમને સજાની સાથે 1000 રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. 2014માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના તત્કાલીન ડેપ્યુટી મેયર અને ભાજપ નેતા યોગેશ પટેલે કારેલીબાગ વિસ્તારમાં દબાણ વિરોધી અભિયાન દરમિયાન તત્કાલીન વોર્ડ ઓફિસર જગમલ નંદાનિયાને લાફો માર્યો હતો. પટેલે નંદાનિયા દ્વારા જપ્ત કરવામાં આવેલી લારીઓને છોડી મૂકવાની માંગ કરી હતી. જેનો નંદાનિયાએ ઈન્કાર કરતાં તેમને લાફો મારવામાં આવ્યો હતો. આ ઘટના બાદ નંદાનિયાએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વડોદરામાં કારે રાહદારીઓને અડફેટે લઈ લેતાં પોલીસની હાજરીમાં બેને ફટકારાયા

## પોલીસે ટોળા વચ્ચેથી કારચાલક તથા અન્ય એકને દૂર ખસેડ્યો

**વડોદરા**

વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસ અવારનવાર ટ્રાફિક અવેરનેસ ડ્રાઈવ આયોજિત કરે છે. આવી ડ્રાઈવના લીરેલીરા ઉડતા અકસ્માતના નાના-મોટા બનાવવા શહેરમાં બનતા રહેતા હોય છે. શહેરના પાણીગેટ વિસ્તારની ટાંકી પાસે મોડી રાત્રે ફુલ સ્પીડમાં દોડી રહેલી કાળા રંગની એક કારની ઓવર સ્પીડના કારણે અકસ્માત સર્જાયો હતો. કારનું બોનેટ ઉખડી ગયું હતું. અકસ્માતમાં ધડાકાનો અવાજ આવતા લોકો રોડ પર દોડી આવ્યા હતા. કારમાં બે નબીરા હોવાનું પ્રત્યક્ષ દર્શીઓનું કહેવું છે. અકસ્માતની જાણ થતા ઘટના સ્થળે પોલીસ પણ આવી પહોંચી હતી. ત્યારે વિફરેલા ટોળાએ પોલીસની હાજરીમાં જ કાયદાનું ભાન કરાવવા યુવકોને મેથીપાક ચખાડ્યો હતો. પોલીસે ટોળા વચ્ચેથી કારચાલક તથા એક અન્યને મહા મહેનતે દૂર ખસેડ્યા હતા.

શહેરમાં દરરોજ રાત પડે પૂરપાટ દોડતા વાહનો લોકોના જીવને જોખમ ઊભું કરી રહ્યા છે. પાણીગેટ ટાંકી પાસે સર્જાયેલા અકસ્માતમાં રાહદારીઓનો આબાદ બચાવ થયો હતો.બનાવ અંગે પોલીસે યુવકોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બોરસદ માર્કેટયાર્ડની ચૂંટણીમાં કોંગ્રેસની હાર, ભાજપની ખેડૂત વિકાસ પેનલની જીત

## સંસ્થામાં 6 દાયકાથી ચાલતા કોંગ્રેસના શાસનનો અંત

**આણંદ**

બોરસદ એપીએમસીની ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ સમર્થિત ખેડૂત વિકાસ પેનલના ૧૦ ઉમેદવારોની જીત થઈ હતી. જ્યારે કોંગ્રેસના બોરસદના પૂર્વ ધારાસભ્ય, અમૂલના પૂર્વ વાઈસ ચેરમેન તથા એપીએમસીના પૂર્વ ચેરમેનની સહકાર પેનલના ૯ ઉમેદવારોની હાર થઈ હતી. તેમજ ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા પ્રતાપસિંહ ગોહેલે પરાજય મેળવ્યો હતો. ૬ દાયકાથી વધુ સમયથી કોંગ્રેસનું એકહથ્થુ શાસન ધરાવતી બોરસદ માર્કેટયાર્ડમાં પ્રથમ વખત ભાજપ પ્રેરિત ઉમેદવાર ચેરમેન બનશે. મતગણતરીની શરૂઆતથી બંને પેનલ વચ્ચે રસાકસી સર્જાઈ હતી. બાદમાં ખેડૂત વિકાસ પેનલના તમામ ૧૦ ઉમેદવારોનો વિજય થયો હતો. કોંગ્રેસ સમર્થકોની સહકાર પેનલના અગ્રણી, બોરસદના પૂર્વ ધારાસભ્ય, અમૂલના પૂર્વ વાઈસ ચેરમેન તથા એપીએમસીના પૂર્વ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમારની ખેડૂત વિકાસ પેનલના પ્રતાપસિંહ સોલંકી સામે ૧૪ મતોથી હાર થઈ હતી. આણંદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને કઠાણા જિલ્લા પંચાયતના વર્તમાન સભ્ય નટવરસિંહ મહિડા પણ ૨૧ મતથી હારી ગયા હતા.

# સુરતમાં વોલ્ટેજ ડ્રામા : પ્રેમીએ લગ્નની ના પાડી દેતાં યુવતી ટાવર ઉપર ચઢી

## પોલીસે ઘટનાસ્થળે પહોંચી યુવતીને મહામુશ્કેલીએ ઉતારી



**સુરત**

એક યુવતીએ હાઈ ટેન્શન ટાવર પર ચડીને આત્મહત્યા કરવાની ધમકી આપતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. યુવતીને મહા મુશ્કેલીએ નીચે ઉતારવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે યુવતી મૂળ ઓડિશાની છે અને દિલ્હીમાં કામ કરે છે. તે તેના પ્રેમીને મળવા સુરત આવી હતી, અને શહેરની એક હોટલમાં રોકાઈ હતી. આ દરમિયાન બંને વચ્ચે લગ્ન કરવા બાબતે ઝઘડો થયો હતો. પ્રેમીએ લગ્ન કરવાનો ઈનકાર કરતા યુવતી હતાશ થઈને આત્મહત્યા કરવા ટાવર પર ચઢી ગઈ હતી.

સુરત પોલીસના અધિકારીએ જણાવ્યું કે યુવતી સુરતના સિંગણપર વિસ્તારમાં રહેતા તેના બોયફ્રેન્ડને મળવા દિલ્હીથી આવી હતી. સોમવારે રાત્રે બંને એક હોટલમાં રોકાયા હતા. સવારે યુવતી તેના બોયફ્રેન્ડ સાથે એક રેસ્ટોરન્ટમાં જમવા ગયા હતા. આ સમય દરમિયાન, લગ્ન બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો.

# મહાકુંભના મેળામાં સ્નાન કરવા ગયેલા નવસારીના 35 વર્ષીય યુવકનુ મોત

**નવસારી**

મહાકુંભમાં સ્નાન કરવા ગયેલા ગુજરાતી યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું છે. વધુ એક શ્રદ્ધાળુનું મોત નીપજતાં શોક માહોલ છવાયો છે. નવસારીના વાસંદાના 35 વર્ષીય વિવેક રમેશ પટેલ નામનો યુવક મહાકુંભમાં સ્નાન કરવા ગયો હતો. મહાકુંભમાં સ્નાન કરતી વેળાએ અચાનક ચક્કર આવી જતાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને સુરક્ષાકર્મીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને બચાવની કામગીરી હાથ ધરી હતી.

વિવેક પટેલને પાણીમાંથી બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસે અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવકની ડેડબોડીને પોસ્ટમોર્ટમ ખાતે ખસેડવામાં આવી છે. આ ઘટનાની જાણ થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

# પીધેલાં પકડાય છે તેમાં 15માંથી 10 યુવાન પટેલ હોય છે : મહિલા PSI

## પીએસઆઈનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ

**સુરત**

સુરતના સરથાણના મહિલા PSIનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, 'દારૂ પીધેલા ઝડપાતા 15 યુવાનોમાંથી 10 પાટીદાર યુવાનો હોય છે. જ્યારે સાયબર ફ્રોડના કેસમાં 50 ટકા પટેલ સમાજ હોય છે...'

વીડિયોમાં મહિલા PSIએ કહ્યું કે, ' હું તમને સરથાણા પોલીસ સ્ટેશનની વાત કરું. સાંજે અમારું કામ છે કે, સૌથી વધુ નશાની હાલતમાં હોય તેમના કેસ નોંધવા. અમે અમારા ટાર્ગેટ પ્રમાણે જઈએ છીએ. જેમાં દારૂ પીધેલા ઝડપાતા 15 યુવાનોમાંથી 10 પાટેલ સમાજના યુવાનો હોય છે. આ વિચારવાની વાત છે. જ્યારે પીધેલા પકડાયા બાદ છોડવાની ભલામણ કરતા હોય છે. આમ કોઈપણની ભલામણ આવે પરંતુ મારા પટેલ સમાજને તમારે છોડવાના નથી, એક રાત તે લોક-અપમાં રહેશે એટલે ખ્યાલ આવશે કે આ વસ્તુ ન કરાય.'



સાયબર ફ્રોડના કેસની વાત કરતાં મહિલા PSIએ કહ્યું કે, 'સાયબર ફ્રોડના કેસમાં 50 ટકા પટેલ સમાજ હોય છે. શું કામ ખોટા રસ્તે જાવ છો. પટેલ સમાજે આટલી નામના મેળવી છે, તો શું કામ પતન તરફ જવાનું? આજુબાજુના વ્યક્તિ પણ કહેતા હોય છે કે તમારો સમાજ છે, ત્યારે કેટલી શરમ આવે...'

જ્યારે મહિલા PSIના નિવેદન મામલે દિનેશ બાંભણીયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'હું મહિલા PSIના વાતને સમર્થન આપું છું અને સમાજે આ બાબતે ગંભીરતાથી વિચારવાની સાથે મંથન કરીને ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ.


Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) — 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab — 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમરેલીમાં ગુરુ-શિષ્યના સંબંધો લજવાયા વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

## પકડાયેલા આરોપીની પોલીસ દ્વારા પૂછપરછ, શિક્ષક ગૃહપતિ તરીકે ફરજ બજાવતો હતો

**અમરેલી**

અમરેલી-સાવરકુંડલા તાલુકાના વંડા વિસ્તારની એક ખાનગી શાળા શિક્ષકે શિક્ષણ જગતને શર્મશાર કરતી હરકત કરી છે. અમરેલીના સાવરકુંડલા તાલુકામાં આવેલા વંડા પોલીસ સ્ટેશનમાં સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય અને દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. વંડા વિસ્તારમાં આવેલી ખાનગી શાળાની હોસ્ટેલમાં વિશાલ સાવલિયા નામનો શિક્ષક ગૃહપતિ તરીકે કામ કરતો હતો. આ શિક્ષક રમતગમત અને જનરલ વિભાગ સંભાળતો હતો.

વિશાલ સાવલિયા હોસ્ટેલની સામેના રૂમમાં રહેતો હતો અને વિદ્યાર્થીને તેના રૂમમાં બોલાવી કૃત્ય આચરતો હતો. આ ઘટના 5 તારીખ બની હતી ત્યારબાદ વિદ્યાર્થીને પાછળના ભાગે દુખાવો પણ થયો હતો. ત્યારબાદ પરિવાર નાસ્તો આપવા હોસ્ટેલ આવતા વિદ્યાર્થીને તાવ આવતો હોવાથી પરિવાર ઘરે લઈ જઈ રહ્યા હતા, તે સમયે વિદ્યાર્થીએ પરિવારને વાત સમગ્ર ઘટના વિશે જાણ કરતાં સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. ત્યારબાદ પરિવારે વંડા પોલીસ મથકે પહોંચી ફરીયાદ નોંધાવી હતી. આ ઘટનાની ગંભીરતા સમજી વંડા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પોલીસે શિક્ષક વિશાલ સાવલિયાની શોધખોળ હાથ ધરી રાઉન્ડઅપ કર્યો છે. હાલ પૂછપરછ ચાલી રહી છે અને ધરપકડ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. એસ.પી સંજય ખરાત એસ.એસ.પી વલય વૈદ્ય સહીત ઉચ્ચ અધિકારીઓ પહોંચી ગયા હતા.

# રાજકોટ લવાતી 75 લાખની ચાંદી અને 1.38 કરોડની રોકડ સાથે 3 ઝડપાયા

**રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ રહી છે, ત્યારે દાહોદ જિલ્લા પોલીસે આંતરરાજ્ય બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન કુરિયર કંપનીની ગાડીના ચોરખાનામાં સંતાડી લઈ જવાતી 75 લાખની આશરે 108 કિલો ચાંદી અને 1.38 કરોડની રોકડ સહીત 2.19 કરોડનો મુદ્દામાલ પકડી પાડયો છે. આ સાથે ઉત્તર પ્રદેશના ચાલક સહિત 3 ઈસમોની ધરપકડ કરી છે. રોકડ રકમ અને ચાંદીનો જથ્થો રાજકોટ લઈ જવાતો હતો.

પોલીસે ગાડીના ડ્રાઈવર વિરેન્દ્રકુમાર રામલાલ શર્મા (ઉ.વ. 40, રહે. ઝાંસી, પ્રેમ નગર થાનાની પાછળ ઝાંસી (યુ.પી.) તથા (2) ડ્રાઈવરની બાજુમાં બેટેલા મનીષકુમાર રામેશ્વર પ્રસાદ ગુપ્તા (ઉ.વ. 45 રહે. ડરૂ ભોડેલા તા.જી. ઝાંસી)અને (3) રાજુભાઈ શ્રીકાલિકા પ્રસાદ પટેલ (ઉ.વ. 45, ખેતીકામ રહે. ઉનાવ ગેટની બહાર , અંજની નગર, ઝાંસી) ની ધરપકડ કરી હતી. બંનેને પકડી મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન લવાયા હતા, અને ગુનો દાખલ કર્યો હતો. ચૂંટણી દરમિયાન મતદારોને રીઝવવા રોકડ રકમનો ઉપયોગ થવાની શક્યતા જણાઈ રહી છે. જેથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# જામનગર મેડિકલ કોલેજમાં તબીબ ઉપર જાતીય સતામણીનો આરોપ

**જામનગર**

જામનગરની મેડિકલ કોલેજની તબીબી વિદ્યાર્થીનીએ પોતાના વિભાગના ડોક્ટર સામે સતામણીનો આરોપ મૂકતાં ખળભળાટ મચી ગયો છે. અહીંની એમ.પી. શાહ મેડિકલ કોલેજ અને જી.જી. હોસ્પિટલના એક વિભાગમાં અભ્યાસ કરતી તબીબી વિદ્યાર્થિની ડોક્ટર યુવતીએ પોતાના વિભાગના તબીબ ડો. દીપક રાવલ દ્વારા જાતીય સતામણીની ફરિયાદ કરી છે. આ અંગેની તપાસ જાતીય સતામણી કમિટીને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ યુવતીએ પોલીસ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, ડો. દીપક રાવલ તેને તેના જ ફોટો પાડીને મોકલે છે, તેઓ લખે છે કે તુ ખૂબ સુંદર છે. જો કે, આ તબીબ તેને નાપાસ કરશે એવા ડરથી તેણે ફરિયાદ કરી ન હતી. ઓપરેશન થિયેટરમાં હોઈએ ત્યારે એમ કહેતા હતાં કે તુ મારી સામે જોતી નથી. એ વખતે પણ મને નાપાસ કરે એવો ડર હતો. જો કે, હવે પરીક્ષામાં પાસ થઈ જવાથી હિંમત ભેગી કરીને ફરિયાદ કરી છે. જો આ બાબતે યોગ્ય તપાસ થશે તો ડો. દીપક રાવલ સામે અનેક ફરિયાદો હોઈ શકે છે.

# ચોરવાડ નગરપાલિકાની ચૂંટણી જીતવા સાંસદ અને ધારાસભ્ય જ આમને-સામને

## ભાજપ અને કોંગ્રેસના નેતાઓનું હોમ ટાઉન હોવાથી ચૂંટણી પ્રતિષ્ઠનો સવાલ બની

**જૂનાગઢ**

ચોરવાડ નગરપાલિકામાં ભાજપનું શાસન આવે તે માટે ખુદ સાંસદ મેદાને આવ્યા છે. તો કોંગ્રેસ શાસન ટકાવી રાખવા માટે અથાગ પ્રયત્નો કરી રહી છે. ત્યારે આ બંને નેતામાંથી કોણ બાજી મારશે તે પરિણામ આવશે ત્યારે જ ખબર પડશે?

દેશના ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીની જન્મભૂમિ એટલે કે ચોરવાડ.... જૂનાગઢ જિલ્લામાં છ નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ રહી છે. પરંતુ સૌથી સંવેદનશીલ ગણાતી ચોરવાડ નગરપાલિકા ઉપર સમગ્ર લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે કારણ કે અહીં બે બાહુબલી નેતાઓ આમને સામને છે. જૂનાગઢ જિલ્લાના ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાનું હોમટાઉન છે. ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાનું પણ હોમ ટાઉન છે. છેલ્લા પાંચ વર્ષથી આ નગરપાલિકામાં વિમલ ચુડાસમાના પત્ની જલ્પાબેન ચુડાસમા પ્રમુખ છે. ત્યારે કોંગ્રેસ પાસેથી આ નગરપાલિકાને આંચકી લેવા ખુદ ભાજપના સાંસદ રાજેશ ચુડાસમા મેદાને પડ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પોતાના વિકાસ કામોને લઈને લોકો ફરીથી તેમના ઉપર વિશ્વાસ મૂકશે અને બહુમતીથી તેઓ વિજેતા થશે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે... ચોરવાડ નગરપાલિકા માટે તેમણે પણ ઉમેદવારી પત્ર ભર્યું છે.

# રાજકોટમાં ખેલાયો ખૂની ખેલ, બે સગા ભાઈ ઉપર છરી વડે હુમલો, બંનેનાં મોત

## એક ભાઈનું ઘટના સ્થળે, જ્યારે બીજા ભાઈનું સારવાર દરમિયાન મોત થયું

**રાજકોટ**

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં ગોવિંદબાગ શાકમાર્કેટ પાસે આર્યનગરમાં ભાડે રહેતા અને ચાંદી કામ કરતાં અમીત રાજુભાઈ જૈન (ઉ.વ. 29) અને તેનો ભાઈ વીકી (ઉ.વ. 25) ઘર પાસે હતા ત્યારે ત્રણથી ચાર અજાણ્યા શખ્સો આવી ચઢ્યા હતા અને આડેધડ છરીના ઘા ઝીંકી દેતા ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બંનેના સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યા હતાં.

આ ઘટના અંગે મૃતકના પિતા રાજુભાઈએ જણાવ્યું કે તેને સંતાનમાં ત્રણ પુત્રો છે. ત્રણેયના લગ્ન થઈ ગયા છે. મોટા પુત્ર અમિતને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. તે સંયુક્ત પરિવારમાં છેલ્લા દોઢેક વર્ષથી રાજકોટમાં રહી ચાંદીકામ કરે છે. પુત્રવધૂએ જમવાનું બનાવ્યું હોય બધા પરિવારજનો જમવાની તૈયારી કરી રહ્યા હતા. આ સમયે પહેલા માળેથી તેનો પુત્ર અમિત નીચેના માળે બાથરૂમ જવાનું કહીને નીકળ્યો હતો. જ્યાં નીચેના માળે અજાણ્યા ત્રણ થી ચાર શખ્સોએ તેને છરીના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જે તેનો નાનોભાઈ વીકી જોઈ જતાં બચાવવા દોડ્યો હતો. હુમલાખોરોએ તેને પણ છરીના ઘા ઝીંકી દેતાં બંને લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. આ અંગે જાણ થતાં અમિતના પિતા સહિતના પરિવારજનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બંને ઈજાગ્રસ્ત ભાઈઓને તાત્કાલિક સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ બંનેના મૃત્યુ નિપજ્યા હતા.

# ભાવનગરમાં વિદ્યાર્થિનીના પિતાએ વિદ્યાર્થીને છરીના 5 ઘા ઝીંકી દીધા

**ભાવનગર**



ભાવનગરના ઓઝ ઈન્સ્ટિટ્યૂટમાં ચોંકાવનારી ઘટના બની હતી. વિદ્યાર્થિનીના પિતાએ શિક્ષકોની હાજરીમાં જ વિદ્યાર્થી પર છરીથી હુમલો કર્યો હતો. વિદ્યાર્થિનીના પિતાએ કમરમાં રાખેલી છરી કાઢીને 4 સેકન્ડમાં છરીના 5 ઘા ઝીંક્યા હતા. મળતી વિગત પ્રમાણે, વિદ્યાર્થી ઓઝ ઈન્સ્ટિટ્યૂટમાં પરીક્ષાના તૈયારી કરતો હતો અને હોસ્ટેલમાં રહેતો હતો. તેની સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે મોબાઈલ પર વાતચીત કરતો હતો. આ અંગે વિદ્યાર્થિનીના પિતાને જાણ થતાં તેમણે વિદ્યાર્થીને ફોન કરી ઈન્સ્ટિટ્યૂટમાં મળવા બોલાવ્યો હતો.

ઈન્સ્ટિટ્યૂટના કાઉન્સલિંગ રૂમમાં શિક્ષકોની હાજરીમાં વિદ્યાર્થિનીના પિતાએ છરીથી હુમલો કર્યો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. હુમલા બાદ ઈન્સ્ટિટ્યૂટમાં અફડાતફડી મચી ગઈ હતી.

# કચ્છમાં આલ્બમના ગીતનું શૂટિંગ વખતે સિંગર ઉમેશ બારોટની તબિયત લથડી

**કચ્છ**



ગુજરાતના જાણીતા ગાયક ઉમેશ બારોટ કચ્છ ખાતે તેમના આલ્બમના ગીતનું શૂટિંગ કરતી વખતે તબિયત લથડી હોવાનું સામે આવ્યું છે. મોડી રાત્રે અચાનક ઉમેશ બારોટની તબિયત લથડતાં ભુજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કચ્છના સફેદ રણ ખાતે ગાયક ઉમેશ બારોટના આલ્બમ ગીતનું શૂટિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ઉમેશ બારોટની તબિયત તબિયત બગડતા વધુ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ ઉમેશ બારોટની સારવાર ચાલી રહી છે.

# જામજોધપુર, કાલાવડ, ધ્રોલમાં બળવો કરનારા 7 કાર્યકરો ભાજપમાંથી સસ્પેન્ડ

**જામજોધપુર**

આગામી યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જામનગર જિલ્લામાં જામજોધપુર, કાલાવડ અને ધ્રોલ નગર પાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના આદેશની વિરુદ્ધ જઈ, પક્ષના અધિકૃત ઉમેદવાર સામે જે કાર્યકરોએ ઉમેદવારી નોંધાવેલી છે, તેઓની સામે પ્રદેશ સંગઠનની સુચના અનુસાર આકરા પગલા લીધા છે. જિલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઈ મુંગરાએ આવા તમામ 7 કાર્યકરોને આગામી છ વર્ષ માટે પક્ષના પ્રાથમિક સભ્ય સહિત તમામ હોદ્દા પરથી સસ્પેન્ડ કર્યા છે.

સસ્પેન્ડ કરાયેલા સભ્યોમાં (1) કાલાવડ નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર હરિશચંદ્રસિંહ જાડેજા (2) એ.પી. એમ.સી. જામજોધપુરના રાજુભાઈ કાલરીયા (3) જામજોધપુર મહિલા મોરચાના પ્રમુખ ચંદ્રિકાબેન ખાંટ (4) વિરાભાઈ કટારા (5) જિલ્લા આર્થિક સેલના સહકન્વીનર હિતેષ ભોજાણી (6) ધ્રોલના કાર્યકર્તા ચન્દ્રકાંતભાઈ વલેરા (7) અનુ.જાતી મોરચાના પૂર્વ પ્રમુખ લાલજીભાઈ વિંઝુડા વગેરે સામેલ છે. જે તમામને જિલ્લા ભાજપ દ્વારા પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ, ત્રણ હોદ્દેદારોએ આપ્યા રાજીનામા

**દ્વારકા**

દ્વારકા જિલ્લામાં આપમાં ભંગાણ સર્જાયું છે. સલાયામાંથી 3 હોદેદારોએ રાજીનામા આપ્યા હતા. પાલિકાની ચૂંટણી સમયે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામા પડતાં ખળભળાટ મચી ગયો હતો. જિલ્લા ઉપપ્રમુખ જુનુસ ભગાડ તથા સલાયા શહેર પ્રમુખ હાજી સુંભણીયાએ રાજીનામું ધરી દેતાં પક્ષમાં સોંપો પડી ગયો હતો. ભાણવડ નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના તમામ 8 ઉમેદવારોના ફોર્મ રદ કરી દેવામાં આવ્યા હતા. આ મુદ્દે રાજકારણ પણ ગરમાયું હતું અને આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણીપંચમાં ફરિયાદ કરવામાં આવી હતી. આપના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદ કરીને ભાજપ પર પ્રહારો કર્યા હતા.

સ્વદેશ



## સૈફ પર હુમલા બાદ કરીનાએ ફરી શૂટિંગ શરૂ કર્યું

મુંબઈ : સૈફ અલી ખાન પર હુમલાના આશરે ૨૬ દિવસ બાદ પહેલીવાર કરીના કપૂર સેટ પર પાછી ફરી છે અને તેણે તેનાં પ્રોફેશનલ કમીટમેન્ટસ નિભાવવાના શરુ કર્યાં છે. મંગળવારે સવારે કરીના પહેલીવાર સેટ પર જતી જોવા મળી હતી. તે વેનિટી વાનમાંથી બહાર નીકળી ત્યારે પાપારાઝીઓએ તેની તસવીરો ખેંચી હતી. કરીનાએ તેમનું અભિવાદન કર્યું હતું પરંતુ તે એક પણ શબ્દ  ઉચ્ચાર્યા વિના જતી રહી હતી.  ગઈ તા. ૧૬મી જાન્યુઆરીએ સૈફ પર તેના ઘરે જ એક તસ્કર દ્વારા હુમલો થયો હતો.



# વેલેન્ટાઈન્સ ડે પર ઘર વેચીને ગિફ્ટ આપવાની જરૂર નથી

## અભિનેત્રી શ્રદ્ધા કપૂરની સલાહ, એંગલ બદલો, રંગ નહીં



મુંબઈ : શ્રદ્ધા કપૂરે તેના ફેન્સ સાથે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને રંગ નહીં પણ એંગલ બદલવાની વાત કરી હતી. શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બે તસવીરો શેર કરી હતી. જેમાંથી એક તસવીરમાં તે એકદમ ઉપર ફોન રાખીને કેમેરામાંથી સેલ્ફી લે છે. જ્યારે બીજી તસવીરમાં તે પોતાના બે પેટ્સ સાથે રમતી હોય એવી સેલ્ફી ટોપ એન્ગલથી લીધેલી છે. આ ફોટોની કૅપ્શનમાં શ્રદ્ધાએ લખ્યું છે, “એંગલ બદલો, રંગ નહીં”. તેણે પૅટ્સ સાથેની તસવીરને “સેટરડે સૂકુન” ગણાવી હતી. ગયા અઠવાડિયે જ, શ્રદ્ધાએ વેલેન્ટાઈન્સ ગિફ્ટ માટેનો બેસ્ટ આઈડિયા આપ્યો હતો. તેણે આ માટે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો. શ્રદ્ધાએ આ વીડિયોમાં કહ્યું, “બધાને વેલેન્ટાઈન્સ ડે પર કંઈક અલગ કરવું હોય છે, પરંતુ આપણે તો દિવાળી પર ગિફ્ટ આપીએ છીએ, રક્ષાબંધન, કે બોર્ડની પરીક્ષાઓ પર પણ ગિફ્ટ આપીએ છીએ. તો વેલેન્ટાઈન્સ પર આપણે એક સારું બ્રેસલેટ ગિફ્ટમાં ન આપી શકીએ?””દરરોજ ઉપયોગમાં લઈ શકાય એવી કોઈ પણ વસ્તુ તમે ગિફ્ટ આપી શકો છો. માત્ર કોઈક ગિફ્ટ આપો, કંઈ પણ. હું એવું નથી કહેતી કે તમે ઘર ગિરવે મુકીને કશુંક ખરીદો, તમે લૅબમાં બનેલા ડાયમંડની વસ્તુ પણ આપી શકો છો.” શ્રદ્ધા કપૂરે આ વીડિયો પોસ્ટ કરતાં લખ્યું હતું, “વેલેન્ટાઈન્સ પર ગિફ્ટ આપો, બહુ થયુંપ દિલથી.” અગાઉ શ્રદ્ધાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે કેમ તે પોસાના ઈન્સ્ટાગ્રામ પર બહુ પોસ્ટ કરતી નથી. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા પોતાની વાંચતી તસવીરો શેર કરી હતી અને લખ્યું હતું, “એટલા માટે ઓછી પોસ્ટ કરતી હતી.”

## રણવીર અલ્હાબાદિયાની કોમેન્ટ બાદ રાજપાલ અને એ.આર.રહેમાન થયા નારાજ



સમય રૈનાનો કોમેડી શો ઈન્ડિયા ગૉટ લેટેન્ટ વિવાદના કારણે ચર્ચામાં છે. સમયના એક લેટેસ્ટ એપિસોડ પર વિવાદ બંધ થવાનું નામ નથી લઈ રહ્યો. યુટ્યુબ અને બિઝનેસમેન રણવીર અલ્હાબાદિયાએ શો દરમિયાન એક કન્ટેસ્ટન્ટને એવો પ્રશ્ન પૂછ્યો જેણે અશ્લીલતાની તમામ હદ વટાવી દીધી હતી. ત્યારબાદ આ ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં લોકોએ કોમેડિયન પર ડાર્ક કોમેડીના નામે અભદ્રતા ફેલાવવાનો આરોપ લગાવ્યો. પ્રખ્યાત લેખકથી લઈને સામાન્ય લોકોએ નારાજગી વ્યક્ત કરી તો મુંબઈમાં સમય રૈના, રણવીર અલ્હાબાદિયા અને અપૂર્વા સહિત 6 લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સમય રૈનાએ થોડા દિવસો પહેલાં સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને શોના તમામ એપિસોડ દૂર કરવાની જાણકારી આપી હતી. આ દરમિયાન એ.આર રહેમાન, રાજપાલ યાદવ સહિત બોલીવુડના દિગ્ગજ અભિનેતાઓએ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. જો કે, ઈન્ડિયાઝ ગૉટ લેટેન્ટના રણવીર અલ્હાબાદિયાએ પોતાના નિવેદનને લઈને માફી પણ માંગી છે. તેણે કહ્યું કે, ‘મારી કોમેન્ટ અયોગ્ય હતી અને તે રમૂજી પણ નહતી. હું ફક્ત માફી માંગવા આવ્યો છું’.



## ગ્રેમી વિજેતા થિરોન બિલી સાથે નોરા ફતેહીનો નવો ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ

મુંબઈ : નોરા ફતેહી પોતાના ડાન્સ અને ગ્રેસ માટે જાણીતી છે, તાજેતરમાં જ તેણે પોતાનો જન્મદિવસ ઉજવ્યો છે. હવે નોરા એક ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, તેણે ફિફામાં પરફોર્મ કર્યું હતું અને થોડાં વખત પહેલાં તેણે ટોમી બ્રાઉન સાથે ‘સ્નેક’ બનાવ્યું હતું હવે તે ફરી એક વખત ઈન્ટરનેશનલ લેવલ પર નવું કોલબરેશન કરવા જઈ રહી છે. તેણે સોશિયલ મીડિયા પર પોતાની એક તસવીર શેર કરીને ફૅન્સને ઉત્સાહમાં લાવી દીધાં છે. જેમાં તે પ્રોડયુસર ટોમી બ્રાઈન અને ગ્રેમી વિજેતા મ્યુઝિશિયન થિરોની બિલી વાતો કરતાં દેખાય છે. જેનાથી તેણે આ ત્રણેય વચ્ચેના આગામી કોલબરેશનની હિન્ટ આપી છે. આ તસવીર શેર કરતાં તેણે કૅપ્શનમાં લખ્યું હતું, “આ રીતે “એક બોસ બેસે” ત્યારે દેખાય..અમે કશુંક લાવીએ છીએ..૨૦૨૫માં આગ લગાવી દઈશું.”નોરાએ ફિફા વર્લ્ડ કપમાં ‘લાઈટ ધ સ્કાય’ અને ‘સ્નેક’ જેવા ગીતો પરફોર્મ કર્યાં હતાં ત્યારથી તે ગ્લોબલી પણ પોપ્યુલર થઈ ગઈ છે. તેણે ૨૦૧૯માં ‘પેપેટા’ માટે રે વન્ની સાથે પણ કોલબરેશન કર્યું છે. તેને ૯૦ મિલિયન વ્યૂઝ મળેલાં છે. આ ઉપરાંત તેણે ‘ધ ડર્ટી સિક્રેટ’ માટે ઝેક નાઈટ સાથે પણ કોલબરેશન કર્યું હતું. સીકે સાથે તેણે ‘ઈટ્સ ટ્રુ’ આલ્બમ માટે કોલબરેટ કર્યું હતું. તેણે જ્યારે ‘સ્નેક’ માટે જેસન ડેરુલો અને ટોમી બ્રાઉન સાથે પ્રોડક્શન રિલીઝ કર્યું તો તેને ૨૪ કલાકની અંદર ગ્લોબલી ૨ ક્રમે અને સ્પોટિફાયના ગ્લોબલ ચાર્ટ પર ૩ ક્રમે પહોંચી ગયું હતું. તે ટ્રેન્ડિંગ થઈ ગયું હતું. તેની આ સફળતાઓ પોછી હવે નવા કોલબરેશન પાસે પણ ઘણી અપેક્ષાઓ છે.



## કોને મળશે અમિતાભ બચ્ચનની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી?

મુંબઈ : બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન તેમની પર્સનલ અને પ્રોફનલ બંને લાઈફને કારણે ચર્ચામાં આવતા હોય છે. એમાં પણ છેલ્લાં કેટલાક સમયથી તો પરિવારમાં ચાલી રહેલાં વિખવાદને કારણે બચ્ચન પરિવાર ખૂબ જ ચર્ચામાં રહે છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતાં બિગ બીએ પોતાના સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી હતી જેને કારણે ફેન્સ ચિંતામાં પડી ગયા હતા. બિગ બીએ પોસ્ટમાં લખ્યું હતું કે જવાનો સમય આવી ગયો છે.આ બધા વચ્ચે હવે બિગ બીની પ્રોપર્ટી વહેંચણીને લઈને પણ સોશિયલ મીડિયા પર જાત-જાતના દાવા કરાઈ રહ્યા છે. જો તમને પણ એ સવાલ સતાવી રહ્યો હોય કે બિગ બીની ૧૬૦૦ કરોડની પ્રોપર્ટી કોને મળશે તો ચાલો તમને જણાવીએ-બિગ બી ૮૩ વર્ષે હજી સુધી એક્ટિવ છે અને તેઓ કામ કરી રહ્યા છે.અગાઉ કહ્યું એમ બિગ બીએ કરેલી ક્રિપ્ટિક પોસ્ટ બાદ ફેન્સ હવે એવા ક્યાસ લગાવી રહ્યા છે કે બિગ બી હવે રિટાયરમેન્ટ એનાઉન્સ કરી શકે છે. આવી પરિસ્થિતિમાં તેમની પ્રોપર્ટીમાંથી કોને શું મળશે એ જાણવાની તાલાવેલી થાય એ સ્વાભાવિક છે. પરંતુ ભાઈસાબ આ બિગ બી છે અને તેમણે પોતાનું વસિયતનામું તૈયાર જ રાખ્યું છે.એક ઈન્ટરવ્યુમાં બિગ બીએ ખુદ ખુલાસો કર્યો હતો કે જ્યારે હું મરીશ ત્યારે મારી પાસે જે પણ કંઈ હશે તે મારી દીકરી શ્વેતા અને મારા દીકરા અભિષેક વચ્ચે બરાબર હિસ્સે વહેંચવામાં આવશે. આ મામલે દીકરા-દીકરીમાં કોઈ તફાવત નહીં કરવામાં આવે. બિગ બીના આ ઈન્ટરવ્યુ બાદ એ વાત તો સ્પષ્ટ થઈ ગઈ છે કે બિગ બીની ૧૬૦૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટીના સરખેસરખા ભાગ કરવામાં આવશે અને તે શ્વેતા અને અભિષેકને આપવામાં આવશે.બિગ બીએ આ જ ઈન્ટરવ્યુમાં આગળ એવું પણ જણાવ્યું હતું કે હું દીકરીઓને પારકી થાપણ નથી માનતો. આપણે ત્યાં લોકો કહે છે કે દીકરી તો પારકી થાપણ કહેવાય. તે સાસરે જતી રહે, પણ શ્વેતા બિગ બી માટે હજી પણ તેમની દીકરી જ છે. શ્વેતાનો પણ બિગ બીના ઘર, પ્રોપર્ટી પર એટલો જ અધિકાર છે જેટલો અભિષેકનો છે.







### દિલ્હીમાં ભાજપી નેતાઓની વ્યૂહરચના અને આપની નિષ્ફળતાએ બાજી પલટી

# કેજરીવાલને ધોબીપછડાટ, ભાજપને 27 વર્ષે સિંહાસન

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનો કારમો પરાજય થયો અને ભાજપે 27 વર્ષ પછી અહી સત્તા મેળવી છે. ૭૦ બેઠકોની વિધાનસભામાં ભાજપે ૪૮ બેઠકો અંકે કરી જ્યારે આપને માત્ર ૨૨ બેઠકો મળી. 2019માં ૭૦માંથી ૬૨ બેઠકો જીતનારા કેજરીવાલની પાર્ટીએ ૪૦ બેઠકો ગુમાવી છે એ જોતાં આ દેખાવ શરમજનક કહેવાય. દિલ્હીનાં મુખ્યમંત્રી આતિસી કાલકાજી બેઠક પરથી જીત્યા, બાકી મનિષ સિસોદિયા સહિતના આપના ઘણાં ધુરંધરોએ પરાજયનો સામનો કરવો પડ્યો છે.

દિલ્હીમાં આવેલા આ પરિણામો માટે અનેક કારણો છે. જેમાં મુખ્ય કારણ ભ્રષ્ટાચાર છે. ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધારેનું લિકર સ્કેમ, સરકારી તિજોરીમાંથી ૪૦૦ કરોડ ખર્ચીને કેજરીવાલ માટે બનાવાયેલો શીશ મહલ વગેરે મુદ્દા ભાજપ છેલ્લા બે વર્ષથી ઉઠાવતો હતો. આ જ કારણોસર સત્યેન્દ્ર જૈન અને ખુદ કેજરીવાલ સહિતના નેતાઓએ જેલાં પણ જવું પડ્યું હતુ. જેને કારણે તેમની છબી ખરડાઈ ગઈ હતી. વાસ્તવમાં અન્ના હજારેના આંદોલન બાદ અસ્તિત્વમા આવેલી આમ આદમી પાર્ટીના આ નેતાઓની તે સમયની ઈમેજ પ્રમાણિક નેતા તરીકેની રહી હતી. એટલે જ જનતાએ તેમને 3 વાર દિલ્હીમા જીતાડ્યા. પહેલીવાર કોંગ્રેસે સાથ ન આપતા સરકાર બહૂ લાંબી ચાલી ન હતી. પરંતુ તે પછીની બે ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ભાજપના સુપડા સાફ કરી નાંખ્યા હતા. જ્યારે 2025મા સ્થિતિ વિપરિત રહી. આમ આદમી પાર્ટી દ્વારા મતદારોને એટલાં બધાં વચનો આપવામાં આવ્યાં હતાં કે તે વચનો પૂરાં કરવાં અંગે સંશયો હતા. ફક્ત છ મહિનાથી સક્રિય રહેલા પ્રવેશ વર્માએ કેજરીવાલને ધૂળ ચાટતા કરી દીધા છે.

આ સાથે જ દિલ્હીએ ભારતમા અરવિંદ કેજરીવાલી આપ જેવી પાર્ટીના વૈકલ્પિક રાજકારણ સામે પણ જોખમ ઉભુ કરી દીધું છે. દિલ્હી આમ આદમી પાર્ટીનું જન્મ સ્થળ હતું. એટલે તેને દિલ્હીમાં પરાજીત કરવુ મુશ્કેલ હતુ. પરંતુ ભાજપે તે કરી બતાવ્યું છે. 2019માં ચૂંટણી પ્રચાર દરમિયાન યમુનાને સ્વચ્છ કરવાનું વચન કેજરીવાલે આપ્યુ હતુ. પરતુ આમ આદમી પાર્ટીની સરકાર તે કરી શકી ન હતી.એટલુ જ નહી કેજરીવાલે યમુનામાં હરિયાણા સરકાર ઝેર ફેલાવીને દિલ્હીમા નરસંહાર કરવા માગતા હોવાનો આરોપ મુક્યો હતો. આ વાત પણ જનતાને ગળે ઉતરી ન હતી.





આ જ યમુના નદીના પાણીને ભાજપે મુદ્દો બનાવ્યો હતો. આ ઉપરાતં દારૂ કૌભાંડના ભ્રષ્ટાચારનો રેલો મતદાન સુધી ફેલાતો રહ્યો હતો. ભાજપના પ્રવેશ વર્મો દરેક તક પર કેજરીવાલની ખામીઓને ઉજાગર કરતા રહ્યા હતા. રાજકારણમાં આવતાં પહેલાં અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ WIP સંસ્કૃતિનો અંત લાવશે. તેમણે કાર, બંગલો અને સુરક્ષા લેવાનો પણ ઈનકાર કર્યો હતો, પરંતુ સત્તામાં આવ્યા પછી તેમણે માત્ર લક્ઝરી કાર જ નહીં, પરંતુ કેન્દ્ર તરફથી Z પ્લસ સુરક્ષા હોવા છતાં પંજાબ સરકાર પાસેથી ટોચની સૂરક્ષા પણ લીધી હતી. મુખ્યમંત્રી તરીકે તેમણે પોતાના માટે બનાવેલા વૈભવી ઘરનો મુદ્દો પણ ભાજપે જોરશોરથી ચગાવ્યો હતો. તેથી કેજરીવાલી છબી ઘણી ખરાબ થઈ ગઈ હતી.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહારાષ્ટ્ર ચૂંટણી દરમિયાન જો આપણે ભાગલા પાડીશું તો આપણને કાપવામાં આવશે (બટેંગે તો કટેંગે)નું સૂત્ર આપ્યું હતું. તેમનું સૂત્ર બાંગ્લા દેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારના સંદર્ભમાં ભારતના હિન્દુઓ એક રહે તે માટે હતું. જો કે, યોગીના આ સુત્રથી હિદુત્વની ભાવના પણ અનેક લોકોમા વધુ પ્રબળ બની હતી. સામે પક્ષે લોકસભાની જેમ ઈન્ડિયા ગઠબંધન ન હતુ. એટલુ જ નહીં, કોગ્રેસ અને આ આદમી પાર્ટી અલગ અલગ ચૂંટણી લડ્યા. જેને કારણે આપને નુકસાન થયુ. દિલ્હી ચૂટંણીના પરિણામોમાં 13 બેઠકો એવી છે જ્યાં આપના પરાજિત ઉમેદવાર અને કોગ્રેસના ઉમેદવારને મળેલા મતનો સરવાળો કરાય તો ભાજપનો ઉમેદવાર હારી જાય તેમ છે. પરંતુ કેજરીવાલને વધુ પડતો આત્મવિશ્વાસ હતો કે, તેઓ એકલે હાથે ચૂંટણી જીતી જશે એટલે તેમણે કોંગ્રેસ સાથે કોઈ ચર્ચા સુદ્ધા ન કરી. આ પહેલાં હરિયાણામા બંને પક્ષો અલગ અલગ ચૂટણી લડતા ભાજપ ફાવી ગયો હતો.

ચૂંટણી વેળા ઝારખંડમાં મુખ્ય મંત્રી હેમંત શોરન અને દિલ્હીમાં અરવિંદ કેજરીવાલના મુદ્દાઓ સમાન હતા. ઝારખંડમાં જેએમએમની જીતનું કારણ એ યોજના માનવામાં આવી હતી, જેમાં મહિલાઓને દર મહિને એક નિશ્ચિત રકમ મળે છે. દિલ્હીમાં પણ અરવિંદ કેજરીવાલ છેલ્લા એક વર્ષથી આ યોજના લાગુ કરવા માંગતા હતા, પરંતુ તે લાગુ કરી શક્યા નહીં, તેને કારણે સામાન્ય લોકો સુધી સંદેશો ગયો કે જ્યારે અરવિંદ કેજરીવાલ આ વખતે જે યોજના લાગુ કરી શક્યા નથી, તો પછી મુખ્યમંત્રી મુખ્યમંત્રી બન્યા પછી તેઓ તે કેવી રીતે કરશે. જો દિલ્હી સરકારે એક મહિના પહેલાં પણ દર મહિને મહિલાઓને નિશ્ચિત નાણાંકીય મદદની યોજના લાગુ કરી હોત તો કદાચ આ પરિસ્થિતિ ન બની હોત અને તેમણે નામોશીભરી હાર સહન ન કરવી પડી હોત. દિલ્હીમાં મફત ભેટો શરૂ કરીને જ કેજરીવાલે સતત જીત મેળવી હતી, પરંતુ મૂળભૂત સુવિધાઓના અભાવે લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયાં હતાં. સૌથી મોટો મુદ્દો સ્વચ્છ પીવાના પાણીના સપ્લાયનો હતો. ઉનાળામાં લોકો પીવાનાં પાણી માટે વલખાં મારી રહ્યાં હતાં. આમ આદમી પાર્ટીની સરકાર પર ટેન્કર માફિયાઓનું વર્ચસ્વ દેખાઈ આવતું હતું.

આ રીતે દિલ્હી સરકારે ટેન્કર માફિયાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. આમ આદમી પાર્ટીએ આતિશીને કઠપૂતળી જેવાં મુખ્યમંત્રી બનાવ્યાં હતાં. જનતા સારી રીતે જાણતી હતી કે, જો આમ આદમી પાર્ટી જીતી જાય તો પણ અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બની શકશે નહીં અને જો તે મુખ્યમંત્રી બનશે તો પણ તે કોઈ કામ કરી શકશે નહીં. દિલ્હીની સમસ્યાઓ એવી જ રહેશે. જો આમ આદમી પાર્ટીએ અરવિંદ કેજરીવાલને બદલે બીજા કોઈને મુખ્ય મંત્રીપદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા હોત તો કદાચ પરિસ્થિતિ અલગ હોત, પણ તેમાં તેઓ થાપ ખાઈ ગયા હતા. વળી, ઈન્ડિયા ગઠબંધનના બે મુખ્ય પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સામસામે લડીને હાર્યા હોવાથી વિપક્ષી એકતા કેટલો સમય રહેશે તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.

આપની નિષ્ફળતા ઉપરાત ભાજપના નેતાઓની વ્યૂહરચનાએ પણ આ પરિણામમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જો કે, કેટલાક રાજકીય વિશ્લેષકો માને છે કે, વાસ્તવમાં દિલ્હીની લડાઈમાં ભ્રષ્ટાચાર મુદ્દો જ નહોતો. દિલ્હીનો જંગ રેવડીઓની ખેરાત પર લડાયો હતો. તેમાં ભાજપ મેદાન મારી ગયો છે. કેમ કે ભાજપે આપ અને કોંગ્રેસ કરતાં વધારે રેવડીઓ વહેંચવાનું વચન આપ્યાં હતાં. ઉપરાંત ભાજપે ગેરકાયદે કોલોનીઓને કાયદેસર કરવી, દલિત વિદ્યાર્થીઓને દર મહિને ૧૦૦૦ રૂપિયા સ્કોલરશીપ, ટેકનિકલ અને IITમાં ભણતા વિદ્યાર્થીઓને મેટ્રો-બસમાં મફત મુસાફરીની સાથે દર વરસે ૪૦૦૦ રૂપિયા ખાતામાં જમા કરાવવા, સીનિયર સિટિઝન્સ, વિધવાઓનું પેન્શન વધારીને ૩૫૦૦ રૂપિયા કરવું, યુપીએસસીની તૈયારી કરતા વિદ્યાર્થીઓને વરસે ૨૦ હજાર રૂપિયાની સહાય કરવા સહિતનાં વચનો પણ ભાજપે આપ્યા છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે પણ મહિલાઓના ખાતામાં દર મહિને રોકડ ટ્રાન્સફર કરવા સહિતનાં વચનો આપ્યા હતા. પણ ભાજપ કેન્દ્રમાં સત્તામાં છે તેથી ભાજપ પાસે વચનો પૂરાં કરવા માટે નાણાંની કોઈ કમી નહીં રહે એવું મતદારોને લાગ્યું છે.

**નેતાઓ પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપો, ભાજપની રેવડી અને કોંગ્રેસથી અલગ ચૂંટણી લડવાનો નિર્ણય તથા અગાઉના વચનો પુરા ન થવા જેવા કારણો આપની હાર માટે જવાબદાર બન્યા, દિલ્હીના પરિણામ સાથે રાષ્ટ્રીય રાજકારણના સમીકરણ બદલાવાની સંભાવના**




# બ્રામ્પ્ટનમાં મેયરના હસ્તે હોરીઝોન ઓપ્ટીકલ્સનું ઉદ્‌ઘાટન

બ્રાપ્ટન : ગયા અઠવાડિયે બ્રામ્પટનમાં એક નવા ઓપ્ટીકલ સ્ટોરનું ઉદ્‌ઘાટન થયું હતું. તા. 8-1-2024ને શનિવારે 7985, Financia DR પર Horizon Opticalનું ઉદ્‌ઘાટન મેયર પેટ્રીક બ્રાઉનના હસ્તે કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનોની હાજરીમાં રીબન કાપી મેયરે સ્ટોરમાં પ્રવેશ કર્યો હતો અને શુભેચ્છા પાઠવી વ્યવસાયની શુભ શરૂઆત કરાવી હતી.
Horizon Optical એ કમલેશ ભટ્ટનો ફેમિલિ બિઝનેસ છે. ઘણાં વર્ષોથી Home Based બીઝનેસ દ્વારા લોકોને સેવા આપ્યા બાદ એમણે આ રીટેઈલ આઉટલેટની શરૂઆત કરી છે. કમલેશ ભાઈ અને એમના પુત્ર વિવેક ભટ્ટ પણ હોરીઝન ઓપ્ટીશીયન છે. હોરીઝોન ઓપ્ટીકલમાં પ્રિસ્ક્રીપ્શન ગ્લાસીસ, સન ગ્લાસીસ, કોન્ટેક્ટ લેન્સીસ અને સેફ્ટી ગ્લાસીસની ઘણી વેરાયટી જોવા મળશે. ઈન્સ્યોરન્સ કંપનીઓ સાથે ડાયરેક્ટ બિલીંગ પણ કરી શકાશે.







# જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરી રહેલા યુવાનોને મદદ કરવા લિબરલ અને NDP નેતાનું વચન

## રજૂ થયેલી યોજનામાં વિદ્યાર્થીઓનું દેવું અને યુવા બેરોજગારી ઘટાડવા માટે પગલા સુચવાયા

**ઓન્ટેરિયો**

લિબરલ્સ અને NDPના નેતાઓએ જીવનનિર્વાહના ખર્ચ માટે દેશમાં સંઘર્ષ કરી રહેલા યુવાનોને મદદ કરવાનું વચન આપ્યું છે. ઓન્ટેરિયો પાર્ટીના બે નેતાઓએ યુવાનોને પોષણક્ષમતા સંકટનો સામનો કરવામાં મદદ કરવા માટે તેમની યોજનાઓ રજૂ કરી હતી.

જેમાં વિદ્યાર્થીઓનું દેવું અને યુવા બેરોજગારી ઘટાડવા માટે પગલા સુચવાયા છે. મંગળવારે પ્રચાર દરમિયાન લિબરલ નેતા બોની ક્રોમ્બી અને NDP નેતા મેરિટ સ્ટાઈલ્સ દ્વારા દર્શાવેલા વચનો ત્યારે આવ્યા, જ્યારે પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ નેતા ડગ ફોર્ડ ઓન્ટેરિયોના પ્રીમિયર તરીકે વોશિંગ્ટન, ડી.સી.માં રાજદ્વારી દબાણમાં જોડાયા હતા. ક્રોમ્બીએ કહ્યું હતુ કે, તે વિદ્યાર્થી લોન ઉપર વ્યાજ નાબૂદ કરશે, કંપનીઓને ટેક્સ ક્રેડિટ દ્વારા 40,000 પેઈડ ઈન્ટર્નશિપ અને એપ્રેન્ટિસશીપ બનાવશે અને વિદ્યાર્થી રહેઠાણોને વધુ સસ્તું બનાવશે. ઓન્ટેરિયોના લિબરલ્સ પાસે અમારા બેરોજગારી દરને અડધો કરવાની યોજના છે. ક્રોમ્બીએ ટોરોન્ટોમાં એક ઝુંબેશ સ્ટોપ પર કહ્યું કે “અમે એ પણ સુનિશ્ચિત કરવા જઈ રહ્યા છીએ કે તમારી પાસે એક ફેમિલી ડોક્ટર હોય, અને અમે તમને વચન પણ આપી રહ્યા છીએ કે તમને વિદ્યાર્થી લોન અને વિદ્યાર્થી દેવાથી દબાવવામાં નહીં આવે. ક્રોમ્બી ઓન્ટેરિયો સ્ટુડન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ લોન ચૂકવવા માટે જરૂરી સમય લંબાવશે અને જ્યારે તે ચુકવણી $50,000 સુધી શરૂ થશે, ત્યારે આવક મર્યાદા વધારી દેશે.

# ઓન્ટેરિયો કોલેજ ઓફ ઓક્યુપેશનલ થેરાપીમાં પબ્લિક ડિરેક્ટર તરીકે પથીક શુક્લાની નિમણૂંક

**બ્રાપ્ટન**

બ્રામ્પ્ટનના વતની પથિક સુક્લાની ઓન્ટેરીયો કાઉન્સીલ પ્રોવિનન્સના આરોગ્ય ખાતા હેઠળની કોલેજ ઓફ ઓક્યુપેશનલ થેરાપીમાં પબ્લિક ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ઓન્ટેરીયોની આ કોલેજની નીતિઓ અને કાર્યવાહી અંગે જે નક્કી થાય છે, તે મુજબ આ કોલેજ પોતાની કાર્યવાહી કરે છે. જાહેર જનતાને ઓક્યુપેશનલ થેરાપીસ્ટ માટે જે નૈતિક અને ધંધાકીય જે કાળજી રાખવાની



હોય છે તેની નીતિ રજીસ્ટ્રાર અને ચીફ એકઝીક્યુટિવ ઓફિસર નક્કી કરે છે. અને દૈનિક કામગીરીનું પણ પાલન કરાવે છે. પથિક શુક્લાએ પોતાનો અભ્યાસ ગુજરાતના ભરૂચ ખાતે કરેલ છે. તથા MBAની પદવી હાંસલ કરી છે. એઓ જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના સભ્ય અને પ્રમુખ તરીકે કાર્યવાહી કરે છે. અને રોટરી ઈન્ટરનેશનલમાં Interact અને રોટરી ક્લબની કાર્યવાહી સાથે પ્રમુખપદ સંભાળી છે.

માનવતા અને મનવતા વાદી ધ્યેયન વરેલી સંસ્થા હ્યુમન્સ ફોર હારમનીના સેક્રેટરી છે. પથિક શુક્લા અને સંસ્થાના પ્રમુખ ડોન પટેલ કે જેઓ ઈટોબિકોક નામથી આગામી ચૂંટણી માટે કન્ઝર્વેટિવ પાર્ટી ઓફ કેનેડાના ઉમેદવાર છે. એમની સાથે મલીને ઘણી સમાજનો જરૂરી પ્રવૃત્તિ કરે છે.

# કેનેડામાં મૃત હંસ મળ્યા બાદ પક્ષીઓના સ્થળાંતરથી બર્ડ ફ્લૂ ફેલાવાનો ભય વધ્યો




ઓન્ટેરિયો : દક્ષિણ ઓન્ટેરિયોમાં મૃત કેનેડિયન હંસ વધુ વારંવાર જોવા મળી રહ્યા છે. આ અંગે નિષ્ણાતો કહે છે કે બર્ડ ફ્લૂ આ સ્થિત માટે જવાબદાર હોઈ શકે છે. આ વસંતમાં સ્થળાંતર કરનારા પક્ષીઓ કેનેડા પાછા ફરતા હોવાથી આરોગ્ય અધિકારીઓ બર્ડ ફ્લૂના કેસોમાં સંભવિત વધારા માટે તૈયારી કરી રહ્યા છે. હાઈપેથોજેનિક એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (HPAI), સબટાઈપ H5N1 પહેલાથી જ જંગલી અને ઘરેલુ પક્ષીઓ બંનેને અસર કરી ચૂક્યો છે. બ્રિટિશ કોલંબિયામાં પણ એક માનવ કેસ છે, જેના કારણે દેશભરમાં ટોળાં ફરતા હોવાથી તેના ઝડપી ફેલાવા અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે. પાર્ક્સ કેનેડાએ ગયા અઠવાડિયે પુષ્ટિ આપી હતી કે, ઓન્ટેરિયોના સ્કારબોરોમાં રૂજ નેશનલ અર્બન પાર્કમાં એક હંસના વાયરસ અંગે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું.

પક્ષીના અવશેષોમાં ચેપના સ્પષ્ટ સંકેતો જોવા મળ્યા હતા, અને આ વિસ્તારમાં અન્ય પાંચ હંસમાં બર્ડ ફ્લૂના લક્ષણો જોવા મળ્યા હતા. કેનેડિયન વાઈલ્ડલાઈફ હેલ્થ કોઓપરેટિવ (CWHC)એ મંગળવારે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તાજેતરના અઠવાડિયામાં દક્ષિણ ઓન્ટેરિયોમાં બર્ડ ફ્લૂના કેસોની વધતી જતી સંખ્યા મળી આવી છે, જે મુખ્યત્વે કેનેડિયન હંસને અસર કરે છે, જે ખાસ કરીને વાયરસ માટે સંવેદનશીલ છે. અને જેમ જેમ વધુ પક્ષીઓ વસંતઋતુ માટે ઉત્તર તરફ સ્થળાંતર કરવાનું શરૂ કરે છે, તેમ ગુએલ્ફ યુનિવર્સિટીની ઓન્ટેરિયો વેટરનરી કોલેજના પ્રોફેસર શાયાન શરીફે જણાવ્યું હતું કે એવિયન ફ્લૂ વધુ ફેલાશે. “સ્થાયી પક્ષીઓ માટે વાયરસ ફેલાવવાની હંમેશા તક રહે છે. હું કહીશ કે આ વાયરસના આ ખાસ પ્રકાર માટે ટ્રાન્સમિશનના મુખ્ય માધ્યમોમાંનો એક છે. વાયરસ સ્થળાંતર કરનારા પક્ષીઓ સાથે હિચહાઈકિંગ કરતો હોય તેવું લાગે છે અને વિવિધ પ્રકારના સ્થળાંતર કરનારા પક્ષીઓ છે. તે સ્થળાંતર કરનારા પક્ષીઓમાં કેનેડા હંસનો સમાવેશ થાય છે.

# વેલેન્ટાઈન ડે પર પરફેક્ટ આઉટફિટની કરો પસંદગી







ફેશનની વાત આવે ત્યારે દરેક યુવતી ટ્રેન્ડના હિસાબથી ચાલવાનું પસંદ કરે છે. એમાંય વાત જ્યારે વેલેન્ટાઈન ડેની હોય ત્યારે તેનો ઉત્સાહ જ કંઈક અલગ જ હોય છે. આવા ખાસ અવસર પર માર્કેટમાં આઉટફિટ્સ ડિઝાઈનના અનેક ઓપ્શન છે. આજે આપણે અમુક એવાં આઉટફિટ વિશે વાત કરીશું, જેને તમે વેલેન્ટાઈન ડે પર ટ્રાય કરી શકો છો.

### ગુલાબી અથવા લાલ ડ્રેસ

પિંક અને રેડને વેલેન્ટાઈન ડેનો રંગ માનવામાં આવે છે. આ રંગ પ્રેમ, રોમાન્સ અને ઉત્સાહનું પ્રતીક છે. રેડ અથવા પિંક ડ્રેસ ફક્ત એક્ટ્રેક્ટિવ દેખાય છે એટલું જ નહીં તે રોમાન્ટિક મૂડ સાથે મેળ ખાય છે. તેથી આ પ્રકારનાં આઉટફિટની સાથે લાઈટ મેકઅપ અને સટલ એક્સેસરીઝ તમારા લુકને ક્લાસિક અને એલિગન્ટ બનાવે છે.

### સ્ટ્રેપલેસ મિડી ડ્રેસ

સ્ટ્રેપલેસ મિડી ડ્રેસ તમારા લુકને સેક્સી અને એલિગન્ટ બનાવે છે. યુવતીઓ ડેટ પર પરફેક્ટ લુક ઈચ્છતી હોય તો સ્ટ્રેપલેસ મિડી ટ્રાય કરી શકે છે. ડેટ પર આ પ્રકારનાં આઉટફિટ પહેરવાથી સ્ટાઈલિશ અને હોટ લુક મળે છે. તેની સાથે હાઈ હિલ્સ અને ગોલ્ડન જ્વેલરી પેર કરો.

### જંપ સૂટ

વેલેન્ટાઈન ડે પર યુનિક પહેરવા ઈચ્છો છો તો જંપસૂટ ઉત્તમ ઓપ્શન છે. જંપસૂટ ફેશનેબલ હોય છે સાથે કમ્ફર્ટેબલ પણ હોય છે. આ આઉટફિટ તમને મોડર્ન અને સ્ટાઈલિશ લુક આપે છે. તેને હાઈ હિલ્સ અને સ્ટાઈલિશ બેલ્ટ સાથે પેર કરો. તમારો લુક વધારે સ્માર્ટ લાગશે. આ આઉટફિટની સાથે તમે ડેનિમ અથવા કોઈ પણ જેકેટ કેરી કરી શકો છો.

### ઓફ શોલ્ડર ટોપ અને સ્કર્ટ

તમે સેક્સી અને સોફ્ટ લુક ઈચ્છો છો તો, ઓફ શોલ્ડર ટોપ અને સ્કર્ટ ઉત્તમ કોમ્બિનેશન છે. ઓફ શોલ્ડરમાં તમારા ખભાની સુંદરતા છતી થાય છે. ક્રીમ કે પેસ્ટલ રંગનું ઓફ શોલ્ડ ટોપ અને બ્લેક હાઈ વેસ્ટ સ્કર્ટની સાથે આ આઉટફિટ સુંદર લુક આપશે.

### બ્લેક ઓલ ઓવર લુક

કાળો રંગ ક્લાસિક અને ટાઈમલેસ ચોઈસ હોય છે. આ રંગ દરેક વ્યક્તિને સૂટ થાય છે. જે યુવતીઓ સટલ અને એલિગન્ટ લુક ઈચ્છે છે, તો બ્લેક ડ્રેસ કે ટોપ બોટમ સેટ પરફેક્ટ રહેશે. વેલેન્ટાઈન ડે પર એક બ્લેક રંગનો ડ્રેસ તમારા લુકને સિમ્પલ, સ્ટાઈલિશ બનાવી શકે છે. તેને સિલ્વર અને પર્લ જ્વેલરી સાથે પેર કરો. લાઈટ મેકઅપ કરીને તમારા લુકને નિખારી શકો છો.

### કટ આઉટ ડ્રેસ

કટ આઉટ ડ્રેસ એક ટ્રેન્ડી અને ગ્લેમરસ લુક આપે છે. એ સેક્સી અને સ્ટાઈલિશ બનાવે છે. આ આઉટફિટ ખાસ કરીને એવી યુવતીઓ માટે છે જે કંઈક એક્સપેરિમેન્ટલ અને ફેશનેબલ પહેરવા ઈચ્છે છે. આ ડ્રેસને નેકલાઈન કે સાઈડમાં કટ આઉટ ડિઝાઈન સાથે પસંદ કરી શકો છો. તેને બ્લોક કે પંપ હિલ્સ સાથે કેરી કરો. સાથે મિનિમલ મેકઅપ કરવાનું ન ભૂલતાં. આમ જેમાં તમે કમ્ફર્ટ હોવ એવા આઉટફિટ ટ્રાય કરો.

## ડુંગળી : તમારા શરીરની અંદર રહેલી શરદીનો નાશ કરે છે



ડુંગળી વાત, પિત્ત અને કફ એ ત્રણેય વિકારો પર ગુણકારી છે. તેના સેવનથી વાત પ્રકોપ શમે છે. પિત્ત બહાર નીકળી જવાથી ઓછું થાય છે અને કફનો નાશ થાય છે. ડુંગળીનું દરરોજ સેવન કરવાથી આંખની શક્તિ વધે છે. ડુંગળી વાયુથી ઉત્પન્ન શૂળનું શમન કરે છે. તે રસમાં મધુર, બહુ પિત્ત ન કરનારી, વીર્યને વધારનારી છે. શરીરને પુષ્ટ બનાવનાર અને બુદ્ધિવર્ધક ગણાય છે. દોષ કેટલાક માણસો ડુંગળીનાં પોષકતત્ત્વો પચાવી શકતા નથી, તેથી ડુંગળી તેમને ગેસ કરે છે. તેમણે ડુંગળી પચાવવા માટે શ્રમ કરવો જોઈએ અથવા ડુંગળીનું પ્રમાણ ઓછું કરવું જોઈએ. ડુંગળીના વધુ પડતા અને સતત સેવનથી લોહી તપી ગડગૂમડ થવાનો ભય રહે છે.

### આહાર વખતે લેવાની કાળજીઓ

1. ડુંગળીને વાયુનાશક ગણી છે, પરંતુ તેને રાંધવાથી-શાક કરવાથી તે વાયુ કરનારી થાય છે. ડુંગળી અને દૂધનું સાથે સેવન કરવું વિરુદ્ધ આહાર છે.

2. ડુંગળીને ભરીને દર પંદર દિવસે તાજું અથાણું બનાવીને ખાવાથી રુચિ પેદા કરે છે, અગ્નિ પ્રદીપ્ત કરે છે. ઊંઘ સારી લાવે છે.

3. ડુંગળી ગરમ હોવા છતાં જમ્યા પછી આંતરિક શીતળતા આપે છે અને વિષશામક હોવાથી પેટમાંના અનેક રોગના જંતુઓનો નાશ થાય છે. એ શરીરની અંદર રહેલી શરદીનો નાશ કરે છે અને પેટમાંની ગરમીને શાંત કરે છે.

### ઔષધીય ગુણ

1. ડુંગળીની કાતરીને કાચી ખાવાથી સ્ત્રીઓનો અટકાવ સાફ આવે છે અને દુખાવો થતો નથી.

2. ડુંગળી અને ગોળ રોજ ખવડાવવાથી બાળકની ઊંચાઈ જલદી વધે છે.

3. ડુંગળી અને કારેલાંનો રસ પીવડાવવાથી અજીર્ણ મટે છે.

## વેલેન્ટાઇન ડે ઉપર એક્ટ્રેક્ટિવ દેખાવા માનુનીઓનો ફેવરિટ ન્યૂડ આઇ મેકઅપ



કહેવાય છે કે જે સુંદરતા સાદગીમાં છે એટલી બીજા કશામાં નથી. તેથી વેલેન્ટાઈન ડેના દિવસે વધુ પડતો મેકઅપ કરવાનું ટાળવું જોઈએ. તમારી સાદગીથી પાર્ટનરને કાયલ કરવા ઈચ્છો છો તો નો મેકઅપ લુક ટ્રેન્ડને વેલેન્ટાઈન ડે પર કેરી કરી શકો છો. આ મેકઅપ માટે ફેસ પર કન્સીલર અને ફાઉન્ડેશનના બેઝ લગાવો. એ પછી લાઈટ પિંક કલરનું ક્રીમ બ્લશર, આંખોમાં લાઈટ પિંક કલરનો ક્રીમી આઈશેડ અને પછી મસ્કરા લગાવો. આ લુકને ફાઈનલ ટચ આપવા માટે લાઈટ શેડની લિપસ્ટિક લગાવો.

### ન્યૂડ આઇ મેકઅપ

યંગ જનરેશન કંઈ ને કંઈ નવું એક્સપરિમેન્ટ કરતી રહે છે. એમાંનો એક ન્યૂડ આઈમેક છે. ન્યૂડ આઈ મેકઅપ કરતા પહેલાં તમને ન્યૂડ કલર્સની સમજ હોવી જરૂરી છે. ન્યૂડ આઈ મેકઅપ માટે તમારે તમારી સ્કિન સાથે મેચ થાય એવા રંગની પસંદગી કરવી જોઈએ. આ મેકઅપ કઈ રીતે કરાય એ અંગે જાણીએ. આંખોને સારી રીતે ક્લીન કરો અને આઈ પ્રાઈમર લગાવો. પછી આંખ ઉપર આઈ ફાઉન્ડેશન લગાવીને તેને સ્કિનની સાથે મર્જ કરો. જો તમારી આંખ નીચે ડાર્ક સર્કલ્સ છે તો તેને કન્સીલર અને કલર કરેક્ટરથી કવર કરો. એ પછી તમારી સ્કિન સાથે મેચ કરતો બ્રાઉન અથવા પિંક શેડ આંખ પર લગાવો. એ પછી આંખના ઈનર કોર્નર પર હાઈલાઈટરનો ઉપયોગ કરી શકો છો. છેલ્લે મસ્કરા લગાવો અને આઈ મેકઅપને કમ્પ્લીટ કરો.

### રોઝ શિમર મેકઅપ

વેલેન્ટાઈન ડે પર આંખોની સુંદરતા માટે તમે રોઝ શિમર આઈ મેકઅપને કેરી કરી શકો છો. એમાં ગોલ્ડન કલરનો ટચ ઈચ્છો તો આપી શકો. એ તમને ક્લાસી લુક આપશે. આ મેકઅપમાં લાઈનરનો ઉપયોગ કરવાનું ટાળો. એમાં ફક્ત મસ્કારા અને ડાર્ક શેડ લિપસ્ટિક જ તમારી સુંદરતા વધારવામાં પૂરતી છે. પાર્ટનર કે બોયફ્રેન્ડ સાથે ડેટ પર જતી વખતે કેરી કરી શકો છો. એમાં તમે એટ્રેક્ટિવ લાગશો.

### સ્મોકી આઇ મેકઅપ

યંગ જનરેશનમાં સ્મોકી આઈ મેકઅપ ટ્રેન્ડમાં છે. વેલેન્ટાઈન ડેના દિવસે શાનદાર અને સ્ટાઈલિશ લુક માટે બ્રાઉન સ્મોકી આઈ મેકઅપ પર ભરોસો કરી શકો છો. આ મેકઅપની સાથે તમે ન્યૂડ કલરની લિપસ્ટિક લગાવો. સ્મોકી આઈ મેકઅપની સાથે ન્યૂડ લિપ કલર તમને એલિગન્ટ લુક આપશે.

### કલર્ડ આઇલાઇનર

આજકાલ કલર્ડ આઈલાઈનર ટ્રેન્ડમાં છે. વેલેન્ટાઈન ડે પર હરણી જેવી સુંદર આંખો માટે કલર્ડ આઈલાઈનરનો ઉપયોગ કરી શકો છો. આ ખાસ દિવસ માટે શિમર બ્લૂ આઈલાઈનર સાથે લાઈટ લિપસ્ટિક શેડ લગાવો. આ કોમ્બિનેશન વેલેન્ટાઈન ડેને ખાસ બનાવી દેશે.

# PMJAYમાં પોલંપોલ : ગુજરાતની હોસ્પિટલોએ કરોડોના ખોટાં બિલ મૂક્યાં

## ગેરરીતિ આચરવાને મામલે યુપી અવ્વલ, દેશમાં 6.66 કરોડ કેસ પૈકી 2.70 લાખમાં ગેરરીતિ પકડાઈ

**અમદાવાદ**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) ગુજરાતની ખાનગી હોસ્પિટલો દ્વારા અત્યાર સુધી રૂપિયા 31 કરોડથી વધુના ખોટા બિલ મૂક્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. પીએમજેએવાય હેઠળ ખાનગી હોસ્પિટલો દ્વારા બિલની સૌથી વધુ ગેરરીતિ થઈ હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ રૂપિયા 139 કરોડ સાથે મોખરે છે. સામાન્ય દર્દીને સારવાર કરાવવામાં ખર્ચના બોજનો સામનો કરવો પડે નહીં તેવા આશય સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરવામાં આવી હતી. સામાન્ય વ્યક્તિ માટે આશીર્વાદ સમાન આ યોજનાને કેટલીક ખાનગી હોસ્પિટલો-







ડૉક્ટરોએ કમાણીનું માધ્યમ બનાવી દીધી છે. જેમાં દર્દીને સારવારમાં બિલનો વધારે પડતો મોટો આંક લખવો, ગંભીર બીમારી નહીં હોવા છતાં ઓપરેશન કરવું જેવા ગોરખધંધા દ્વારા ક્લેઈમ પાસ કરવાનો ખેલ ખેલવામાં આવતો હોય છે. અમદાવાદમાં ગત વર્ષે ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના કાંડ બાદ આ કૌભાંડો વધુ પ્રકાશમાં આવ્યા છે. ગુજરાતમાં આ વર્ષની 14 જાન્યુઆરી સુધીમાં જ ખાનગી હોસ્પિટલોએ રૂપિયા 31.58 કરોડના ખોટા બિલ મૂકીને ક્લેઈમ પાસ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર દેશમાંથી કુલ 6.66 કરોડ ક્લેઈમમાંથી ખાનગી હોસ્પિટલના 2.70 લાખ ક્લેઈમમાં ગેરરીતિ હોવાનું સામે આવ્યું હતું.

# આપણું છેલ્લુ ડેસ્ટિનેશન આપણું ઘર અને આપણો દેશ છે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

## યુએસથી ભારતીયોના ડિપોર્ટ થવાની ઘટના બાદ CMનો સધિયારો

મહેસાણા: અમેરિકાથી પરત ફરેલા ભારતીય નાગરિકોમાં સૌથી વધુ લોકો પંજાબ અને ગુજરાતના હતા. દરમિયાન બુધવારે મહેસાણાના કડી તાલુકાના ઝુલાસણ ગામે પ્રાથમિક શાળાના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમેરિકાથી પરત ફરેલા ગુજરાતીઓ અને ભારતીયોને લઈ મોટું નિવેદન આપ્યું હતું.

અમેરિકાથી દેશ નિકાલ કરવામાં આવેલા ગુજરાતીઓ અને ભારતીયોને



લઈ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આપણું છેલ્લુ ડેસ્ટિનેશન આપણું ઘર છે અને આપણો દેશ છે. આપણે ગમે ત્યાં બહાર ફરતા હોય તો ઘર-ગામ યાદ આવે સાથે સાથે વિદેશ કરતા અઠવાડિયું ગામમાં રહેવાનો આનંદ વધુ હોય છે. આપણા દેશમાં આનંદ સામે કોઈ પૈસાની પણ તુલના ન હોય,ગામના લોકો સાથે રહેવાનો આનંદ હોય છે તેવો આનંદ બીજે ક્યાંય આવતો નથી. આજે ગામમાં પણ તમામ સુવિધાઓ મળતી થઈ ગઈ છે,ગામમાં હવે કોઈ સમસ્યા રહી નથી. આમ અમેરિકાથી ભારતીયોને ડિપોર્ટ કરવા મુદ્દે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આજે પ્રથમ વખત નિવેદન આપ્યું હતું.

# અમદાવાદમાં યોજાનાર સમય રૈનાનો હાઉસફૂલ થયેલો શો આખરે રદ થયો

**અમદાવાદ**

શો દરમિયાન કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીના મુદ્દે રણવીર અલ્હાબાદિયા, અપૂર્વ માખીજા, આશિષ ચંચલાની અને સમય રૈના સહિતના લોકો વિવાદનું કેન્દ્ર બનેલા છે. ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદમાં રણવીર અલ્હાબાદિયા, અપૂર્વ માખીજા, આશિષ ચંચલાની અને સમય રૈના વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. રણવીરની અશ્લીલ ટિપ્પણીને કારણે સોશિયલ મીડિયા પર ભારે વિવાદ થયો હતો. અમદાવાદ, સુરત અને વડોદરામાં 'સમય રૈના અનફિલ્ટર્ડ નામના શોનું આયોજન કરવામાં આવનાર હતું. આ શોની શરૂઆત અમદાવાદથી થવાની હતી અને સમય રૈનાના ગુજરાતમાં આયોજિત બધા જ શોની લગભગ તમામ ટિકિટો સોલ્ડ આઉટ થઈ ગઈ છે. અમદાવાદ, વડોદરા અને સુરતના એપ્રિલમાં થનારા શૉ 'હાઉસફુલ' થઈ ગયા હતા. જો કે રણવીર અલ્હાબાદિયાની ટિપ્પણી બાદ ઉભા થયેલા વિવાદ બાદ આ શો રદ કરવામાં આવ્યો છે.

સમય રૈનાના શો 'સમય રૈના અનફિલ્ટર્ડ'નું આયોજન ગુજરાતના અમદાવાદ, સુરત અને વડોદરામાં થવાનું હતું. તેનો પ્રથમ શો અમદાવાદમાં 19 અને 20 એપ્રિલે ઔડા ઓડિટોરિયમ, શેલા ખાતે બે-બે શો યોજાવાનો હતો

# 'અમે ફાટી પડતા નથી, આ જવાબદારી પોલીસની' : પ્રતાપ દૂધાતે રોકડું પરખાવ્યું

**અમરેલી**

અમરેલીના ચલાલા નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ નેતાઓ ડોર ટુ ડોર પ્રચારમાં નીકળતા ભાજપ કાર્યકરો સાથે બોલાચાલી થઈ હોવાનું સામે આવ્યું છે. બનાસકાંઠા સાંસદ ગેનીબેહેન ઠાકોર, પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, જેનીબેહેન ઠુંમર સહિતના નેતાઓના પ્રચાર દરમિયાન બોલાચાલી થઈ હતી. કોંગ્રેસ ડોર ટૂ ડોર નીકળતા ભાજપના કાર્યકર્તાઓએ પાછળથી સૂત્રોચાર કરતા વિવાદ ઊભો થયો હતો. જો કે, તેવામાં સ્થાનિક પોલીસ વચ્ચે પડતા મામલો શાંત પડ્યો હતો.

આ પણ વાંચોઃ સુરતમાં પાટીદાર મહિલા PSIના ચોંકાવનારા નિવેદન બાદ ગોપાલ ઈટાલિયાએ પોલીસને દારૂના અડ્ડાનું લિસ્ટ આપ્યું હતું.

અમરેલીના ચલાલા નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ નેતાઓ ડોર ટુ ડોર પ્રચારમાં નીકળ્યા હતા, ત્યારે કોંગ્રેસ નેતાઓ અને ભાજપ કાર્યકરો વચ્ચે બોલાચાલી થઈ હતી.

આ દરમિયાન કોંગ્રેસ નેતા પ્રતાપ દુધાતે ભાજપના કાર્યકરોને જાહેરમાં ખખડાવ્યા હતા અને કહ્યું કે, 'અમે આવાથી ફાટી નીકળતા નથી અને આ જવાબદારી પોલીસની છે.'

# અમદાવાદમાં ગેરકાયદે રહેતા 50 બાંગ્લાદેશી નાગરિકોને ઝડપાયા : 15ને પરત રવાના કરાયા

## અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા શહેરમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયો

**અમદાવાદ**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શહેરમાં ગેરકાયદે રીતે રહેતા ઈમિગ્રન્ટ્સ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સામે એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં અમદાવાદના ઈસનપુર, વસ્ત્રાલ અને ચંડોલા તળાવ વિસ્તારોમાં દસ્તાવેજો વિના રહેતા 50 જેટલાં બાંગ્લાદેશી નાગરિકોની ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમાંથી 15 ઈમિગ્રન્ટ્સ અને એક સગીર બાળકને સફળતાપૂર્વક દેશ નિકાલ કરવામાં આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જાણવા મળ્યું હતું કે, શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મૂળ બાંગ્લાદેશી લોકો ગેરકાયદે રીતે રહી રહ્યા છે. ત્યારબાદ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, અમદાવાદમાં રહેતા મૂળ બાંગ્લાદેશીઓ માંથી મોટાભાગના વ્યક્તિઓ રોજીરોટી માટે ભંગારનો સામાન એકઠો કરતા અને વેચતા હતા, જેમાંથી કેટલાક લોકો ચંડોળા તળાવ નજીક કામચલાઉ વસાહતોમાં રહેતા હતા. જ્યારે પોલીસે મહિલાઓ અને બાળકો સહિત ઘણા પરિવારોની અટકાયત કરી. ક્રાઈમ બ્રાન્ચે કોમ્બિંગ ઓપરેશન હાથ ધરીને શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા મોહમ્મદ લિયાકત અલી ખાન, મોહમ્મદ ટિક્કા, શર્મીન ઉર્ફે સાનિયા ઉર્ફે રિયા, લૈલી અને રેશ્મા, દિન ઈસ્લામ, રિઝવાન ઉર્ફે રિદવાન ઉર્ફે રિદોય, મિન્ટુ, મિઝાનુ અને ઈમરાન ઉર્ફે ઈબ્રાહિમ સહિત 50 જેટલાં મૂળ બાંગ્લાદેશ વાસીઓની અટકાયત કરી હતી. તેમાંથી 15 ઈમિગ્રન્ટ્સ અને એક સગીર બાળકને સફળતાપૂર્વક દેશનિકાલ કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં બે દિવસમાં 1.62 કરોડ રૂપિયાના મિલેટસ અને પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ

**અમદાવાદ**

ગુજરાતમાં તારીખ 8 અને 9 ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલા મિલેટ મહોત્સવને (Millet Mahotsav) સારો પ્રતિસાદ સાંપડયો છે. આ બે દિવસમાં 606 સ્ટોલ દ્વારા રૂપિયા 1.62 કરોડની કિંમતના મિલેટ્સ, પ્રાકૃતિક ખેત પેદાશો અને મિલેટ વાનગીઓનું વેચાણ થયું છે.ગુજરાત ટ્રાવેલ ગાઇડ

- 2.93 લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી

મિલેટ મહોત્સવ અંગે રસપ્રદ માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની આશરે 2.93 લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, નિકાસકાર તેમજ સ્વસહાય જૂથો આ મહોત્સવમાં જોડાયા



હતા. ગુજરાતમાં જાડા ધાન્ય અને બરછટ અનાજના ઉપયોગ તથા વપરાશને પ્રોત્સાહન આપવા મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-2025 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં યોજવામાં આવ્યો હતો.

# ક્ષત્રિય સમાજ પર થયેલા કેસો પરત ખેંચવા માંગ, સંકલન સમિતિએ સરકારને લખ્યો પત્ર

## અસ્મિતા આંદોલન અને ફિલ્મના વિરોધ સમયે કેસ થયા હતાં

**અમદાવાદ**

ગુજરાત સરકારે તાજેતરમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન પટેલ સમાજના લોકો સામે થયેલા કેસ પરત ખેંચવાની જાહેરાત કરી હતી. વિવિધ પાટીદાર નેતાઓ અને અગ્રણીઓએ સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યું હતું. હવે ક્ષત્રિય સમાજે પણ પોતાના સમાજ પર થયેલા કેસો પરત ખેંચવાની માંગ કરી છે. રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિએ રાજ્ય સરકારને પત્ર લખ્યો છે, જેમાં ક્ષત્રિયો પર થયેલા કેસો પરત ખેંચવાની માંગ કરી છે. રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિએ ક્ષત્રિય અસ્મિતા આંદોલન અને પદ્માવત ફિલ્મોના વિરોધમાં થયેલા સામાજિક આંદોલન દરમિયાન પોલીસે કરેલા કેસ પરત ખેંચવાની માંગ કરી છે.

સંકલન સમિતિએ સરકારને લખેલા પત્રમાં કહ્યું કે, ભૂતકાળમાં ક્ષત્રિય અસ્મિતા આંદોલન (2024) અને પદ્માવત ફિલ્મ (2018) ના વિરોધમાં ગુજરાતના ગામેગામ અને શહેરોમાંથી સ્વયંભૂ સામાજિક આંદોલન માટે ક્ષત્રિય સમાજના યુવાનો, વડીલો અને બહેનોએ વિરોધ નોંધાવેલો હતો. આ દરમિયાન કેટલાક કેસો પણ દાખલ થયેલા હતા.

# અમદાવાદના વાડજમાં 200 કરોડની જમીન પચાવી પાડી

## 4 શખ્સ સામે FIR દાખલ, રેરા દ્વારા છૂટ મળતાં સીઆઈડી ક્રાઈમે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

**ગાંધીનગર**

ઉસ્માનપુરામાં રહેતા મનોજભાઈ તેજુમલ ખન્નાએ વિકાસગૃહ પાસે રહેતા  પામ સ્વિંગ રિયાલિટી એલ.એલ.પી.ના રાજનભાઈ વિમલભાઈ શાહ, થલતેજના આર્યમાન બંગલોઝમાં રહેતા સુકેતુ સુમતીલાલ શાહ, રિશીલ સુકેતુ શાહ અને નવરંગપુરાના નારાયણ કોમ્પલેક્સમાં રહેતા યોગેશભાઈ ગુણવંતભાઈ ભટ્ટ સામે સીઆઈડી ક્રાઈમ, અમદાવાદ ઝોનમાં ફરિયાદ 200 કરોડની જમીન પચાવી પાડ્યા અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ અનુસાર, વાડજ ગામની સર્વે નંબર 451ની 17705 ચોરસ મીટર જમીન મુળ માલિક છનાલાલ કેશવલાલ પ્રજાપતીએ ઈંટ પકવવા માટે પુંજાભાઈ મુલજીભાઈ પ્રજાપતિને આપી હતી. પુંજાભાઈએ છનાલાલની ખોટી સહીઓ કરી પોતાના નામે દસ્તાવેજ કરી મેહરાભાઈ હાથીભાઈ ભરવાડને વેચી દેતા તેમના વારસદારોના નામ ચાલતા હતા. આ જમીન લેન્ડ સિલીંગમાં જતી અટકાવવા મેહરાભાઈએ 1979માં અશોકવાટિકા કો.ઓ. હા.સો.ને ડેવલપમેન્ટ કરાર કર્યો હતો.

1995માં મનોજભાઈએ આ જમીન મુળ માલીક છનાલાલના પુત્ર ઈશ્વરભાઈ પાસેથી 3 લાખના લખાણ ઉપર કુલ રૂ. 31.50 લાખમાં વેચાણ કરારથી ખરીદી હતી. પરંતુ, મ્યુનિ.નું હાઉસીંગ રિઝર્વેશન ચાલતું હોવાથી દસ્તાવેજ થયો નહોતો. 1995માં મેહરાભાઈ અને મળતિયાઓએ સમાધાન માટે બોલાવીને મનોજભાઈ ઉપર હુમલો કર્યો હતો પરંતુ તેમણે ફરિયાદ નોંધાવી નહોતી. જમીનનું પઝેશન મનોજભાઈ પાસે હોવા છતાં મેહરાભાઈના વારસદારો ચીનુભાઈ અને અન્યોના નામ 7-12ના ઉતારામાં ખોટી રીતે ચડેલા હતા. ચીનુભાઈએ આ મિલ્કત અશોક વાટિકા કો.ઓ. સોસાયટીને વેચાણ કરી હતી. આ અંગે વર્ષ 200૬માં ભદ્ર સિટી સિવિલ કોર્ટમાં મનોજભાઈએ દાવો દાખલ કર્યો હતો જે હજુ ચાલુ છે. ત્યારબાદ વર્ષ 2010માં અશોકવાટીકા કો.ઓ. હા. સો.ના હોદ્દદારો તથા પામ સ્પ્રીંગ રિયાલિટી પ્રા. લિ.ના ઓથોરાઈઝ આરપાલસિંહ વિહોલે અંદરોઅંદર આ જમીનમાં દાવો દાખલ કરી સમાધાન કરી હોદ્દેદાર યોગેશ ભટ્ટના નામનો દસ્તાવેજ કરી લીધો હતો. આ દસ્તાવેજ રદ કરવા પણ મનોજભાઈએ કોર્ટમાં દાદ માગી છે.  આ પછી વર્ષ 2013 અને વર્ષ 2-18માં જમીન ટાઈટલ ક્લિયર કરાવવા અશોકવાટીકા કો.ઓ. હાઉસીંગ સોસાયટી અને પામ સ્પ્રીંગ રીયલ્ટી પ્રા.લિ.ના હોદેદારોએ કાર્યવાહી કરતાં મનોજભાઈએ વાંધા અરજી આપી હતી.

વર્ષ 2019માં વાંધા અવગણીને પામ સ્વિંગ રિયાલિટી એલ.એલ.પી.ના રાજનભાઈ વિમલભાઈ શાહ, સુકેતુ સુમતીલાલ શાહ, રિશીલ સુકેતુ શાહ અને યોગેશ ભટ્ટ તથા અન્યોએ મળીને મળતી ભળતી ખોટી હકીકતો જણાવીને રદીકરણનો લેખ તૈયાર કર્યો હતો. આથી સબ રજીસ્ટ્રારના મેળાપીપણામાં લીઝ પેન્ડેસી રદ કરી દેવાઈ હતી. આમ, કપટપૂર્વક લીઝ પેન્ડેન્સી રદ કરાવી પામ પેરેડાઈઝ નામની સ્કીમ બનાવી દેવામાં આવી છે. /

# ડિજિટલ વિધાનસભા માટે કરોડોનો ખર્ચ માથે હજી કાગળ ઉપર પ્રશ્ન મોકલતા ધારાસભ્યો

**અમદાવાદ**

નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન એ ડિજિટલ ઈન્ડિયા પહેલ હેઠળ સાંસદ-વિધાનસભાની કાયદાકીય પ્રક્રિયાને પેપરલેસ અને ડિજિટલ બનાવવાનો હતો. આ માટે ગુજરાત વિધાનસભાએ પારદર્શિતા વધારવા, શાસન સુધારવા અને કાયદાકીય પ્રક્રિયાઓને વધુ કાર્યક્ષમ બનાવવા માટે વર્ષ2023ના ચોમાસું સત્રમાં NeVA હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

કરોડોનો ખર્ચ અને પ્રચાર કર્યા બાદ પણ હજી પેપરલેસ સંપૂર્ણ રીતે સફળ થઈ નથી. ડિજિટલ કાર્યવાહી કરવા માટે ગુજરાત વિધાનસભાના ધારાસભ્યોને ગૃહમાં પોતાના બેઠક પર એક ટેબલેટ આપવામાં આવ્યું છે અને એક બીજું ટેબલેટ તેઓને હેન્ડપીક આપવામાં આવ્યું છે, જેમાં ધારાસભ્યો પોતે જરૂરિયાત મુજબ ડિજિટલ ઉપયોગ કરી શકે.

વિધાનસભા દ્વારા 2.50 કરોડ રૂપીયાનો ખર્ચ કરી ધારાસભ્યો માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવા છતાં કેટલાય ધારાસભ્યો પોતાના પ્રશ્નો લેખિત સ્વરૂપમાં કાગળમાં લખીને જ મોકલે છે. ડિજિટલની વાત તો દૂર છે, કેટલાય ધારાસભ્યોના પ્રશ્નો હાથથી લખેલા હોય છે, તેઓ પ્રશ્નો ટાઈપ પણ કરતાં નથી.

વિધાનસભા સત્ર શરૂ થતાં પહેલા જ્યારે પ્રશ્નોતરી કાળ શરૂ થવાનો છે ત્યાં ધારાસભ્યો ધ્વારા હજી પણ કાગળ પેનથી પ્રશ્નો આપવામાં આવે આવી રહ્યા છે. આ રીતે પ્રશ્નો સત્તા પક્ષ અને વિપક્ષ બંને દ્વારા આપવામાં આવી રહ્યા છે. જે મુદ્દે વિધાનસભા ધ્વારા કોઈ સૂચના કે કડક વલણ અપનાવવામાં આવ્યું નથી.

# મહાકુંભથી અમદાવાદ આવતી બસ પલટી, 22 લોકો ઈજાગ્રસ્ત

**અમદાવાદ**

મહાકુંભ 2025માં આ વખતે અનેક દુર્ઘટનાઓ થઈ ત્યારે મહાકુંભ આવતી કે જતી વખતે અનેક અકસ્માત સર્જાયાના પણ અહેવાલ સામે આવ્યા છે. આ દરમિયાન રાજસ્થાનના રાજસમંદમાં ગુજરાતના શ્રદ્ધાળુઓથી ખીચોખીચ બસ પલટી ગયાની માહિતી સામે આવી છે.

આ બસ અકસ્માતમાં એક બાળકનો હાથ કપાઈ ગયાની માહિતી મળી રહી છે જ્યારે અન્ય 22 જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બસમાં લગભગ 44 જેટલાં લોકો મુસાફરી કરી રહ્યા હતા જેઓ અમદાવાદના રહેવાશી હોવાની જાણકારી છે. આ અકસ્માત બુધવારે રાતે 12:15 વાગ્યે સર્જાયો હોવાની જાણકારી છે. આ મામલે ચારભુજા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર પ્રીતિ રત્નુએ કહ્યું કે દેસુરી કી નાલ વિસ્તારમાં આવેલી ઘાટીમાં આ અકસ્માત સર્જાયો હતો. જોકે આ બસ કેમ અને કેવી રીતે પલટી ગઈ તેનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. 21 લોકોને ઈજાઓ પહોંચી હતી જ્યારે 8 વર્ષના બાળકને ગંભીર ઈજાઓ થઈ હતી.

# ગુજરાતમાં UCC લાગુ કરવાની તૈયારીઓ દિલ્હીમાં પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

**ગાંધીનગર**

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (UCC-યુનિફોર્મ સિવિલ કોડ) કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની પ્રથમ બેઠક મળી હતી. રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિની નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે મળી હતી. બેઠકમાં સમિતિના અધ્યક્ષ રંજનાબેન દેસાઈ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં રાજ્ય માટે પ્રસ્તાવિત UCCના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે મહત્વપૂર્ણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. સમિતિનું હેડ ક્વાર્ટર દિલ્હી રહેશે. ફેબ્રુઆરીના અંતમાં સમિતિ ગુજરાતમાં અલગ અલગ ઝોનમાં લોકોને મળશે.

રંજનાબેન દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી સી.એલ. મીણા, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ચર્ચા દરમિયાન, સમિતિએ વિવિધ હિતધારકો સાથેના સમાવિષ્ટ પરામર્શ દ્વારા વર્તમાન કાયદાઓની વ્યાપક સમીક્ષા માટે પોતાના દ્રષ્ટિકોણની રૂપરેખા આપી હતી.

# અબ કી બાર 3.72 લાખ કરોડને પાર: ગુજરાતના આગામી બજેટમાં 11.65 ટકાના વધારાની સંભાવના

**અમદાવાદ**

રાજ્ય સરકાર દ્વારા વિધાનસભાનું બજેટ સત્ર 19મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને 20 મીએ નાણામંત્રી કનુ દેસાઇ ગુજરાત સરકારનું વર્ષ 2025-26નું વાર્ષિક બજેટ રજૂ કરશે. એકંદરે ચાલું નાણાંકીય વર્ષ 2024-25ના કુલ રૂ.3.20 લાખ કરોડના બજેટમાં લગભગ 11.65 ટકા જેટલો વધારો કરીને વર્ષ 2025-26 માટે રૂ.3.72 લાખ કરોડની આસપાસની રકમનું બજેટ રજૂ થાય તેવી સંભાવના છે.ગુજરાત ટ્રાવેલ ગાઇડ

દર વર્ષે સરકાર પોતાના બજેટમાં આગલા વર્ષની સાપેક્ષે 15થી 20 ટકાનો વધારો કરે છે. આગામી બજેટ સામાજિક ક્ષેત્ર તથા આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે દિશામાં જોગવાઈઓ ધરાવતું રહેશે. બજેટમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, પાણી પુરવઠા, સિંચાઈ સહિતના કેટલાક મહત્ત્વના ક્ષેત્રને મળતી જોગવાઈઓમાં 10 ટકા જેટલો વધારો થાય તેવી શકયતા છે. વસ્તુત: આગામી બજેટ પણ ગયા વર્ષના અંદાજપત્રની માફક યુવાનો, મહિલાઓ, ગરીબો અને ખેડૂતોને કેન્દ્રસ્થાને રાખીને તૈયાર કરાશે.

ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં મહેસૂલી આવક રૂ.2.29 લાખ કરોડ અને મૂડી આવક રૂ.69,709 કરોડ મળીને કુલ આવક રૂ. 2.99 લાખ કરોડનો અંદાજ મૂકાયો હતો. તેની સામે મહેસૂલ ખર્ચ રૂ.2.20 લાખ કરોડ અને મૂડી ખર્ચ રૂ.75 હજાર કરોડ મળીને કુલ રૂ.2.95 લાખ કરોડ દર્શાવાયો હતો.

# અમદાવાદમાં યુવકે દુષ્કર્મ આચર્યા બાદ સગાઈ તોડી નાખતાં યુવતી દ્વારા આપઘાત

- સ્યૂસાઈડ નોટને આધારે પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરાઈ

**અમદાવાદ**

નારણપુરા વિસ્તારમાંથી ચકચારી ઘટના સામે આવી છે. 23 વર્ષીય યુવતીએ નારણપુરાના ક્લિનિકમાં આપઘાત કર્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને સુસ્યાઈડ નોટ મળી આવી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા એક ક્લિનિકમાં 23 વર્ષીય યુવતીએ આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. હાલમાં મળી રહેલી માહિતી અનુસાર યુવતીની જે યુવક સાથે સગાઈ થઈ હતી તેણે દુષ્કર્મ આચર્યા બાદ સગાઈ તોડી નાખતાં લાગી આવ્યું હતું. જેના પગલે યુવતીએ અંતિમ પગલું ભરી જીવનનો અંત આણ્યો છે. આ ઘટનાથી સમગ્ર નારણપુરા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસને એક સ્યુસાઈડ નોટ મળી આવી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ હાલમાં યુવકની શોધખોળ કરી રહી છે.

# અમદાવાદની પરણિતાએ ત્રણ સંતાનો સાથે ઝેરી દવા પી લીધી, માતા અને પુત્રનું મોત

અમદાવાદની પરણિતાએ ત્રણ સંતાનો સાથે ઝેરી દવા અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરણિતાએ પોતાના ત્રણ સંતાનો સાથે સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. ત્રણ સંતાનોને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે ઝેરી દવા ગટગટાવી જતાં માતા અને પુત્રનું મોત નીપજ્યું છે. ઓઢવ વિસ્તારમાં રહેતી પરણિતાએ ઘઉ નાખવાની દવા ચોકલેટમાં મિક્સ કરીને બાળકોને આપી હતી. ત્યારબાદ તેણે પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી દવાની અસરથી માતા અને પુત્રનું મોત નીપજ્યું હતું. જ્યારે બે બાળકીને તબિયત લથડતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પરણિતા પાસેથી એક ચિઠ્ઠી લખી હતી તે મળી આવી છે, પરંતુ તેમાં કોઈને જવાબદાર ગણાવવામાં આવ્યા નથી. આ ચિઠ્ઠીમાં પરણિતાએ લખ્યું હતું કે મમ્મી પપ્પા હું ખૂબ થાકી ગઈ છું. મારે અને મારા છોકરાને નથી જીવવું. મારા ગયા પછી તમે રડતા નહી. મને અને મારા છોકારાને તમે અગ્નિ આપજો. તમાઈ દિકરી તરીકે મને વિદાય આપજો, મારે કોઈ વહુ બનીને મને વિદાય ન આપતા અને હા એના હાથે મને સિંદુર પણ ના પુરાવતા. મારે તમારા ઘરે પાછું નથી આવવું. હું કોઈના પર બોજ બનવા નથી માંગતી.

# માઘ પૂર્ણિમાએ 1.30 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી

## અમૃત સ્નાનને લઇને શ્રદ્ધાળુઓ પર હેલિકોપ્ટર દ્વારા 25 ક્વિન્ટલ ફુલ વરસાવવામાં આવ્યા, ભીડ ન થાય તેનું ખાસ ધ્યાન રખાયું

**પ્રયાગરાજ**

માઘ પૂર્ણિમાના દિવસે નદીમાં સ્નાન કરવાનું અનેરુ મહત્વ છે. તેમાં પણ મહાકુંભ ચાલી રહ્યો છે. ત્યારે બુધવારે અમૃત સ્નાનને લઈને દેશભરમાંથી લોકો ઉમટ્યા પડ્યા હતા. સંગમ તટથી 10 કિમી સુધી નજર પહોંચે ત્યાં શ્રદ્ધાળુઓ જ જોવા મળી રહ્યા હતા. અત્યાર સુધી મહાકુંભમાં 45 કરોડ શ્રદ્ધાળુઓ આવી પહોંચ્યા છે. જ્યારે આજના દિવસે જ 1.30 કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી હતી.

માઘ પૂર્ણિમાના અમૃત સ્નાનને લઈને શ્રદ્ધાળુઓ પર હેલિકોપ્ટર દ્વારા 25 ક્વિન્ટલ ફુલ વરસાવવામાં આવ્યા હતા. પ્રયાગરાજ તરફ જતા રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામ બાદ ટ્રાફિક પ્લાનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરમાં વાહનોનો પ્રવેશ બંધ કરી દેવાયો છે.. મહાકુંભ મેળા ક્ષેત્રમાં પણ કોઈ વાહન ચાલશે નહીં. આવી સ્થિતિમાં, ભક્તોને સંગમ પહોંચવા માટે 8 થી 10 કિમી ચાલીને જવું પડે છે. વહીવટીતંત્ર પાર્કિંગમાંથી શટલ બસો ચલાવી રહ્યું છે. પરંતુ તે મર્યાદિત છે. સંગમ ખાતે અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત છે. ભીડ ન વધે તે માટે લોકોને ત્યાં રોકાવાની મંજૂરી નથી. મોટાભાગના લોકોને સ્નાન માટે અન્ય ઘાટ પર મોકલવામાં આવી રહ્યા છે. પહેલી વાર, ભીડને નિયંત્રિત કરવા માટે 15 જિલ્લાના ડીએમ, 20 આઈએએસ અને 85 પીસીએસ અધિકારીઓને મેળામાં તૈનાત કરવામાં આવ્યા છે.



# લખનૌમાં લગ્ન સમારંભમાં દીપડો ઘૂસી આવતા વર-વધૂ જીવ બચાવવા ભાગ્યા

**લખનઉ**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના બુદ્ધેશ્વર વિસ્તારમાં એક લગ્ન સમારોહમાં યોજાઈ રહ્યો હતો દરમિયાન અચાનક એક દીપડો ધુસી આવતા નાસભાગ મચી ગઈ હતી. વન વિભાગે ભારે જહેમત બાદ દીપડાને પકડતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો..

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે આ ઘટના બુધવારે રાત્રે બુધેશ્વર રિંગ રોડ વિસ્તારમાં આવેલા એક ‘લગ્ન મંડપ’માં બની હતી, જ્યાં દીપડો ઘૂસી ગયો હતો. જેથી નાસભાગ મચી ગઈ હતી અને મહેમાનો પોતાનો જીવ બચાવવા ભાગતા જોવા મળ્યાં હતા. લગ્ન મંડપમાં હાજર વરરાજા અને કન્યાને પણ પોતાનો જીવ બચાવવા માટે પોતાની કાર તરફ દોડવું પડ્યું હતું. બાદમાં વન વિભાગ અને પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દીપડાના હુમલામાં વન અધિકારી મુકદ્દર અલી ઘાયલ થયા હતા, તેમના હાથમાં ઈજા થઈ હતી. વન વિભાગની ટીમ દ્વારા ઘણી મહેનત બાદ, રાત્રે લગભગ 2 વાગ્યે દીપડાને શાંત કરવામાં આવ્યો બેભાન કરવામાં આવ્યો), ત્યારબાદ તેને પકડી લેવામાં આવ્યો હતો.

# કેરળની નર્સિંગ કોલેજમાં રેગિંગની ભયાનક ઘટના, પ્રાઈવેટ પાર્ટ પર ડમ્બેલ્સ લટકાવ્યા

## રેગિંગની ફરિયાદો મળ્યા બાદ પોલીસે ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓની ધરપકડ કરી

**હૈદરાબાદ**

કેરળની એક સરકારી કોલેજમાં રેગિંગની એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે. મેડિકલના ત્રીજા વર્ષના પાંચ વિદ્યાર્થીઓએ રેગિંગના નામે તેમના જુનિયર વિદ્યાર્થીઓ પર ઘણા મહિનાઓથી અત્યાચાર કરી રહ્યા હતા. એવો આરોપ છે કે પાંચેય જણાએ સાથે મળીને પ્રથમ વર્ષના ત્રણ વિદ્યાર્થીઓને માનસિક રીતે હેરાન કર્યા હતા.

ફરિયાદમાં જણાવ્યું છે કે પાંચેય વિદ્યાર્થીઓએ ગયા વર્ષે નવેમ્બરથી રેગિંગ શરૂ કર્યું હતું. પાંચેય જણાએ મળીને લગભગ ત્રણ મહિના સુધી ત્રણેય વિદ્યાર્થીઓ પર ત્રાસ ગુજાર્યો હતો. ફરિયાદ બાદ પાંચેય વિદ્યાર્થીઓને કોલેજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અને રેગિંગ વિરોધી કાયદા હેઠળ ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને નગ્ન ઊભા રહેવાની ફરજ પાડવામાં આવી ત્યારબાદ તેમના સિનિયર વિદ્યાર્થીઓએ તેમના પ્રાઈવેટ પાર્ટ પર ડમ્બેલ્સ લટકાવ્યા હતા. પીડિતો ભૂમિતિ બોક્સની પરિકર જેવી તીક્ષ્મ વસ્તુઓથી ઈજા પહોંચાડવામાં આવી. ત્યારબાદ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓના ઘા પર લોશન લગાવવામાં આવ્યું હતું. સિનિયર અધિકારીઓએ ઘટના રેકોર્ડ પણ કરી હતી. જુનિયર્સને ધમકી આપી કે જો ફરિયાદ કરશે તો તેમને ગંભીર પરિણામ ભોગવવા પડશે.

# રાજસ્થાનના સિરોહીમાં ટ્રક અને રીક્ષા વચ્ચે ભયાનક અકસ્માત, 4 લોકોના મોત, 9 ઘાયલ

## સિરોહીથી આબુ રોડ જતી ટ્રક લોખંડના સળિયાથી ભરેલી હતી

**સિહોરી**

રાજસ્થાનના સિરોહીના સ્વરૂપગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ટ્રક અને રિક્ષા વચ્ચે ભયાનક અકસ્માત થયો છે. આ અકસ્માતમાં 4 લોકોના મોત થયા છે અને 9 લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેમાં 3 ઈજાગ્રસ્ત થયેલા લોકોની હાલત ગંભીર હોવાથી તેમને પ્રાથમિક સારવાર બાદ રિફર કરવામાં આવ્યા છે. આ ટ્રક સિરોહીથી આબુ રોડ તરફ જઈ રહ્યો હતો, જેમાં લોખંડથી બનેલી ભારે મશીન ભરેલી હતી.



સિરોહી જિલ્લાના સ્વરૂપગંજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ કોદરલા નજીક એક ટ્રકે પાછળથી એક ઓટો રિક્ષાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટ્રકની પાછળ રાખેલું મશીન કેબિન તોડીને બહાર નીકળી ગયું. આ અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર, હેલ્પર અને રીક્ષામાં મુસાફરી કરી રહેલી એક મહિલાનું મોત નીપજ્યું છે. રીક્ષામાં મુસાફરી કરી રહેલા લગભગ 9 લોકો ઘાયલ થયા છે. જેમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ઘટનાની માહિતી મળતા જ સ્વરૂપગંજ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા અને અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે ખસેડ્યા છે.

# ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનારને 5 વર્ષની જેલ અને રૂ.5 લાખનો દંડ થશે

**નવી દિલ્હી**

સરકાર માન્ય પાસપોર્ટ અને વિઝા વિના ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરનાર વિદેશી નાગરિકને પાંચ વર્ષની આકરી કેદની સજા અને રૂ. 5 લાખનો દંડ ફટકારવામાં આવશે. તદઉપરાંત નકલી પાસપોર્ટ અને નકલી દસ્તાવેજોની મદદથી ભારતમાં પ્રવેશનાર કે લાંબો સમય રોકાણ કરનાર વિદેશીને બે વર્ષ કરતા ઓછી નહી એવી મુદતની જેલની સજા થશે જે વધીને સાત વર્ષ સુધીની થઈ શકે છે. તે ઉપરાંત આવા વિદેશીઓને રૂ. 1 લાખથી લઈને મહત્તમ રૂ. 10 લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચાલુ સત્રમાં રજૂ થનારા ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ બિલ-2025માં આ મુજબની જોગવાઈઓ કરવામાં આવી છે. આ કાયદો બનશે ત્યારે ઈમિગ્રેશનને લગતા અગાઉના ચાર કાયદા નાબૂદ થઈ જશે, કેમ કે તેમાં ગેરકાયદે દેશમાં ઘૂસણખોરી કરનારા વિદેશીઓ માટે જુદા જુદા વિષયો માટે ઓછી સજા અને ઓછા દંડની જોગવાઈઓ કરાઇ હતી. અગાઉના ચારે ચાર કાયદાઓની અને અમલમાં આવનાર નવા કાયદાની તમામ જોગવાઈઓને સંકલિત કરીને એક નવો કાયદો અમલમાં આવશે.

# ચેરપર્સન નીતા અંબાણી હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિશ્વમાં ભારતના યોગદાન વિશે ભાષણ આપશે

**મુંબઈ**

રિલાયન્સ ફાઉન્ડેશનનાં ચેરપર્સન નીતા અંબાણી હાર્વર્ડ યુનિવર્સિટીમાં ભારતીય વ્યવસાય, નીતિ અને સંસ્કૃતિ પરના વાર્ષિક ભારત પરિષદના મુખ્ય સત્રમાં ભાષણ આપશે. આ દરમિયાન તેઓ પ્રખ્યાત શૈક્ષણિક વિદ્વાન અને હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના પૂર્વ ડીન નીતિન નોહરિયા સાથે ભારતની કલા અને સંસ્કૃતિના વિવિધ પાસાઓ અને આધુનિક વિશ્વમાં ભારતને સ્થાન આપવામાં તેઓ કેવી રીતે મજબૂત ભૂમિકા ભજવી શકે છે તે અંગે ચર્ચા પણ કરશે. આ પરિષદ 15-16 ફેબ્રુઆરીએ હાર્વર્ડ યુનિવર્સિટી, અમેરિકામાં યોજાશે અને તેમાં 1000 થી વધુ પ્રતિનિધિઓ હાજરી આપશે તેવી અપેક્ષા છે. કોન્ફરન્સની આ વર્ષની થીમ: ‘ભારતથી વિશ્વ સુધી (ફ્રોમ ઈન્ડિયા ટુ ધ વર્લ્ડ)’ ખ્યાલ પર આધારિત છે.

# AI ખતરનાક સાધન છે, પછી તે ચીનના હાથમાં હોય કે USAના : દિલ્હી હાઇકોર્ટ

**નવી દિલ્હી**

એઆઈ એક ખતરનાક સાધન છે પછી તે ભલે કોઈના પણ હાથમાં હોય ચીન કે અમેરિકા તેમ દિલ્હી હાઈકોર્ટે આજે જણાવ્યું હતું. ચીનની કંપની દ્વારા વિકસિત કરવામાં આવેલ ડિપસિક પર પ્રતિબંધ મૂકવા કેન્દ્રને નિર્દેશ આપવાની માંગ કરતી અરજીની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી કે ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ તુષાર રાવ ગેડેલાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે એઆઇ એક ખતરનાક સાધન છે ભલે તે પછી કોઈના પણ હાથમાં હોય ચીન કે અમેરિકા. આ બાબતથી કોઈ ફેર પડતો નથી.

વકીલે જણાવ્યું હતું કે આ મુદ્દે વિચારણા કરવાની જરૂર છે. તેમણે આ માટે કોર્ટ પાસે વધુ સમય આપવાની માંગ કરી હતી. કોર્ટે આગામી સુનાવણીની તારીખ ૨૦ ફેબ્રુઆરી નક્કી કરી છે. બીજી તરફ અરજકર્તાના વકીલે કોર્ટને વિનંતી કરી હતી કે આ સંબધમાં સંબધિત ઓથોરિટીઓને નોટીસ આપવામાં આવે. અરજકર્તા અને વકીલ ભાવના શર્માએ જણાવ્યું હતું કે નાગરિકોના અંગત ડેટાના રક્ષણ, સરકારી સિસ્ટમમાં ડેટાના રક્ષણ, સાયબર હુમલાથી ઉપકરણોના રક્ષણ માટે આ અરજી કરવામાં આવી છે.

# 1984ના રમખાણનો કેસમાં 40 વર્ષ બાદ કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમાર દોષિત

**નવી દિલ્હી**

1984ના શીખ વિરોધી રમખાણોથી સંબંધિત સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યાના કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસ નેતા સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા છે. આ મામલો પહેલી નવેમ્બર-1984નો છે, જેમાં પશ્ચિમ દિલ્હીના રાજનગર વિસ્તારમાં બે શીખો સરદાર જસવંત સિંહ અને સરદાર તરૂણ દીપ સિંહની હત્યા કરવામાં આવી હતી. તે દિવસે સાંજે લગભગ ચાર વાગ્યે હિંસાખોરોની એક ભીડે લોખંડના સળીયા અને લાકડીઓ લઈને પીડિતોના ઘર પર હુમલો કર્યો હતો. ફરિયાદીના જણાવ્યા મુજબ, કોંગ્રેસના તત્કાલીન સાંસદ સજ્જન કુમાર ભીડનું નેતૃત્વ કર્યું હતું. સજ્જન કુમાર પર આરોપ છે કે, તેમણે હુમલા કરવા માટે ભીડને ભડકાવ્યા હતા.

# મણિપુરમાં CRPF જવાને બે જવાનોની હત્યા કરી પોતાને ગોળી મારી, આઠ જવાન ઘાયલ

**ઈમ્ફાલ**

મણિપુરના ઈમ્ફાલમાં એક સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના એક કેમ્પમાં સીઆરપીએફ જવાને તેના બે સાથીદારોની હત્યા કરી અને પછી પોતાને ગોળી મારી દીધી હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, આજે ગુરુવારે એક સૈનિકે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં તેના બે સાથીઓની હત્યા થઈ હતી. આ પછી સીઆરપીએફ જવાને પોતાને પણ ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં આઠ અન્ય સૈનિકો ઘાયલ થયા હતા. આ ઘટના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લેમ્ફેલ સ્થિત સીઆરપીએફ કેમ્પમાં રાત્રે લગભગ 8:20 વાગ્યે બની હોવાનું સામે આવ્યું છે.

સીઆરપીએફ જવાન સંજય કુમાર 120મી બટાલિયનનો હવાલદાર હતો. તેણે અચાનક પોતાની સર્વિસ રાઈફલથી ગોળીબાર શરૂ કર્યું હતું. સીઆરપીએફ જવાને પહેલા એક



કોન્સ્ટેબલ અને એક સબ-ઈન્સ્પેક્ટરને નિશાન બનાવ્યા, જેમાં બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું. આ પછી સીઆરપીએફ જવાને પોતાને પણ ગોળી મારી દીધી. સમગ્ર ઘટનામાં કુલ આઠ અન્ય સૈનિકો પણ ઘાયલ થયા હતા. બધા ઘાયલો સૈનિકોને તાત્કાલિક ઈમ્ફાલ સ્થિત રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS)માં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# અનમોલ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર સહિત 10 ભારતીય ગેંગસ્ટર્સ રડારમાં

**નવી દિલ્હી**

ભારતીય સુરક્ષા એજન્સીઓ ટૂંક સમયમાં જ અમેરિકામાં રહેતા 10 મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટર્સની યાદી અમેરિકન સુરક્ષા એજન્સીઓને સોંપી શકે છે. સૂત્રોના અનુસાર, આ યાદીમાં ગોલ્ડી બ્રાર, અનમોલ બિશ્નોઈ સહિત અન્ય ગેંગસ્ટર્સના નામ સામેલ છે.

જો કે, ગત વર્ષ ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ગુનાહિત મામલાઓમાં સહયોગ સમજૂતી હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સમજૂતી હેઠળ બંને દેશ એક-બીજાના અહીં છૂપાયેલા ગુનેગારો પર ગાળિયો કસવા અને તેમની માહિતી આપ-લે કરવા માટે



પ્રતિબદ્ધ છે. ગત એક વર્ષમાં ભારત અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે આ મુદ્દે અનેક મહત્ત્વની બેઠકો થઈ ચૂકી છે. બંને દેશોની સુરક્ષા અધિકારીઓ વચ્ચે આ સહમતી બની હતી કે ગુનેગારો વિરૂદ્ધ સંયુક્ત કાર્યવાહી કરવામાં આવશે, જે હેઠળ હવે ભારતીય એજન્સીઓ માહિતી સોંપવાની પ્રક્રિયાને અંતિમ રૂપ આપી રહી છે.

# મહારાષ્ટ્ર કોંગ્રેસમાં ફેરફાર, પટોલેને બદલે સપકલ પાર્ટીના અધ્યક્ષ બન્યા

**મુંબઈ**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસમાં ફેરફાર શરુ થઈ ગયા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યના પ્રદેશ કોંગ્રેસ તરીકે હર્ષવર્ધન સપકલની નિમણૂક કરી છે. જ્યારે વિજય નામદેવરાય વડેટ્ટીવારની ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદગી કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ બંને નિમણૂક પર મહોર માર્યા બાદ પાર્ટીએ ગુરુવારે આ જાહેરાત કરી છે. 57 વર્ષીય હર્ષવર્ધન સપકલ બુલઢાણાના પૂર્વ ધારાસભ્ય છે અને તેઓ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ખૂબ જ નજીકના હોવાનું કહેવાય છે. અગાઉ રાજ્યમાં કોંગ્રેસ પ્રમુખ તરીકે નાના પટોલે હતા, જોકે હાર બાદ તેમના સ્થાને સપકલને જવાબદારી સોંપાઈ છે.

નાના પટોલેએ ચૂંટણીમાં હાર બાદ રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસ હાઈકમાન્ડ ઘણા મહિનાઓથી નવા રાજ્ય પ્રમુખની શોધ કરી રહ્યા હતા. ખડગેએ અન્ય એક મહત્ત્વનો નિર્ણય લઈ વિજય નામદેવરાવ વડેટ્ટીવારને રાજ્યમાં કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા બનાવ્યા છે.

# પૂણેમાં ગુલિયન બેરી સિન્ડ્રોમના 197 કેસ 20 દર્દી વેન્ટીલેન્ટર ઉપર, અનેક ICUમાં

**પૂણે**

મહારાષ્ટ્રના પૂણેમાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના કેસની સંખ્યામાં વધારો થઈ ગયો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ મંગળવારે જણાવ્યું કે પૂણે વિસ્તારમાં ગુલિયન-બેરી સિન્ડ્રોમના શંકાસ્પદ અને પુષ્ટ મામલાની સંખ્યા 197 સુધી પહોંચી ગઈ છે. આ નર્વ ડિસ-ઓર્ડરના પાંચ અન્ય દર્દીઓની જાણકારી મળી છે. હેલ્થ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ જણાવ્યું કે પૂણેમાં પાંચ દર્દીઓમાં 2 નવા મામલા અને 3 ગત દિવસોના મામલા સામેલ છે. આ બિમારીથી દેશમાં અત્યાર સુધી કુલ સાત લોકોના મોત થઈ ગયા છે. મુંબઈમાં જીબીએસ સિન્ડ્રોમ વાઈરસથી પહેલુ મોત નીપજ્યું છે. મુંબઈના નાયર હોસ્પિટલમાં વૃદ્ધનું વાઈરસના કારણે 53 વર્ષની ઉંમરમાં મૃત્યુ થયું હતું. 197 કેસમાંથી 172માં



GBSથી જોડાયેલી સારવાર કરાઈ છે. લગભગ 40 દર્દી પૂણે મ્યુનિસિપલ કાઉન્સિલ વિસ્તારોથી છે, 92 PMC માં નવા જોડાયેલા ગામોથી 29 પિંપરી ચિંચવાડ નાગરિક સરહદથી, 28 પૂણે ગ્રામીણથી અને આઠ અન્ય જિલ્લાથી છે. 104 દર્દીને રજા આપવામાં આવી છે, 50 આઈસીયુમાં અને 20 વેન્ટિલેટર સપોર્ટ પર છે.'

# મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું, હિંસા વચ્ચે CM બિરેન સિંહે આપ્યું હતું રાજીનામું

**ઈમ્ફાલ**

મણિપુરમાં બિરેન સિંહના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવાયું છે. મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે હિંસાને લઈને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બનેલી છે. ગત રવિવારે એન. બિરેન સિંહે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરીને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદથી નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લગાવવા માટે ભાજપ નેતાઓની બેઠકનો દોર શરુ થઈ ગયો હતો. મણિપુર પ્રભારી સંબિત પાત્રા



ભાજપના દિગ્ગજ નેતાઓ સાથે મીટિંગ કરી રહ્યા હતા. જો કે, હવે ક્ષેત્રમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દેવાયું છે.

મણિપુરમાં શાંતિ સ્થાપી શકે એવા મુખ્યમંત્રી મળવા મુશ્કેલ છે. એન. બિરેન સિંહે લાંબા સમય સુધી હિંસાચાર જોયા કર્યો હતો. તેમની પાસેથી રાજીનામું ઘણો સમય પહેલાં લઈ લેવા જેવું હતું. જો કે, બે પક્ષો વચ્ચે વેરઝેર મોટા પાયે વધી ગયા પછી તેમણે રાજીનામું આપ્યું હતું. મણિપુરમાં નવા રાજ્યપાલ એ. કે. ભલ્લાએ શપથ લીધા પછી મુખ્યમંત્રી બિરેન સિંહે રાજીનામું આપી દીધું હતું.

# જમ્મુ-કાશ્મીરમાં આઇઇડી વિસ્ફોટ આર્મી કેપ્ટન સહિત 2 જવાન શહીદ

## એલઓસી પાસેના અખનૂર સેક્ટરમાં હુમલો થયો

**જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં મંગળવારે એક આતંકી હુમલામાં સેનાના કેપ્ટન સહિત બે જવાન શહીદ થયા છે. ભારતીય સેનાએ જણાવ્યું હતું કે એલઓસીની પાસે અખનૂર સેક્ટરમાં થયેલા આઈઈડી બ્લાસ્ટમાં ત્રણ સૈનિકો ઘાયલ થયા હતાં. જેમાંથી બે જવાનોના સારવાર દરમિયાન મોત થયા હતાં.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ હુમલો એવા સમયે થયો હતો જ્યારે સૈનિક નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં. છેલ્લા ચાર દિવસમાં જમ્મુ વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલો ત્રીજો હુમલો છે. ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા જ વ્હાઈટ નાઈટ કોરના જનરલ ઓફિસર કમાન્ડિંગ અને લેફ્ટનન્ટ જનરલ નવીન સચદેવાએ રાજૌરી જિલ્લામાં એલઓસી પર સરહદ પારથી થઈ રહેલ આતંકી પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. ઘટનાની જાણ થતાં જ સેનાની સર્ચ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું હતું.

# અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસને સરયૂ ઘાટ પર અપાઈ જળ સમાધિ

**અયોધ્યા**

ઉત્તર પ્રદેશના અયોધ્યા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસનું બુધવારે નિધન થયું હતું.



૮૦ વર્ષીય સત્યેન્દ્ર દાસે લખનૌ પીજીઆઈમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગુરુવારે આચાર્ય સત્યેન્દ્ર દાસના પાર્થિવ દેહને પાલખીમાં લતા મંગેશકર ચોક થઈને સરયુ ઘાટ પર લવાયો હતો. ત્યારબાદ તેમને સંત તુલસીદાસ ઘાટ પર જળ સમાધિ આપવામાં આવી હતી. આચાર્યના પાર્થિવ દેહને અયોધ્યા લાવવામાં આવ્યો હતો. ઘણા લોકો અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હતી.

# દેશમાં 2024માં 139 દોષિતોને મૃત્યુદંડ સૌથી વધુ યુપીમાં, 564ની ફાંસી પેન્ડિંગ

**નવી દિલ્હી**

દેશમાં છેલ્લા છ વર્ષમાં હત્યા કેસ, જાતીય અપરાધોના ગુનાઓમાં વધારો થયો હોય, તેવો રિપોર્ટ સામે આવ્યો છે. દેશમાં વર્ષ 2024માં કેટલા દોષિતોને ફાંસી સંભળાવાઈ, કેટલાકને આજીવન કેદ ફટકારાઈ? તેની વિગતો સામે આવી છે. આમ તો જઘન્ય અપરાધના કેસમાં જ કોઈ દોષીતને મોતની સજા સંભળાવાય છે, પરંતુ નેશનલ લૉ યુનિવર્સિટીએ રિપોર્ટમાં જણાવાયું છે કે, સુપ્રીમ કોર્ટે મોતની કોઈપણ સજાના કેસની પુષ્ટિ કરી નથી.

ગયા વર્ષે આવા છ કેસ સુપ્રીમ કોર્ટમાં આવ્યા હતા, જેમાંથી કોર્ટે પાંચ કેસને આજીવન કેદમાં ફેરવી દીધા હતા, જ્યારે એક કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કરાયો હતો. વર્ષ 2024માં નીચલી કોર્ટોએ અલગ-અલગ કેસોમાં 139 લોકોને ફાંસીની સજા સંભળાવી છે. રિપોર્ટ મુજબ, નિચલી કોર્ટો દ્વારા સંભળાવાયેલી મોતની સજાઓમાં 87 હત્યા કેસ અને 35 જાતીય જઘન્ય અપરાધો સંબંધિત કેસ સામેલ છે. 2023માં નીચલી કોર્ટોએ 122 મોતની સજા સંભળાવી હતી, જેમાં 58 જાતીય અપરાધોના કેસ અને 40 હત્યા કેસ સામેલ હતા. હાલ દેશની અલગ-અલગ જેલોમાં મૃત્યુદંડની સજા ભોગવી રહેલા 564 કેદીઓ છે.

# ગૃહ મંત્રાલયે ધાર્મિક ગુરૂ દલાઈ લામા અને સંબિત પાત્રાને ઝેડ કેટેગરીની સિક્યોરિટી આપી

**નવી દિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ધાર્મિક ગુરુ દલાઈ લામા અને ભાજપ નેતા સંબિત પાત્રાની સુરક્ષામાં વધારો કર્યો છે. ગુપ્તચર એજન્સીઓએ બંનેની સુરક્ષા અંગે ગૃહમંત્રાલયને રિપોર્ટ સોંપ્યો હતો, ત્યારબાદ મંત્રાલયે બંનેને Z શ્રેણીની સુરક્ષા આપી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશ મુજબ કુલ 33 સુરક્ષા કર્મચારીઓ દલાઈ લામાની ચોવીસ કલાક સુરક્ષા કરશે. તેમાં 12 કમાન્ડો અને 6 PSO સામેલ છે. સુરક્ષા કર્મચારીઓમાં 10 આર્મ્ડ સ્ટેટિક ગાર્ડ પણ તેમના નિવાસસ્થાને તહેનાત કરાશે. જ્યારે સંબિત પાત્રાને માત્ર મણિપુરમાં જ Z શ્રેણીની સુરક્ષા પુરી પડાશે, જેમાં CRPFના જવાનો તહેનાત રહેશે. આઈબીએ રિપોર્ટ આપ્યા બાદ ગૃહમંત્રાલયે પાત્રાની સુરક્ષા વધારી છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી : બુમરાહ બહાર, હર્ષિત રાણાનો સમાવેશ

## યશસ્વી જયસ્વાલને પડતો મુકી વરૂણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો

મુંબઇ

પાકિસ્તાનની યજમાનીમાં ૧૯મી ફેબ્રુઆરીથી રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ટીમને મોટો ફટકો પડયો છે. સિનિયર પેસ બોલર જસપ્રીત બુમરાહ આઈસીસી ઈવેન્ટમાંથી બહાર થઈ ગયો છે. બુમરાહ પીઠની ઈજામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ શક્યો નથી. તેને જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયા સામેની સિડની ટેસ્ટમાં ઈજા થઈ હતી. બુમરાહના સ્થાને હર્ષિત રાણાનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ યુવા ઓપનર યશસ્વી જયસ્વાલના બદલે સ્પિનર વરુણ ચક્રવર્તીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બેંગલુરુ ખાતેની નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે બુમરાહની પીઠના સ્કેન કરાવ્યા હતા જેમાં કોઈ ગંભીર સમસ્યા સપાટી ઉપર આવી નથી. તેની રિકવરી માટે બીસીસીઆઈની મેડિકલ ટીમ નજર રાખી રહી છે. બુમરાહ વધુ એક વખત ઈજાના કારણે આઈસીસી ઈવેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયા ખાતે રમાયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં પણ તે પીઠની ઈજાના કારણે રમી શક્યો નહોતો. ત્યારબાદ તેને સર્જરી કરાવવાની ફરજ પડી હતી. રાણાએ તાજેતરમાં જ ઈંગ્લેન્ડ સામે વન-ડેમાં ડેબ્યૂ કર્યો હતો. બીજી તરફ પસંદગી સમિતિએ જયસ્વાલને ૧૫ સભ્યની ટીમમાંથી બહાર કરી દીધો છે અને સ્પિનર આક્રમણ વધારે મજબૂત કરવા માટે વરુણ ચક્રવર્તીને ટીમમાં સામેલ કરી દીધો છે. ટીમમાં કોલકાતા નાઈટ રાઈડર્સના બે ખેલાડીઓ છે. બુમરાહ ક્યારે મેદાન ઉપર પરત ફરશે તે અંગે કોઈ સમય મર્યાદા નક્કી કરાઈ નથી.



**ભારતીય ટીમ :** રોહિત શર્મા (સુકાની), ગિલ, વિરાટ કોહલી, શ્રોયસ ઐયર, લોકેશ રાહુલ, રિષભ પંત, હાર્દિક પંડયા, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, શમી, અર્શદીપસિંહ, રવીન્દ્ર જાડેજા, વરુણ ચક્રવર્તી. નોન ટ્રાવેલિંગ સબસ્ટિટયૂટ : યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ, શિવમ દૂબે.

# ૧૩ વર્ષ બાદ ભારતે ઈંગ્લેન્ડને ક્લીન સ્વીપ કર્યું

અમદાવાદ : ચેમ્પિયન્સ ટ્રોફીના ઠીક પહેલા રોહિત શર્માના સુકાન હેઠળ ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને ૧૩ વર્ષ બાદ વનડે સિરીઝમાં ૩-૦થી પરાજય આપીને ક્લીન સ્વીપ કર્યો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વનડેમાં ટીમ ઈન્ડિયાએ મહેમાન ઈંગ્લીશ ટીમને ૧૪૨ રનથી પરાજય આપ્યો હતો. આ પહેલા સિરીઝની પહેલી અને બીજી મેચમાં ભારતે ૪ વિકેટે જીત મેળવી હતી. આ પહેલા ભારતે ઓક્ટોબર ૨૦૧૧માં ઈંગ્લેન્ડને પાંચ વનડે મેચની સિરીઝમાં ૫-૦થી ક્લીન સ્વીપ પરાજય આપ્યો હતો. ભારતે આપેલા ૩૫૭ રનના ટાર્ગેટ સામે રમવા ઉતરેલી ઈંગ્લેન્ડની આખી ટીમ ૩૪.૨ ઓવરમાં જ ૨૧૪ રનમાં સમેટાઇ ગઈ હતી. બ્રિટન વતી ગસ એટકિન્સન અને ટોમ બેન્ટને સૌથી વધારે ૩૮-૩૮ રન કર્યા હતા. ટીમ ઈન્ડિયા વતી અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, અક્ષર પટેલ અને હાર્દિક પંડયાએ ૨-૨ વિકેટ ઝડપી હતી. વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવને ૧-૧ વિકેટ મળી હતી. બુધવારે શાનદાર સદી ફટકારવા બદલ શુભમન ગિલને પ્લેયર ઓફ ધ મેચ અને સમગ્ર સિરીઝમાં સાતત્યતાપૂર્ણ દેખાવ બદલ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો.

બેટિંગ માટે આસાન જણાતી પિચ ઉપર ભારતે નબળી શરૂઆત કરી હતી અને બીજી વન-ડેમાં સદી નોંધાવનાર સુકાની રોહિત શર્મા (૧) બીજી ઓવરના પ્રથમ બોલે આઉટ થયો હતો. ત્યારબાદ ગિલ અને કોહલીએ ઈનિંગને આગળ વધારીને બીજી વિકેટ માટે ૧૧૬ રનની ભાગીદારી નોંધાવી હતી. સતત બીજી મેચમાં સ્પિનર રાશિદનો શિકાર બનેલા કોહલીએ ફોર્મમાં પરત ફરવાનો સંકેત આપીને ૫૫ બોલમાં ૫૨ રનની ઈનિંગ રમી હતી. તેના આઉટ થયા બાદ ગિલ અને ઐયરે ઈનિંગને આગળ વધારી હતી અને બંનેએ ૧૦૪ રનની ભાગીદારી નોંધાવી હતી. વન-ડેમાં પોતાની સાતમી સદી નોંધાવનાર ગિલે ૧૦૨ બોલમાં ૧૪ બાઉન્ડ્રી તથા ત્રણ સિક્સર વડે ૧૧૨ રનની ઈનિંગ રમી હતી.






## શુભમન ગિલે અમદાવાદમાં વિશેષ રેકોર્ડ નોંધાવ્યો, ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી

અમદાવાદ : ભારતીય ઓપનર શુભમન ગિલે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં વધુ એક વખત ધમાકેદાર ઈનિંગ રમી હતી. ઈંગ્લેન્ડ સામેની ત્રીજી અને અંતિમ વન-ડેમાં તેણે સદી નોંધાવી હતી. ગિલે પોતાની ૫૦મી વન-ડેમાં કારકિર્દીની સાતમી સદી ફટકારવાની સાથે એક યુનિક રેકોર્ડ પણ નોંધાવ્યો હતો. તેણે એક યુનિક રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. કારકિર્દીની ૫૦મી વન-ડેમાં સદી નોંધાવનાર તે પ્રથમ ભારતીય બન્યો છે. ગિલ માટે અમદાવાદની મેદાન હંમેશાં વિશેષ રહ્યું છે. આ ગ્રાઉન્ડમાં તેણે ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી છે. એક જ મેદાનમાં ત્રણેય ફોર્મેટમાં સદી નોંધાવનાર તે વિશ્વનો સાતમો ખેલાડી બની ગયો છે.




## નેશનલ ગેમ્સ ટેનિસમાં ગુજરાતની વૈદેહીએ ગોલ્ડ તથા દેવ જાવિયાએ સિલ્વર જીત્યો

દહેરાદૂન : દહેરાદૂન ખાતે ચાલી રહેલી ૩૮મી નેશનલ ગેમ્સની ટેનિસ ઈવેન્ટમાં ગુજરાતના ખેલાડીઓનો દબદબો જારી રહ્યો છે. મંગળવારે રમાયેલી મેન્સ તથા વિમેન્સ સિંગલ્સમાં ગુજરાતે સફળતા હાંસલ કરી હતી. વૈદહી ચૌધરીએ વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં મહારાષ્ટ્રની વૈષ્ણવી અદેકરને કોઈ પણ મુશ્કેલી વિના ૬-૪, ૬-૪થી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. વૈદેહીએ વિમેન્સ ડબલ્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. મેન્સ સિંગલ્સમાં સર્વિસિસના ઈશાક ઈકબાલ સામે ત્રીજા સેટમાં સંઘર્ષ કર્યા બાદ દેવ જાવિયાનો ૬-૩, ૪-૬, ૬-૭ (૫-૨) થી પરાજય થતાં તેને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડયો હતો.

## કતાર ઓપન : એલેકઝાન્ડ્રાએ સબાલેન્કો સામે વિજય મેળવ્યો

દોહા : અમેરિકાની એમાન્ડા એનિસિમોવાએ કતાર ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં વિશ્વની પાંચમી ક્રમાંકિત ઈલિના સ્વિટોલિનાને હરાવીને મેજર અપસેટ સર્જ્યો હતો. યૂક્રેનની ૧૮ વર્ષીય એમાન્ડાએ પોતાના જ દેશની અન્ય ખેલાડી સ્વિટોલિનાને એક કલાક સુધી રમાયેલી મેચમાં ૬-૩, ૬-૩થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. એમાન્ડાએ ટોપ-૧૦મા સામેલ ખેલાડીઓ સામે ત્રીજો વિજય હાંસલ કર્યો છે. કઝાકિસ્તાનની ઈલેના રિબાકિનાએ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ રોમાનિયાની સોરેના ક્રિસ્ટિયૂને ૩-૬, ૬-૩,૬-૧થી, અમેરિકાની જેનિફર બાર્ટીએ અમેરિકાની અન્ય એક ખેલાડી એલિસન રિસ્કેને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ ૭-૬ (૧૨-૧૦), ૧-૬, ૭-૬ (૭-૩)થી તથા ચેક રિપબ્લિકની બારબોરા સ્ટ્રાઈકોવાએ ક્રોએશિયાની પેટ્રા માર્ટિચને ૪-૬, ૬-૧, ૬-૨થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

વિશ્વની બીજી ક્રમાંકિત બેલારુસની આર્યના સબાલેન્કો પણ અપસેટનો શિકાર બની હતી. રશિયાની એક્ટરિના એલેકઝાન્ડ્રોવાએ સબાલેન્કોને ૩-૬, ૬-૩, ૭-૬ (૭-૫) થી હરાવીને ટૂર્નામેન્ટનો બિગેસ્ટ અપસેટ નોંધાવ્યો હતો. આ મુકાબલો લગભગ અઢી કલાક સુધી રમાયો હતો.

# મેચ ફિક્સિંગ બદલ બાંગ્લાદેશની ક્રિકેટર શોહેલી ઉપર પાંચ વર્ષનો પ્રતિબંધ લદાયો

દુબઈ : બાંગ્લાદેશની શોહેલી અખ્તર આઈસીસી દ્વારા ભ્રષ્ટાચારના આરોપોમાં સસ્પેન્ડ થનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે. તે ૨૦૨૩ના ટી૨૦ વર્લ્ડ કપમાં મેચ ફિક્સ કરવાના પ્રયાસમાં દોષિત સાબિત થઈ છે. ૩૬ વર્ષીય શોહેલી ઉપર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ઓફ સ્પિનર શોહેલી બાંગ્લાદેશ માટે બે વન-ડે અને ૧૩ ટી૨૦ મેચ રમી ચૂકી છે અને સાઉથ આફ્રિકા ખાતેની ટૂર્નામેન્ટ દરમિયાન આઈસીસી એસીયૂની આચારસંહિતાનો ભંગ કરવાના આરોપોને સ્વીકારી લીધા છે. જોકે તે ટૂર્નામેન્ટ વખત બાંગ્લાદેશની ટીમની સભ્ય નહોતી. એસીયૂની ૨૦૨૩ની ૧૪મી ફેબ્રુઆરીની તપાસ વખતે શોહેલી ખેલાડી-એ તરીકે ઓળખવામાં આવી હતી. તે એક મહિલા ક્રિકેટર સાથે ફેસબુક મેસેન્જર ઉપર વાતચીત કરતી હતી. તેણે પોતાની મિત્ર અને સાથી ખેલાડીનો સંપર્ક સાધ્યો હતો. જેમાં તેણે સાથી પ્લેયરને ભવિષ્યમાં બાંગ્લાદેશની મેચોમાં ફિક્સિંગ કરવા માટે રાજી કરી હતી. શોહેલીએ તેની સાથી મિત્રને મેચ ફિક્સ કરવા માટે બે મિલિયન બાંગ્લાદેશી ટકાનું પેમેન્ટ કરશે. શોહેલીએ બુકીને પોતાના પિતરાઈ ભાઈ તરીકે વર્ણવ્યો હતો. તેણે મહિલા ખેલાડીને વધારે રકમ આપવાની પણ ઓફર કરી હતી.



# મિચેલ સ્ટાર્ક પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર, સ્મિથ ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ કરશે

સિડની : સિનિયર ખેલાડી સ્ટિવ સ્મિથના નેતૃત્વ હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાના અનુભવી પેસ બોલર મિચેલ સ્ટાર્ક વિના મેદાનમાં ઉતરશે. સ્ટાર્કે વ્યક્તિગત કારણોસર ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે.

વન-ડે વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને ૧૫ સભ્યની ટીમમાં ઘણા ફેરફાર કરવા પડયા છે. નિયમિત સુકાની પેટ કમિન્સ, ઓલરાઉન્ડર જોસ હેઝલવૂડ તથા મિચેલ માર્શ ઈજાગ્રસ્ત છે. સ્ટોનિસે વન-ડે ફોર્મેટમાંથી અકાળે નિવૃત્તિ લીધી છે.



મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ જણાવ્યું હતું કે સ્ટાર્કની પ્રતિબદ્ધતા અંગે અમને આદર છે. ગાલે ખાતે ગયા સપ્તાહે ટેસ્ટ મેચના અંતિમ તબક્કામાં તેને ઘૂંટણમાં સમસ્યા થઈ હતી. તે વન-ડે શ્રોણીમાં પણ રમી શકે તેમ નથી.

ઓસ્ટ્રેલિયન ટીમ : સ્ટિવ સ્મિથ (સુકાની), સીન એબોટ્ટ, એલેક્સ કેરી, બેન ડવારસૂઈશ, નાથાન ઈલિસ, જેક ફ્રેઝર મેકગર્ક, એરોન હાર્ડી, જોશ ઈંગ્લિસ, સ્પેન્સર જોન્સન, માર્નસ લાબુશેન, ગ્લેન મેક્સવેલ, તનવી સાંઘા, મેથ્યૂ શોર્ટ, એડમ ઝમ્પા. ટ્રાવેલિંગ રિઝર્વ : કૂપર કોનોલી.

# મોદી-સુંદર પિચાઈની મુલાકાત : ભારત સાથે AI પર કામ કરશે

## AIના ભવિષ્ય વિશે ચર્ચા કરી, જે ભારત માટે ફાયદાકારક હશે. ભારતમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લાવી શકીએ છીએ : સુંદર પિચાઇ

**પેરિસ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ફ્રાન્સ પ્રવાસે ગયા હતા. આ દરમિયાન તેમણે ફ્રાન્સના રાષ્ટ્ર પ્રમુખ ઈમેનિલ મેક્રૉન સાથે ભોજન લીધું હતું. વડાપ્રધાન મોદી ફ્રાન્સની રાજધાની પેરિસમાં AI એક્શન સમિટમાં સામેલ થયાં હતાં, જ્યાં તમામ મોટા-મોટા દેશના નેતા પણ હાજર હતાં. મોદીએ ગૂગલના CEO સુંદર પિચાઇ અને સ્કેલ AI ના ફાઉન્ડર એલેક્ઝેંડર વાંગ સાથે મુલાકાત કરી હતી.

ગૂગલ સીઈઓ સુંદર પિચાઈએ AI સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ કહ્યું કે, 'પેરિસમાં AI એક્શન સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને ખુશી થઈ. અમે AI ના ભવિષ્ય પર અને એવી તક વિશે ચર્ચા કરી જે ભારત માટે ફાયદાકારક હશે. અમે મળીને ભારતમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લાવી શકીએ છીએ'. સુંદર પિચાઈ સિવાય સ્કેલ AI ના સંસ્થાપક અને સીઈઓ એલેક્ઝેંડર વાંગએ પણ વડાપ્રધાન મોદીની મુલાકાત બાદ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'પેરિસમાં નરેન્દ્ર મોદી અને ઈમેન્યુઅલ મેક્રોનને મળીને ખૂબ સારૂ લાગ્યું' હતું.



## પરમાણુ ઉર્જા સહિતના મુદ્દે વડાપ્રધાન મોદી અને મૈક્રોં વચ્ચે થઈ વાતચીત



નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસે છે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંએ બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને પ્રોત્સાહનની વાત કરી હતી. બંને નેતાઓએ ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિવિધ વિશ્વમંચો પર સહકારને વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ટ્રમ્પને ઝટકો, અરબ દેશો ગાઝા અંગે પ્લાન સ્વીકારવા તૈયાર નથી

**દુબઈ**

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પ્લેન રજુ કર્યો હતો. જેને લઈને અરબ દુનિયાએ તીખી પ્રતિક્રિયા આપી છે. અરબ લીગના મહાસચિવ અહમદ અબુલ ગેતે દુબઈમાં યોજાયેલી વર્લ્ડ ગવર્મેન્ટ સમિટમાં કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોને ગાઝા અને વેસ્ટ બેંકમાં વિસ્થાપિત કરવા એ અરબ દેશોને અસ્વીકાર્ય છે. અરબ દુનિયા છેલ્લા 100 વર્ષથી આ વિચાર સામે લડતા રહી છે.' આ સિવાય જોર્ડનના કિંગ અબ્દુલ્લા દ્વિતીયએ પણ ટ્રમ્પને સાથે બેઠકમાં જણાવ્યું હતું કે, 'મારો દેશ પેલેસ્ટિનિયનોને વિસ્થાપિત કરવા અંગેના કોઈ પણ પ્રયાસને સ્વીકારશે નહીં. અમે માનવીય આધારે 2000 બિમાર બાળકોને શરણ આપીશું.'

કિંગ અબ્દુલ્લા દ્વિતીયનું આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જયારે ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા પર અમેરિકા નિયંત્રણ મેળવી શકે છે તેવું નિવેદન આપ્યું હતું અને ત્યાં એક પ્રવાસન સ્થળ બનાવવાની વાત કહી હતી. આ વાત પેલેસ્ટિનિયનોને પોતાના જ ઘરમાંથી બહાર કાઢી નાખવા માટેની છે. જે અરબ દેશોને કોઈ પણ સંગોજોમાં સ્વીકાર્ય નથી.

# ટ્રમ્પે ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળ DOGEને સોંપી જવાબદારી, મોટાપાયે છટણીની શંકા

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક અબજપતિ ઈલોન મસ્કની આગેવાનીના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયિન્સી (ડીઓજીઇ) ને વધુ સત્તા આપતા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરી છે. ટ્રમ્પના નવા આદેશ મુજબ બધી જ ફેડરલ એજન્સીઓએ જોબ કટ કરવા અને ભરતી મર્યાદિત કરવાં ડીઓજીઈની સાથે સંકલન કરવું પડશે અને સલાહમસલત કરવી પડશે.



બધી જ ફેડરલ એજન્સીઓને ઓર્ડર કરવામાં આવ્યો છે કે તેઓ તેમના વર્કફોર્સમાં મોટાપાયા પર ઘટાડો કરવાનું આયોજન અને ફક્ત જરુરી હોદ્દાઓ માટે જ ભરતી ડીઓજીઇને કન્સલ્ટન કરીને કરે.

ટ્રમ્પે ડીઓજીઇના કાર્યની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે તે ઈચ્છે છે કે ટેસ્લાના સીઈઓ હજી પણ વધારે કામ કરે. એજન્સી સામે અનેક પ્રકારના કેસો થયા હોવા છતાં અને તે કાયદાની મર્યાદાની અંદર રહીને કામ કરી રહી છે કે નહીં તે સવાલ ઉઠવા છતાં આ જવાબદારી સોંપી છે.

મસ્કે જણાવ્યું હતું કે તમારી પાસે સ્વાયત્ત ફેડરલ બ્યૂરોક્રેસી ન હોવી જોઈએ. તમે લોકો સમક્ષ જવાબદારી વ્યક્તિઓમાના એક છો. તેણે કોઈપણ રીતે ચૂંટાયા ન હોવા છતાં રાષ્ટ્રપતિ દ્વારા અમેરિકન સરકારમાં ખર્ચ કાપની જવાબદારી સોંપવામાં આવી તે ભૂમિકાનો બચાવ કર્યો હતો.

# અમેરિકા બાદ યુકેમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ મુદ્દે મોટી તવાઈ : ભારતીયોને ભારે અસર

**લંડન**

યુકે સરકારે ગેરકાયદે ઈમિગ્રેશન સામે દેશવ્યાપી કાર્યવાહી શરૂ કરી છે જેમાં ભારતીય રેસ્ટોરન્ટ, નેલ બાર, સુવિધા સ્ટોર્સ અને કાર વોશના વ્યવસાયોને લક્ષ્યાંક બનાવવામાં આવ્યા છે. આ પગલુ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સખત ઈમિગ્રેશન નીતિ સમાન છે. ગૃહ મંત્રાલયે ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને દેશનિકાલ કરવામાં આવતા દર્શાવતો એક વીડિયો જારી કર્યો હતો, જેમાં ખુલાસો કરાયો હતો કે ગયા વર્ષે જુલાઈથી આશ્રય શોધનારા અને ઈમિગ્રેશન ગુનેગારો સહિત ૧૯ હજારને કાઢી મૂક્યા હતા.

ગૃહ સચિવ યવેટ કૂપરે અમલીકરણ કાર્યવાહીમાં વધારો કરાયો હોવાની જાણકારી આપી હતી જેમાં ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ ટીમોએ જાન્યુઆરીમાં આગલા વર્ષ કરતા ૪૮ ટકા વધુ ૮૨૮ દરોડા પાડયા હતા.



આગલા વર્ષ કરતા ૭૩ ટકા વધુ ૬૦૯ લોકોની ધરપકડ કરાઈ હતી. ભારતીય રેસ્ટોરન્ટ અને ખોરાક સંબંધિત વ્યવસાયને માઠી અસર પડી હતી જેમાં કામ કરનારા અનેકની ધરપકડ થઈ હતી. કૂપરે જણાવ્યું કે એન્ફોર્સમેન્ટનો ઉદેશ હોટલ માલિકોને ગેરકાયદે સ્થળાંતરીઓને નોકરી આપતા રોકવાનો તેમજ જોખમી ચેનલ ક્રોસિંગ અટકાવવાનો છે.

# જર્મનીમાં કારે બાળકો સહિત 20ને કચડ્યા, ડ્રાઈવરની ધરપકડ કરાઈ

**મ્યુનિક**

જર્મનીના મ્યુનિક શહેરમાં એક શખસે 20થી વધુ લોકોને કાર નીચે કચડી નાખ્યા છે, જેમાં બાળકો પણ સામેલ હોવાના અહેવાલ છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કી અને અમેરિકન ઉપ પ્રમુખ જે.ડી. વેન્સની બેઠક પહેલા બનેલી આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ ઘટના મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સથી માંડ દોઢેક કિલોમીટર દૂર જ બની છે, જેના કારણે મ્યુનિકમાં અનેક ઉચ્ચ અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય પત્રકારો પહોંચી ચૂક્યા છે. પોલીસે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને કહ્યું છે કે, અમે કાર ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે, જેની પૂછપરછ ચાલી રહી છે. આ હુમલાનો આરોપી એક સાઉદી ડૉક્ટર છે. મ્યુનિકમાં અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને યુક્રેનના રાષ્ટ્ર પ્રમુખ ઝેલેન્સ્કી વચ્ચે એક બેઠક થવાની છે. અકસ્માત મુદ્દે યુનિયને કહ્યું કે, અમને આ ઘટના વિશે કોઈ જાણકારી નથી. ઘટના બાદ સુરક્ષા દળોએ તુરંત વિસ્તારનો ઘેરાવ કર્યો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડ્યા છે. હજુ સુધી સ્પષ્ટ નથી કે, આ હુમલો હતો કે દુર્ઘટના. જણાવવામાં આવી રહ્યું છે કે, ઈજાગ્રસ્ત લોકોમાંથી અનેકની સ્થિતિ ગંભીર છે.




લડંન : બ્રિટનની નવી કીર સ્ટારમેર સરકાર નવો ઇનહેરિટન્સ ટેક્સ લાદવાનું આયોજન ધરાવે છે. તે દસ લાખ પાઉન્ડથી વધારે કિંમતના ઉત્પાદનો પર ૨૦ ટકા વેરો લાદવા માંગે છે. ખેડૂતો સરકારની આ નીતિનો વિરોધ કરી રહ્યા છે. આ ટેક્સ એપ્રિલ ૨૦૨૬થી અમલી બનશે. બ્રિટનના ખેડૂતો સેકન્ડો ્રેક્ટર અને ટેન્કની સાથે સેન્ટ્રલ લંડનના પાર્લામેન્ટ સ્કવેર સુધી પહોંચ્યા હતા. મિલિટરી ટેન્કસે પણ ટેન્ક પર અમે ખેડૂતોના સાથે છીએ લખી ખેડૂતના સમર્થનમાં આવ્યા હતા.

# દુનિયાનો સૌથી ઇમાનદાર દેશ ડેનમાર્ક અને સૌથી ભ્રષ્ટ દેશ સુદાન જાહેર થયાં

**વોશિંગ્ટન**

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ(CPI) 2024ના રેન્કિંગ જાહેર કર્યા છે. લિસ્ટ બહાર પાડવા માટે સીપીઆઈ 180 દેશો અને ક્ષેત્રોને જાહેર ક્ષેત્રમાં ભ્રષ્ટાચારના કહેવાતા સ્તરના આધાર પર રેન્કિંગ બહાર પાડે છે. આ ઈન્ડેક્સ અનુસાર ઈમાનદારીમાં પહેલાં સ્થાન પર ડેનમાર્ક જ્યારે સૌથી ભ્રષ્ટ દેશ એટલે કે 180મા ક્રમ પર સુદાન નક્કી થયું છે. ડેનમાર્કે પ્રથમ સ્થાન માટે 90 પોઈન્ટ હાંસલ કર્યા છે જ્યારે સુદાને 180માં સ્થાન પર ફક્ત આઠ પોઈન્ટ પ્રાપ્ત કર્યા હતાં. નોંધનીય છે કે આ યાદીમાં દરેક દેશને 0થી 100ની વચ્ચેના પોઈન્ટ આપવામાં આવે છે.

## પાકિસ્તાન 27 પોઈન્ટ સાથે 135માં ક્રમે અને ભારત 38 પોઈન્ટ સાથે 27માં ક્રમે

રેન્કિંગમાં જોઈએ તો ભારત 38 પોઇન્ટ સાથે 96મા ક્રમ પર છે જ્યારે પાકિસ્તાન ફક્ત 27 પોઇન્ટ સાથે 135મા ક્રમ પર છે. સીપીઆઈના રિપોર્ટ અનુસાર વૈશ્વિક ભ્રષ્ટાચારનું સ્તર ચિંતાજનક રીતે ઘણું ઊંચું છે. રિપોર્ટમાં દુનિયાભરમાં ગંભીર ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. બે તૃતિયાંશ કરતાં વધારે દેશોનો સ્કોર 100માંથી 50 કરતાં પણ ઓછો છે. લગભગ 6.8 અબજ લોકો એવા દેશમાં રહે છે જેમનો સીપીઆઈ સ્કોર 50 કરતાં ઓછો છે અને આ વસતી વિશ્વની કુલ વસતીના 85 ટકાને બરાબર છે.

# અમદાવાદમાં કેનેડાથી જાન આવી, ઢોલ અને શરણાઈના સૂર વચ્ચે વરે ફેરા ફર્યા

**અમદાવાદ**

હવે ગુજરાતમાં સાત સમુંદર પારથી જાન આવી રહી છે. ત્યારે અમદાવાદની દીકરીને પરણવા માટે કેનેડાનો યુવક જાન લઈને આવી પહોંચ્યો હતો. વાજતેગાજતે એવો વરઘોડો નીકળ્યો, કે બધા જોતા રહી ગયા હતા. અમદાવાદના ખોખરા વિસ્તારમાં રહેતા સુનીલભાઈ સોલંકીની દીકરી શ્રદ્ધા સોલંકી વધુ અભ્યાસ માટે કેનેડા ગઈ હતી. તેણે ત્યાં ફિઝીયોથેરાપીનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ દરમિયાન તેનો સંપર્ક જીન નામના કેનેડિયન યુવક સાથે થયો હતો. બંનેનો પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો. ત્યારે બંનેના પ્રેમ માટે પરિવાર પણ રાજી થઈ ગયો હતો.




પરિવારની મંજૂરીથી જીન શ્રદ્ધા સાથે લગ્ન કરવા માટે આવી પહોંચ્યો હતો. ત્યારે કેનેડા જાનૈયાઓ વાજતેગાજતે વરઘોડો લઈને આવી પહોંચ્યા હતા. અમદાવાદના ખોખરા વિસ્તારમાં કેનેડાના યુવકની જાન નીકળી હતી, ત્યારે વિદેશી જાનૈયાઓને અમદાવાદના રસ્તાઓ પર નાચતા જોઈને સૌ કોઈ દંગ રહી ગયા હતા. ખોખરાના શ્યામાપ્રસાદ વસાવડા હોલમાં લગ્ન યોજાયા હતા.

# અદાણી હેલ્થ સિટીનું નિર્માણ થશે સસ્તી અને વર્લ્ડક્લાસ સુવિધા મળશે

અમદાવાદ : અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ અદાણી હેલ્થ સિટી ના નિર્માણની જાહેરાત કરી છે. તેનું કામ અદાણી ગ્રુપની નોન-પ્રોફિટ હેલ્થકેર આર્મ દ્વારા જોવામાં આવશે. ગૌતમ અદાણીની 'સેવા એ સાધના, સેવા એ જ પ્રાર્થના અને સેવા એ ઈશ્વર છે'ની ફિલસૂફીને અનુરૂપ, અદાણી પરિવાર સમગ્ર ભારતમાં સમાજના તમામ વર્ગોના લોકોને સસ્તું અને વિશ્વ કક્ષાની તબીબી સંભાળ અને તબીબી શિક્ષણ પ્રદાન કરશે. પ્રથમ તબક્કામાં અમદાવાદ અને મુંબઈમાં બે અદાણી હેલ્થ સિટી બનાવવામાં આવશે. આ માટે અદાણી ગ્રુપ ૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું દાન આપશે. ગૌતમ અદાણી ભારતભરના શહેરો અને નગરોમાં આવા ઘણા આરોગ્ય શહેરો બનાવવાની યોજના ધરાવે છે.ૌ દરેક છઁઝમાં ૧,૦૦૦ બેડની મલ્ટી-સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૧૫૦ અંડરગ્રેજ્યુએટ્સ, ૮૦ રહેવાસીઓ અને ૪૦ ફેલો, સ્ટેપ-ડાઉન અને ટ્રાન્ઝિશનલ કેર સુવિધાઓ અને અત્યાધુનિક સંશોધન સુવિધાઓ સાથે વાર્ષિક ઈન્ટેક સાથે મેડિકલ કોલેજનો પણ સમાવેશ થશે.છઁઝ મેડિકલ ઈકોસિસ્ટમનો ઉદ્દેશ સમાજના તમામ લોકોની સેવા કરવાનો તેમજ દેશના ડોકટરોની આગામી પેઢીને તાલીમ આપવા, ક્લિનિકલ સંશોધન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સને પ્રોત્સાહન આપવાનો છે. અદાણી ગ્રૂપે આ ઉદ્દેશ્યો હાંસલ કરવામાં મદદ કરવા માટે અમેરિકાના મેયો ક્લિનિક ગ્લોબલ કન્સલ્ટિંગ (મેયો ક્લિનિક) સાથે હાથ મિલાવ્યા છે.

# MLAનો વટ : પુત્રને બેંગકોક જતો રોકવા માટે વિમાનને મરાવ્યો યુ ટર્ન

પરાંડા : મહારાષ્ટ્રના પરાંડા બેઠકથી વિજેતા શિવસેના (શિંદે જૂથ)ના ધારાસભ્ય તાનાજી સાવંત પર પોતાના દીકરા ઋષિરાજને તેના મિત્રો સાથે બેંગકોક જવાથી રોકવા માટે પોલીસ તંત્ર અને કથિત રીતે પોતાની શક્તિના દુરૂપયોગ કર્યાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં સાવંતે દાવો કર્યો હતો કે,તેના પુત્રનું અપહરણ થયું છે. જ્યારે પુણે ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ હરકતમાં આવી અને એરપોર્ટ અધિકારીઓ સાથે સંપર્ક કર્યો, તો જાણવા મળ્યું કે, ઋષિરાજ પોતાના મિત્રો પ્રવીણ ઉપાધ્યાય અને સંદીપ વાસેકર સાથે બેંગકોક જવા ચાર્ટર્ડ પ્લેનથી રવાના થઈ ગયો છે. પુણે પોલીસે તુરંત કાર્યવાહી કરી અને વિમાનને સાંજે 7:30 વાગ્યે ચેન્નઈમાં ઈમરજન્સી લેન્ડિંગની વ્યવસ્થા કરાવી અને તેને પુણે પરત લાવવામાં આવ્યો હતો.

# જામનગરમાં બે જૂથ વચ્ચે અથડામણ થઈ

**જામનગર**

જામનગરમાં ગુરૂવારે સવારે બે(૨) જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં પટણીવાડ વિસ્તારમાં રહેતા બે જૂથો સામસામે આવી ગયા હતા. આ અથડામણમાં એક જૂથે બીજા જૂથના ઘરને આગ ચાંપી દીધી હતી, જેના કારણે ભારે નુકસાન થયું છે.આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આગ ચાંપવાના કારણોની તપાસ હાથ ધરી છે અને આરોપીઓને પકડવા માટે વિશેષ ટીમો બનાવી છે. આ હિંસક અથડામણની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના આધારે પોલીસ તપાસ આગળ વધારી રહી છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાથી ભયનો માહોલ ફેલાઈ ગયો છે.અગાઉ પણ જામનગર શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં લોઠીયામાં યોજાતા પરંપરાગત મેળામાં થયેલી બબાલનો ખાર રાખી બે જૂથ વચ્ચે છરીઓ ઉડતા ચાર શખ્સ ઘાયલ થયા હતા.

જેમને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. બનાવના પગલે હોસ્પિટલમાં લોકોના ટોળા ઉમટી પડયા હતા. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને બંને બાજુથી ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી છે. બનાવના પગલે લોકોના ટોળા હોસ્પિટલમાં ઉમટયા હતા.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
**40% To 50% Down Payment,**
Are Ready To Sign The Offer And
CLOSE the Deal ASAP

78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD

54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, banquet hall, party room, excellent seasonal business from the tour buses. Work for 7 months, make money then **holidays for 5 months, take a break – visit India, USA etc. in winter months**

14 Room Motel + 2 Apartments – Near Sudbury - $1.1M
Indoor corridor – easy to manage in winter months, right on Hwy 17 & snow mibile trail, Renovated Rooms. No competition, endless oportunities to grow for the right buyer.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make over 50K in pocket**

12 Room Motel - $799,000
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, **Easy One Man Operation**
2 Hrs from North Bay

Coming up For Sale – Motels
- 12 Room Motel – Near North Bay
- 35 Room Motel – 8 Hrs North of GTA
- 21 Room Motel – Muskoka Area

Need Working Partner to Run Motels
Wiling to invest min $200,000. Partnership % + Salary to run the motel. **Must be PR or Citizen,** Must know good English & Computer

Motel Jobs Avaiable
Front Desk and Housekeeping
**(must speak good English)**
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

# SHAH FINANCIAL PLANNING INC.

## TAX FREE FIRST HOME SAVING ACCOUNT (FHSA)

The new First Home Savings Account (FHSA) is a registered plan that allows individuals to save up to $40,000 tax-free towards the purchase of a qualifying home. Annual contribution limit of $8,000/year, which can be carried forward.

FHSA contributions are tax-deductible (similar to RRSPs), and withdrawals used to purchase a qualifying home are tax-free (similar to TFSAs), including any investment growth.



CONTACT US TO LEARN MORE

SHAH FINANCIAL PLANNING INC.

Sponsored in part by MACKENZIE Investments

www.ShahFinancial.ca

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Paid in part by Mackenzie Invstesments.

## Happy savings and many tax-free returns.

You may not be fully maximizing the tax-free benefit of your TFSA.

If your TFSA is only invested in GICs or high-interest savings accounts that earn 5% (or even less), you are not saving much tax. A TFSA invested in Dynamic Funds may give you the opportunity to earn higher returns, save more tax and grow your money faster.

The Tax-Free Savings Account (TFSA) contribution limit remains $7,000 for 2025.

If you have never contributed to a TFSA, you can deposit a total of $102,000.

Contact us to make your contributions today.
www.ShahFinancial.ca

SHAH FINANCIAL PLANNING INC.

*Sponsored in part by Dynamic Funds.*

dynamic.ca

Dynamic Funds *Invest with advice.*

Commissions, trailing commissions, management fees and expenses may all be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated. Dynamic Funds® is a registered trademark of The Bank of Nova Scotia, used under license by, and is a division of, 1832 Asset Management L.P.

## Franklin U.S. Rising Dividends Fund

**Consider adding a dividend-focused strategy to your 2025 RRSP by March 3rd!**

**Visit franklintempleton.ca**

FRANKLIN TEMPLETON

SHAH FINANCIAL PLANNING INC.

Paid in part by Franklin Templeton Investments Corp.
Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.

co-sponsored in part by
Sun Life Global Investments



## GATEWAY TO NEW INDIA

Invest in the world's fastest growing major economy with unique access to the entire spectrum of the Indian market, including small and mid-cap equities.

SUN LIFE ADITYA BIRLA INDIA FUND

Sun Life Global Investments is a trade name of SLGI Asset Management Inc., Sun Life Assurance Company of Canada and Sun Life Financial Trust Inc. all of which are members of the Sun Life group of companies.

© SLGI Asset Management Inc. 2025. Sun Life Assurance Company of Canada, and their licensors. All rights reserved.

SHAH FINANCIAL PLANNING INC.

WWW.SHAHFINANCIAL.CA

*Commissions, trailing commissions, management fees and expenses all may be associated with mutual fund investments. Please read the prospectus before investing. Mutual funds are not guaranteed, their values change frequently and past performance may not be repeated.*

**Head Office: 10 Great Gulf Drive, Suite 208, Vaughan, Ontario L4K 0K7**
**Tel: 905-669-5000 | Email: info@shahfinancial.ca | www.ShahFinancial.ca**

| | |
|---|---|
| **HEAD OFFICE** | |
| Hardip (Dipa) Shah | 905-669-5000x105 |
| Ekta Chauhan | 905-669-5000x106 |
| Dipesh Chauhan | 905-669-5000x103 |
| **AJAX** | |
| Medha Pathak | 647-919-9690 |
| **BARRIE** | |
| Mike Puro | 705-795-5053 |
| **BRAMPTON** | |
| Amit Shah | 647-296-2609 |
| Harkirat Khangura | 905-840-3000 |
| Mehul Shah | 647-522-0394 |
| Mukund Sheth | 416-839-9645 |
| Ravinder Singh | 416-303-2828 |
| Viral Mehta | 647-502-2170 |

| | |
|---|---|
| **CALEDON** | |
| Jaswinder Dhillon | 416-278-6869 |
| **ETOBICOKE** | |
| Marianne Pisani | 416-568-6273 |
| Nikhilkumar Shah | 647-868-4675 |
| **KITCHENER** | |
| Chetan Bhatt | 519-572-6245 |
| Sangeet Arora | 519-546-3618 |
| **LONDON** | |
| Kayla Chauhan | 647-915-5295 |
| **MISSISSAUGA** | |
| Farrah Andrabi | 905-403-9665 |
| Kok-Tak Toh (KT) | 905-567-9946 |
| Kwame Yeboah | 416-302-0945 |
| Lata Pandey | 416-822-4137 |

| | |
|---|---|
| Manjit Sandhu | 416-300-7393 |
| Nainesh Shah | 416-720-9249 |
| Nat Venkat | 647-865-7149 |
| Raj Saraf | 416-951-8228 |
| Vikas Saraswat | 416-839-4561 |
| **NEWMARKET** | |
| Robert (Bob) Telford | 905-686-0863 |
| **NORTH YORK** | |
| Devangkumar Shah | 416-846-5837 |
| **PICKERING** | |
| Pramod Chopra | 416-560-6951 |
| **SCARBOROUGH** | |
| Arun Kumar | 647-638-3904 |
| **TORONTO** | |
| Azeem Jadavji | 416-453-5992 |